
# બડેનકી વાણી

## પુષ્પ-૧૫



## શ્રીમદ્ ભાગવત્ સાર

**સ્કંધ ૧૦ જન્મ પ્રકરણ - તામસ પ્રકરણ**

**(ભાગવતાર્થ પ્રકરણ સમ્મત અર્થ સહિત)**

ગ્રંથ - બડેનકી વાણી પુષ્પ ૧૫
પ્રકાશક - શ્રીવલ્લભ આજ્ઞાનુવર્તિની સમિતિ
કાર્યાલય - ૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, ભરૂચ-૩૯૨ ૦૦૧. ટે.નં. (૦૨૬૪૨) ૨૨૯૦૪૮
ન્યોછાવર - નિઃશુલ્ક વિતરણાર્થ
મૂલ્ય - શ્રીવલ્લભના પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાંતોનો હૃદયપૂર્વક સ્વીકાર તથા આચરણ માટે પ્રતિબદ્ધતા
પ્રકાશન - મે ૨૦૧૪
સંકલન - દેવેન્દ્ર શાહ

**પ્રવૃત્તિ તથા ઉદ્દેશ્ય**

સત્સંગ - સ્વમાર્ગીય ગ્રંથ પ્રવચનમાળા તથા ગ્રંથાભ્યાસ - સેવોપયોગી સામગ્રી શિખવાના વર્ગ - કીર્તન શીખવાના વર્ગ - પરીક્ષાકેન્દ્ર - પુસ્તક પ્રકાશન - ગ્રંથાલય (પુસ્તક, સીડી, કેસેટ) - ગ્રંથો મંગાવી આપવા તથા ઓછી કિંમતે આપવા - સ્વમાર્ગીય યાત્રા - રૂબરૂ મુલાકાતથી સમજણ સ્પષ્ટ કરવી.

**આયોજીત પ્રવચનમાળા :**

ગો. શ્રી દ્વારકેશલાલજી (કામવન-સુરત) સિદ્ધાંત મુકતાવલી
ગો. શ્રી રાજેશકુમારજી (અમદાવાદ-કડી) નવરત્ન
ગો. શ્રી શરદકુમારજી (માંડવી-કચ્છ) સિદ્ધાંત રહસ્ય-ભક્તિવર્ધિની શિક્ષાા શ્લોકી
પુ.પ્ર.મ. ભેદ, વિવેકધૈર્યાશ્રય, અંતઃકરણ પ્રબોધ
ગો. શ્રી યોગેશકુમારજી (મુંબઈ-કામવન-ગોકુલ) ચતુશ્લોકી-બાલબોધ
ગો. શ્રી મનોજકુમારજી (મુંબઈ-વસઈ) કૃષ્ણાશ્રય, જલભેદ, પંચપદ્યાનિ
ગો. શ્રી પુરુષોતમજી (જૂનાગઢ) પંચશ્લોકી
નેશનલ શિબિર - પુષ્ટિઅસ્મિતા વિષય પર

**વિશેષ માહિતિ માટે :**

| દેવેન્દ્રભાઈ શાહ | ભરતભાઈ શાહ | અંજુબેન મારફતિયા |
|---|---|---|
| ૯૪૨૮૧ ૭૯૩૦૨ | ૯૪૨૨૮ ૭૯૨૭૩ | (૦૨૯૪૨) ૨૪૧૭૪૯ |

***For Private Circulation Only***

નિયમિત રૂપમાં પ્રકાશિત થતું નથી.
લેખની જવાબદારી લેખકની છે, પ્રકાશકની નહિ.

**પ્રિન્ટેડ બુક**

*Not published on a regular bases*
*Posted under post office guide clause 2.16*

પ્રતિ શ્રી, ____________________

____________________

____________________

____________________


**રવાના : શ્રીવલ્લભઆજ્ઞાનુવર્તિની સમિતિ**

**કાર્યાલય :** ૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે,
ભરૂચ - ૩૯૨ ૦૦૧.
ફોન નં. : ૦૨૬૪૨-૨૨૯૦૪૮

# પ્રસ્તાવના

શ્રીમદ્ ભાગવત પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણનું નામાત્મક **સ્વરૂપ છે તેથી તેની ગરિમા કઈ રીતે સાચવવી તે આપણને સૌને જેમણે સમજાવ્યું તથા શ્રીમદ્ ભાગવતનું સ્વયં પઠન કરવું અને તે પણ શ્રીમહાપ્રભુજી સમ્મત અર્થ પ્રકારે તે પણ જેમણે સમજાવ્યું તેવા ગો.શ્રી શ્યામમનોહરજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ...**

**આપની કૃપાથી શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધ જન્મ પ્રકરણ તથા તામસ પ્રકરણના તત્વાર્થદીપ નિબંધના ભાગવતાર્થ સહિતનો સારાંશ યથામતિ રજૂ કર્યો છે તે સર્વને ઉપયોગી રહેશે. અસ્તુ**

દવ ા ના ભગવત્ મ ણ

# <u>સ્કંધ ૧૦</u>

## નામ - નિરોધ                અંગ - હૃદય

<u>સ્કંધાર્થ</u> : નવમા સ્કંધમાં ૨૪ પ્રકારથી જુદી જુદી ભકિત કહી. હવે દશમા સ્કંધમાં ૮૭ અધ્યાયોથી 'નિરોધ' વિચારેલ છે. પ્રક્ષિપ્ત અધ્યાયો સહિત કુલ ૯૦ અધ્યાય છે.

હવે આ સ્કંધનો અર્થ 'નિરોધ' છે કે મુકિત તે બાબતમાં સંદેહ શ્રીધર તથા બોપદેવને છે, તે સંદેહ પ્રકરણાર્થ તથા અધ્યાયાર્થથી દૂર થઇ શકે છે.

<u>શંકા</u> : સર્ગ વિસર્ગાદિ નવ લીલાઓ કરનાર શ્રીકૃષ્ણ છે. તેવા કૃષ્ણનું નિરૂપણ ૧૦મા સ્કંધમાં છે. તેથી નવ લીલાનું આશ્રયસ્થાન શ્રીકૃષ્ણ હોવાથી આ સ્કંધને 'આશ્રય' ગણવો જોઇએ. જો કે ૨/૧૦/૧માં અનુક્રમ પ્રમાણે તો ઇશાનુકથા પછી નિરોધ છે પણ અનુક્રમને દુર્બલ ગણવો જોઇએ અને અર્થને પ્રધાન ગણવો જોઇએ કેમ કે કોઇ પણ ક્રમથી ભગવાનને ભજીયે તો પણ તે ફલરૂપ જ બને છે.

શ્રીધરનું માનવું છે કે નિરોધ એટલે પ્રલય, પ્રલયનું વર્ણન તો ૧૨ મા સ્કંધમાં છે માટે ૧૨મા સ્કંધને 'નિરોધ' કહેવાય.

<u>સમાધાન</u> : (૧) આશ્રય તો નવ લીલા પર આધાર રાખનારો તમે કહ્યો. ભગવાનમાં બધી લીલા આશ્રય કરીને રહેલ છે. જો દશમ સ્કંધને આશ્રય કહી દઇએ, તો પછી કાંઇ કરવાનું બાકી ન રહે, તો મુકિત અને નિરોધ લીલાની વ્યર્થતા થાય. (૨) અહીં બધાં જ સ્કંધ કાર્ય-કારણ ભાવથી જોડાયેલા છે. તેથી જો તમારી વાત સ્વીકારીએ તો આશ્રય પછી કાર્યકારણની કડી તૂટી જાય. (૩) દશમ સ્કંધમાં ભગવદ્ ચરિત્ર છે માટે તે આશ્રય છે તેમ કહેવું પણ યોગ્ય નથી કેમ કે કૃષ્ણ ચરિત્ર તો અગીયારમાં સ્કંધમાં પણ છે. અને નવમા સ્કંધમાં પણ છે.

હકીકતમાં દશમ સ્કંધમાં ભગવાનનું ચરિત્ર મુખ્ય છે. તેનો ઉદ્દેશ સર્વ ભકતલોકોનો (સ્કંધ - ૯) ભગવાનમાં નિરોધ થાય અને તેમનાથી ભકિત થઇ શકે તે માટે ભગવાનનું સાક્ષાત્ પ્રાકટય છે.

તમારા અર્થનો 'આશ્રય' તો ૧૨ માં સ્કંધમાં છે અને તે અર્થ માટે (પ્રલય) ભગવાનનું પ્રાકટ્ય નથી. બારમા સ્કંધમાં પ્રલય નહિ પણ આશ્રય કહેલો છે.

તમારા મતે ભૂમિનો ભાર તથા તે ભાર કરનાર રાજાઓના નાશ (નિરોધ) માટે પ્રભુનું પ્રાકટ્ય છે, તે ઠીક નથી. જો તેવો અર્થ હોય તો તે આરંભમાં મધ્યમાં અને અંતમાં ત્રાણે સ્થળે હોવો જોઈએ. અહીં દશમ સ્કંધમાં આરંભ અને અંતમાં ભૂભારહરણ નથી તેથી બોપદેવનો મત ઠીક નથી.

તમારો મત માનીયે તો લક્ષણો બેસશે નહિ અને પૃથાની સ્તુતિનો આશય વિરુદ્ધ માં જશે. ૨/૧૦/૬ માં ''શકિતઓના શયન પછી આત્માનું શયન તે નિરોધ.'' આ નિરોધનું લક્ષણ છે. ૧/૮/૨૦ માં કુન્તિ ભગવાનનું પ્રાકટ્ય ભકિતની વૃદ્ધિ અર્થે છે તેમ કહે છે. નવમા સ્કંધમાં ભકિત થયા પછી ભગવાન પ્રપંચમાં ક્રિડા કરી ભકિતના કાર્યરૂપે નિરોધ કરે છે. ભકતોને પ્રપંચનું વિસ્મરણ કરાવીને પોતાનામાં રોકી રાખે છે. (આસકિત કરાવે છે.) આવો અર્થ નિરોધનો થાય, નહિ કે રાજાઓનો વધ. વળી કૃષ્ણમાં સર્વ ઈન્દ્રિયોથી નિરોધ થશે તો ભકતોની ૧૧માં સ્કંધમાં મુકિત થશે, આમ ક્રમ યથાયોગ્ય થશે. આખાય સ્કંધમાં મુકિત કરાવવા માટે ભગવાન ભકતોને પોતામાં આસકત (રોકવું) કરે છે તેમજ જણાય છે. ૧૦/૮૭/૪૭ શ્લોકમાં પણ આખરે એ જ પરિણામ જણાવ્યું છે કે યાદવોને ઉઠતાં-બેસતાં-ઊંઘતાં દરેક ક્રિયામાં ભગવાનમાં જ ભાન રહેતું હતું.

ભગવાને સગુણ ભકતોના ઉદ્ધાર માટે પોતે નર સ્વરૂપને ધારણ કર્યું. અને ભકતોના પ્રપંચનો નાશ કરી પોતાનામાં આસકત કરાવ્યાં. જો કે પહેલા જન્મ પ્રકરણમાં ભગવાનની કીડા સ્પષ્ટ નથી જણાતી તો પણ ત્યાં ભગવાનની શકિતએ કરેલ સહાય ભગવાનની લીલારૂપ જ છે. (૧-૨૦)

<u>હવે પ્રકરણો જણાવે છે તે પાંચ છે.</u>

૧. ભગવાનના જન્મને જણાવનારું

૨. તામસ ભકતોના ઉદ્ધાર થાય તે માટે કરેલી લીલા

૩. રાજસ ભકતોના ઉદ્ધાર થાય તે માટે કરેલી લીલા

૪. સાત્વિક ભકતોના ઉદ્ધાર થાય તે માટે કરેલી લીલા

૫. ભગવાનના સહજ છ ધર્મો છે તે બતાવનારું. આ છ ઐશ્વર્યાદિ ધર્મો અંતર્યામી કે અધિદેવમાં હોય તેવા બીજેથી આવેલા નથી પણ સ્વયંના છે. અધ્યાયોની સંખ્યા અનુક્રમે ૪, ૨૮, ૨૮, ૨૧, ૬ તેમ કુલ ૮૭ છે. (૨૧-૨૪)

જન્મ પ્રરણાર્થ અધ્યાય ૧ થી ૪

જન્મ પ્રકરણના ૪ અધ્યાય છે કેમ કે ભગવાન ચતુર્મૂર્તિ ચારવ્યૂહ સહિત પ્રકટયા છે.

વસુદેવના હૃદયમાં રહેલા વાસુદેવ - વ્યૂહનો અવતાર છે. અવતાર એટલે મૂલ સ્થાનથી ભૂમિ પર આવવું અને નહિ કે પોતાનું તેજ બીજામાં મૂકવું. વાસુદેવ વ્યૂહની શકિતને કારણે જ વસુદેવ દેવકીને કંસ થકી થનાર મૃત્યુને અટકાવી શકયા. આ અધ્યાય-૧ માં બતાવેલ છે. બીજા અધ્યાયમાં સંકર્ષણ વ્યૂહ, ત્રીજામાં પ્રદ્યુમ્ન વ્યૂહ અને ચોથામાં અનિરુદ્ધ વ્યૂહ કે જેને કોઇ અટકાવી ન શકે, તેથી તો ૪/૧૪/૨૪માં વસુદેવ-દેવકીનું બંધન છૂટયું. આ વ્યૂહનું કાર્ય ધર્મરક્ષા માટે છે. આ અધ્યાયમાં ધર્મને ભય થયાનું કહ્યું છે. (૨૫-૨૭)

વસુદેવના હૃદયમાં રહેલ ભગવાન દેવકીથી પ્રકટ થયા તે નિઃશંક છે. પહેલા ત્રણ અધ્યાયથી ભગવાને બીજા સ્વરૂપનો સ્વીકાર કર્યો તે કહ્યું તથા ચોથા અધ્યાયથી નટની ક્રિયાને ગ્રહણ કરી તેમ કહ્યું છે.

## અધ્યાય - ૧

# શ્રીકૃષ્ણના પ્રાકટ્યનું કારણ

૧-૨ : પરિક્ષિતે જિજ્ઞાસા કરી કે ચંદ્ર-સૂર્ય વિશેનાં ચરિત્ર તથા ધર્મનિષ્ઠ યદુનું ચરિત્ર સાંભળ્યું હવે તેના વંશમાં અંશ વડે પધારેલા વિષ્ણુનું ચરિત્ર કહો.

આ ચરિત્ર શા માટે સાંભળવા લાયક છે તે કહે છે - કેમ કે (૧) આ જ વિશ્વાત્માના ચરિત્રથી સંસાર નિવૃત્તિ અને ઇન્દ્રિયોને સુખ થાય છે. વળી આ ભગવાનના આશ્રયે કરીને જ અમારા પિતામહો સંસારને તરી ગયા હતા. વળી તેમના શરણે મારી મા (ઉત્તરા) ગઇ તેથી તો બ્રહ્માસ્ત્રથી મારું રક્ષણ થયું. (૨) સંકર્ષણના ગર્ભ દેવકીમાંથી રોહિણીમાં કઇ રીતે આવી શકયો ? (૩) ભગવદ્ અવતાર તો સત્પુરુષોના રક્ષણ માટે હોય તો તેમણે પિતાનું ઘર છોડી નંદજીને પિતા માની વ્રજવાસ શા માટે કર્યો ? (૪) વ્રજ અને મથુરામાં રહીને કયાં કાર્ય કર્યા ? (૫) મામાને મારવાનું અનુચિત કાર્ય કેમ કર્યું ? (૭) કોના કોના ઉદ્ધાર કર્યા ? (૭) કંસની શું સ્થિતિ થઇ ? (૮) ભગવાન્ દ્વારકામાં સ્ત્રીઓ સહિત કેટલા વર્ષ બિરાજ્યા ? (૯) આ તથા બીજા ચરિત્રો કહો. આ કથામૃતને કારણે મને ભૂખ-તરથી પીડા નથી થતી. (૮-૧૩)

૧૪-૨૬ : ત્યારે શુકદેવજીએ પ્રશ્નોથી પ્રસન્ન થઇને કહ્યું કે, પૃથ્વી દુષ્ટ રાજાઓના દુઃખીત હતી. તેણે બ્રહ્માજી પાસે જઇને પોતાના રક્ષણની પ્રાર્થના કરી. ગાય રૂપધારી પૃથ્વીને લઇને બ્રહ્માજી અન્ય સર્વ દેવો સહિત ક્ષીરસાગરના તીરે આવ્યા.. ત્યાં જઇ સમાધી કરીને પુરુષસૂક્ત વડે ભગવાનનું ઉપસ્થાન (સમાધીમાં ધારણ કરવા) કર્યું. ભગવાને પણ સમાધીમાં જ પ્રત્યુત્તર કર્યો તે દેવોને કહી સંભળાવ્યો અને તે પ્રમાણે વર્તવા આજ્ઞા કરી કે ભગવાનના અવતાર કાલ દરમિયાન તમે યાદવકુળમાં અવતાર ધારણ કરો કે જ્યાં ભગવાનની સેવા માટે તત્પર તેવી અપ્સરાઓ પણ અવતાર લેશે. વળી ભગવાનના છ ગુણોવાળી માયા (સર્વ સમર્થ - યોગમાયા) પણ અવતાર લેશે. આમ પૃથ્વીને આશ્વાસન આપીને બ્રહ્મા પોતાના લોકમાં ગયા. (૧૪-૨૬)

૨૭-૩૬ : હવે દેવકીના દુઃખનું કારણ કહે છે :

જે મથુરામાં ભગવાનનો નિત્ય વાસ છે તે મથુરાપુરીમાં માથુરદેષ તથા સૂરસેન દેશનો રાજા શૂરસેન રાજ્ય કરતો હતો. ત્યાં મથુરામાં વસુદેવ સાથે દેવકી (દેવકની પુત્રી)ના લગ્ન થયા. તેની વિદાયવેળાએ ખૂબ જ કરિયાવર આપ્યું અને ભાઇ કંસ (ઉગ્રસેનનો પુત્ર) જાતે રથ હાંકવા લાગ્યો. ત્યાં રસ્તામાં આકાશવાણી થઇ કે ''હે મૂર્ખ ! તું જેને લઇને ચાલ્યો છે તે દેવકીનો અષ્ટમ ગર્ભ તને મારશે.'' ત્યારે કાલનેમીના આવેશવાળો કંસ દેવકીના વાળ પકડી તેને તલવારથી મારવા તત્પર થયો. સમય જોઇને વસુદેવે કંસને સમજાવવાને માટે અનેક વચનો કહ્યા. (૨૭-૩૬)

આ વચનો (૩૭ થી ૪૬) કહેવા છતાં કંસ અટકયો નહિ. ત્યારે ભેદનો ઉપયોગ કર્યો અને બુદ્ધિપૂર્વક વિચાર કરીને કંસના ઘણા વખાણ કર્યા, પછી કહ્યું કે દેવકી તો તને મારવાની નથી તેથી તેને ન મારો. તેના પુત્રો હું તમોને સોંપી દઇશ. તેથી તેનાથી તમને ભય નહિ રહે. પછી બન્ને પોત-પોતાના ઘરે ગયા. (૪૭-૫૫)

વસુદેવજી પ્રથમ પુત્રને લઇને કંસને આપવા ગયા ત્યારે કંસે કહ્યું કે મારું મૃત્યુ તો આઠમા ગર્ભથી છે, તો આને તમે લઇ જાઓ. જો કે વસુદેવજીને કંસના વચનોમાં વિશ્વાસ ન્હોતો અને બન્યું પણ તેમ જ. દેવોનું ગુપ્તપણે હિત વિચારનાર નારદે કંસને કહ્યું - વ્રજમાં નંદ વ. સ્ત્રીપુરુષો અને યાદવોમાં વસુદેવજી વ. તથા તમારા સગાં-સંબંધિ દેવો છે. તેઓ દૈત્યોને મારવાના વિચારથી અહીં જન્મ્યા છે. ત્યારે કંસે વિચાર્યું કે યાદવો તો મારા શત્રુ દેવો

છે તેથી દેવકીનો ગર્ભ વિષ્ણુ મને મારવા આવશે, વળી તેણે વિચાર્યું કે કોઇ પણ અંકને પ્રથમ જાણીયે તો કોઇ પણ અંક આઠમો થાય, તેવી શંકાથી તેણે બધા બાળકોને મારી નાખ્યા. રાજાઓ પોતાના પ્રાણને ખાતર બીજા ગમે તેને મારતાં ખચકાતા નથી. કંસને ખબર છે કે તે પૂર્વે કાલનેમીને ભગવાને માર્યો હતો તેનો મારામાં પ્રવેશ છે તેથી યાદવોને દેવરૂપ જાણી તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેણે પોતાના પિતા ઉગ્રસેન કે જે યદુ અને ભોજકુળનો પતિ થાય તેને રાજગાદી પરથી હટાવી કેદખાનામાં પૂર્યા અને પોતે બળપૂર્વક રાજ્ય ભોગવવા લાગ્યો. (૪૭-૬૯)

## <u>અધ્યાયાર્થ - ૧</u>

## ભગવાનના પ્રાકટ્યનું કારણ

હરિના જન્મનું કારણ - ત્રણ પ્રકારના ભક્તોનું દુઃખ છે. ત્રણ પ્રકારના એટલે કે સાત્વિક - રાજસ - તામસ.

ભૂમિ, માતા દેવકી તથા બીજા હરિભક્તો વ. કાલથી, કંસથી, અને અજ્ઞાનથી તેમ તેમના દુઃખ પણ ત્રણ પ્રકારનાં છે. આ દુઃખ હરિથી જ અટકાવી શકાય તેમ છે. ભૂમિને કાલથી થતું દુઃખ પ્રભુના સંબંધથી અટકે કંસથી દેવકીને થયેલ દુઃખ દેવકીના મૃત્યુના કારણને અટકાવવાથી અટકે. નારદ વ. ના વચનોથી, અજ્ઞાનને લીધે થયેલ દુઃખ છે. - આ દુઃખ દૂર કરવા ભગવાનનું પ્રાકટ્ય છે. જેમ દુઃખ ભગવાનના અવતાર માટે કારણરૂપ છે તેમ આ અધ્યાયમાં પ્રશ્ન અને ત્રણ પ્રકારનાં દુઃખ મળી ચાર પ્રાથમિક વિષય વર્ણવેલા છે.

<u>વિશેષ</u> : યદુએ પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છતાં તેને ધર્મશીલ કહ્યો છે કેમ કે પિતૃ શબ્દની શક્તિ તો ઈશ્વરમાં છે. પિતાની આજ્ઞા માનીને જો તે પોતાનું યૌવન પિતાને આપીને પોતે વૃદ્ધાવસ્થા સ્વીકારે તો વૃદ્ધાવસ્થામાં પ્રભુસેવા ન બની શકે તો સહજ-દાસ્યત્વરૂપ પોતાનો ધર્મ ન બને, વળી પોતાના આયુષ્યથી માતામાં ભોગ થાય તે પણ અનુચિત છે માટે પિતાની આજ્ઞા ન માની તે 'ધર્મ' થયો. શ્લોકમાં વસુદેવજીને ત્યાં પ્રકટેલ ભગવાનને 'અંશ વડે પધારેલા' કહ્યા તે કૃષ્ણ અંશાવતાર છે તે પ્રકારે નહિ પણ વસુદેવજીના કારાગૃહ સ્થળ પૂરતી ભગવાને માયાને હટાવીને વસુદેવજીને દર્શન આપ્યા તેવો અર્થ સમજવો.

શ્લો. ૪ - આત્મઘાતી, કર્મજડ અને નિંદીત કર્મ કરનારા તથા પશુજીવ (અજ્ઞાની) અને સ્ત્રીજીવ (પરાધીન)ને ભગવાનના ગુણગાનમાં રૂચિ નથી થતી.

શ્લો. ૫ - સાગર જેવડું કૌરવ સૈન્ય ક્ષણમાં ગાયની ખળીના માપનું થઈ ગયું તેને તરવાનું ન હોય, કૂદી જવાનું હોય ! પણ અહીં પાંડવો પણ કીડી જેવડા થઈ ગયા કેમ કે અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડયું ત્યારે સ્વબળથી લડવા તૈયાર થયા, ઉત્તરાની જેમ ભગવાનને શરણે ન ગયા માટે અભિમાનને કારણે તે કીડી જેવડા કહ્યા તેથી ગાયના ખળી જેવડા થઈ ગયેલા સાગરને કૂદી ન શકે અને તરવા માટે હોડી જ જોઈએ કે જેમાં થોડાંક જ બેસી શકે. પાંડવભકતો પણ જૂજ છે માટે હોડી કહી છે.

શ્લો. ૧૭ - શાસ્ત્રના અધિકાર વગરના સ્ત્રી-શૂદ્ર-ધર્મચ્યુત બ્રાહ્મણો વ. ના ઉદ્ધારક શ્રીકૃષ્ણ છે. બીજા શાસ્ત્રો તથા જ્ઞાન કે યોગ નહિ. ભગવાને સ્વયં પધારી ભકતનાં દુઃખ દૂર કર્યા અને પોતામાં નિરોધ કર્યો માટે નિરોધસ્કંધ છે. જો દૂરથી જ અંબરિષની જેમ દુઃખ દૂર કરત તો આ કથા નવમા સ્કંધની ગણાત.

નારદજીએ કંસને કહ્યું કે નંદ વ. દેવો છે તેથી કંસે ગાય-બ્રાહ્મણોને મારવાનો હુકમ કર્યો. કંસને ભયભિત કરી જુલ્મ કરવા આકાશવાણીએ પ્રેરણા કરી. પૃથ્વીના દુઃખનું સાંત્વન વાણીથી થાય છે. જ્યારે દેવકીના દુઃખનો ઉપાય કર્યો છે. વસુદેવના પુત્રોને મારવા વ. દુઃખ પણ ભગવત્ પ્રાકટ્યનો હેતુ છે. આમ આ અધ્યાય ભગવત પ્રાકટ્યના હેતુરૂપ છે.

સાત્વિક કલ્પમાં જળમાં શયન કરનાર વાસુદેવ ભગવાન છે, તેનો અંશ અનંતશેષ કહેવાય છે. તે કાલાત્મા હોવાથી પૃથ્વીનો ભાર ઉતારવા સમર્થ છે. બળભદ્ર ભગવાનનું કાર્ય નહિ પણ આવેશ રૂપથી છે. દેવકીમાં સંકર્ષણ ઉત્પત્તિ છે, વાસુદેવની નહિ. તેથી તો માયા તેને રોહિણીના ગર્ભમાં મૂકી શકી. ભગવાનની માયા સર્વ કરવા સમર્થ છે.

શ્લો. ૨૮ - ભગવાન સર્વત્ર બિરાજે છે તેથી તો આકાશવાણી થઈ અને દેવકી-વસુદેવને દુઃખ પડયું. ધર્મના છ અંગો દેશ કાળ દ્રવ્ય કર્તા મંત્ર કર્મમાંથી ભગવાને સ્વસત્તા ખેંચી લેવાથી કંસ બધે ધર્મહ્રાસ કરી શકયો.

શ્લો. ૩૫ - કંસને 'સખલ' કહ્યો કેમ કે કાલનેમી દૈત્યના આવેશને કારણે તે બેનને મારવા તૈયાર થયો.

શ્લો. ૫૪ - વસુદેવજીએ ''દેવકીથી જન્મેલા પુત્રો સોંપીશ'' તેમ કહ્યું હતું પણ ભગવાન પ્રકટ થશે તો નહિ તેવો અર્થ થાય આમ વસુદેવનું વચન મિથ્યા નથી થયું.

શ્લો. ૬૦ - માં વસુદેવ પહેલા પુત્રને કંસને સોંપવા ગયા ત્યારે ત્યા 'કુમાર' શબ્દ વાપર્યો છે. મતલબ કે તેની આયુ પાંચ વર્ષની થઇ તેથી ત્યાં સુધીમાં પાંચ પુત્રો જન્મી ચૂકયા હતા અને છઠ્ઠો ગર્ભમાં હતો.

## અધ્યાયાર્થ - ૨

# પ્રાકટ્ય માટે ઉદ્યમ

પ્રાકટ્ય માટે ભગવાને કરેલ ઉદ્યમમાં ચાર અંગ છે.

૧. સામગ્રીરૂપ બલભદ્ર (શ્લો. ૫ - ૧૫)
૨. ભગવાનના વિહારમાં સામગ્રીરૂપ માયા (શ્લો. ૬ - ૧૪)
૩. ભગવાનનું સ્વરૂપ વિહારમાં સાધનરૂપ શ્લો. ૧૯
૪. સર્વ દેવોની સમ્મતિના કારણે દેવકીનો ભય દૂર થયો. માટે તેવી સમ્મતિ પણ સામગ્રીરૂપ ૩૩-૩૪

કંસનું જ્ઞાન પણ ભગવાનના સ્વરૂપથી થયેલ હોઇ તેનું અંગ હોવાથી તે (૩)માં જ આવી ગયું.

## અધ્યાય - ૨

૧-૪ : દૈત્યોએ જાત જાતના વેશ લઇને તથા બીજા આસુરાવેશી રાજાઓ યાદવોને પીડવા લાગ્યા તેથી તેઓ બીજા પ્રદેશમાં સ્થાનાન્તર કરી ગયા અને જે ન જઇ શકયા તે કંસના સેવક બનીને રહ્યા. (૧-૪)

૫ : કંસે દેવકીના છ પુત્રોનો નાશ કર્યો પછી ભગવાનના આવેશાવતાર અનંત દેવકીના ગર્ભમાં પધાર્યા ત્યારે આને પણ કંસ મારશે તેમ વિચારી દેવકી દુઃખી થયા અને ગર્ભમાં બાળક પધાર્યા જાણી ખુશી પણ થઇ.

૬-૨૪ : ત્યારે ભગવાને યોગમાયાને આજ્ઞા કરી કે - તું વ્રજમાં જા ત્યાં દેવકીના ઉદરમાં રહેલ ગર્ભ મારું તેજોમય ધામ છે તેને ત્યાંથી ખેંચીને રોહિણીના ગર્ભમાં સ્થાપન કર. અને તું નંદરાણી યશોદાજીને ત્યાં પુત્રી રૂપે થજે. તું વ્રજમાં અનેક નામે દેવીરૂપે પૂજાશે. રોહિણીપુત્ર સંકર્ષણ, બલભદ્ર અને રામ તરીકે ઓળખાશે. યોગમાયાના આ કાર્યથી દેવકીજીને ગર્ભપાત થયો તેમ સૌને લાગ્યું. ભગવાન તે પછી અંશભાવે વસુદેવજીના મનમાં પધાર્યા તેથી વસુદેવજી ઘણા તેજસ્વી થયાં.

વસુદેવજીએ તેને વૈદ્યદીક્ષાથી દેવકીજીમાં સ્થાપન કર્યું અને દેવકીજીએ હૃદયમાં ધર્યું છતાં પણ દેવકીજી ઘણા શોભ્યા નહિ, છતાં પણ પહેલાં કરતાં જુદાં લાગવા લાગ્યા તેમ કંસને પણ લાગ્યું, છતાં ઘણા વિચારને અંતે તેણે દેવકીને મારવાનું ટાળ્યું તેના બદલે તે બાળકના આવવાની પ્રતિક્ષા કરતો તેનું જ ચિંતન કરવા લાગ્યો.

૨૬-૪૨ : ત્યારે કેદખાનામાં નારદજી તથા દેવો સહિત બ્રહ્માજી. વ. પધાર્યા અને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. દેવોએ પણ સ્તુતિ કરી. તે પછી તે સર્વ પોત પોતાના ધામમાં ગયા.

<u>વિશેષ</u> : ભગવાને ભૂતલ પર પધારતાં પહેલાં જે કરવું જોઈએ તે માયાને આજ્ઞા કરી કરાવ્યું તે કૃષ્ણનો ઉદ્યમ. આ મુખ્ય અવતાર ભકતનું દુઃખ મટાડવામાં ક્ષણનો વિલંબ પણ સહી નથી શકતા. વસુદેવજીના મનમાં પ્રભુ પધાર્યા તેથી તે એટલા તેજસ્વી બન્યા કે જાણવા છતાં કંસ તેમનું કંઈ બગાડી ન શકયો. પ્રભુ વસુદેવજીના મનમાં પધાર્યા તે આવેશરૂપે પછી મંત્રથી દેવનું સ્થાપન થાય તે પ્રકારે દેવકીજીમાં સ્થિર થયા. નંદજીને ત્યાં પ્રભુ માયા સહિત પધાર્યા છે. ભગવાનનું પ્રાકટય નંદરાયજી અને વસુદેવજી બન્નેને ત્યાં છે. ગોકુળમાં પ્રભુએ પોતાના વ્યૂહ ગુપ્ત રાખ્યા છે પણ જ્યાં જેવી જરૂર પડી તે કાર્ય વ્યૂહ દ્વારા કરાવ્યા છે. દેવો કાલાત્મા ભગવાનની સ્તુતિ કરે છે કેમ કે તેઓ માટે દૈત્યનાશ ઈષ્ટ છે. દેવોના પંદર દિવસ છે તેથી સ્તુતિ પણ ૧૫ શ્લોકથી છે. સોળમી કલા ભકતપક્ષપાતીથી છે. એક શ્લોકથી બ્રહ્માજીએ દેવકીજીની સ્તુતિ કરી છે. દેવોની સ્તુતિ આ પ્રકારે હિત કરનારી છે જ. લોકકૃત, સ્મૃતિકૃત, વેદકૃત વ. ભગવન્માર્ગ કૃત છે. એ દરેક પ્રમાણ - પ્રમેય - સાધન - ફળ તેવા ચાર થી ૧૬ થાય તે ૧૬ શ્લોકોનો અર્થ છે. દેવો સત્યના પક્ષપાતી છે. માટે તેવી સ્તુતિ કરી છે.

પ્રભુ સત્યવ્રતવાળા છે. તેથી વચન પાળવા પધાર્યા છે. સત્યની ઘણી પ્રસંશા કરી છે. સત્ય ૧૨ પ્રકારનું આ લોકમાં છે. સત્ય તપ દમ શમ દાન ધર્મ પ્રજનન અગ્નિ અગ્નિહોત્ર યજ્ઞ મૌન અને સંન્યાસ આ લોકમાં પ્રમાણ છે. તે પછી સ્માર્ત પ્રમાણ, પ્રમેય, સાધન, ફલ કહે છે. તે પછી તે જ પ્રકારે વેદ માર્ગથી પ્રમાણાદિ કહે છે. વૈદિક માર્ગમાં પણ સર્વ ધર્મના પ્રવર્તક ભગવાન છે. તે દેવોને વૈદિક ક્રિયાઓ દ્વારા પોષણ આપે છે. જે ભગવાન ભૂતલ પર પધારી ધર્મ આચરનારનું રક્ષણ કરે તો જ બને. ભગવાન જ ક્રિયાશક્તિરૂપ છે અને કર્મનું ફળ આપનાર છે.

<u>વિશેષ</u> : અધિકાર ભેદે વેદમાં પ્રવૃત્તિ માર્ગ (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ) અને નિવૃત્તિમાર્ગ (વાનપ્રસ્થાન, સંન્યાસ) છે. પ્રવૃત્તિમાર્ગમાં વેદનો અર્થ જાણીને કર્મ કરવા બ્રહ્મચારી અધિકારી છે અને ગૃહસ્થ કર્મ - અનુષ્ઠાનનો.

નિવૃત્તિમાર્ગમાં સંસારથી નિવૃત્ત થઈને તપશ્ચર્યા કરવી તે વાનપ્રસ્થનો અધિકાર છે. આત્મામાં સ્થિતિ કરવી તે સંન્યાસીનો ધર્મ છે. ભગવાન પોતાના સ્વસત્વથી ધર્મમાં પ્રવૃત્તિ કરાવે છે અને રાજસ-તામસને નિવૃત્ત કરાવે છે. તેથી ધર્મ રક્ષાણાર્થ સત્વાવતારની જરૂરત છે. આશ્રમધર્મો પાળનારા જ સેવાધિકારી બને છે. ભગવાન દેવોને વૈદિક ક્રિયા દ્વારા પોષણ આપે છે. દેવોના કાર્ય કરવા ભગવાન ભૂતલ પર પધારે છે તેથી દેવો સ્તુતિ કરે છે. બ્રહ્મચારી અને ગૃહસ્થને જ્ઞાન ન હોવાથી તેને માટે સત્વમૂર્તિ અપેક્ષિત છે પણ આત્મજ્ઞાની તેવા તપસ્વી અને સંન્યાસીને સ્વરૂપ અપેક્ષા નથી ! તેમ નથી.

<u>શ્લો. ૩૫ - વિશેષ</u> : વૈદિક માર્ગના સાધનોમાં પણ ભગવાન જ સાધન છે. ભગવાનના જ ગુણ-કર્મ અને જન્મ વડે નામરૂપ નથી થયા પણ આપ તો સર્વના સાક્ષી છો. આપની ક્રિયાશક્તિરૂપ ધર્મને બધાં કર્મ કહે છે. આનંદરૂપે આવિર્ભાવને જન્મ કહે છે. જે કર્મમાં નામ અને રૂપ ફળ આપનાર ન હોય તે કર્મના અધ્યક્ષ ભગવાન ન થાય. સગુણ (દેવો) આત્મરૂપ કે ભગવદરૂપ ફળ ન આપી શકે કેમ કે તે પ્રાકૃત છે.

<u>શ્લો. ૩૬ - વિશેષ</u> : નામરૂપ પ્રાકૃત નહિ પણ આનંદમય છે, ફળ સાધક છે. વૈદિક કર્મ સાંગ સિદ્ધ થાય તો મોક્ષ ફળ મળે છે. ક્રિયા અને જ્ઞાન બન્ને રૂપ વિષ્ણુ થાય ત્યારે મોક્ષ મળે છે.

<u>શ્લો. ૪૦ - વિશેષ</u> : દશાવતારના બધા કાર્યો કૃષ્ણે એક અવતારમાં કર્યા કેમ કે તે અવતારી છે. ભકતો ભગવાનને દૈત્યો સાથે લડતા જોઈ શકતા નથી તેથી તો દેવકીજી કહે છે કે ''કંસ જાણશે તો મારવા આવશે.'' બ્રહ્મા વ. માં માહાત્મ્યતાન તથા સ્નેહ બન્ને છે, તેથી તો તે કહે છે કે ''ઉપદ્રવ વગર કાર્ય સિદ્ધ થાય તેમ કરો.'' ભગવાને તેથી તો પોતાનું માહાત્મ્ય છૂપાવ્યું છે. ભગવાનને શત્રુને મારવાની જરૂર નથી પણ તે સ્વલીલાર્થ કરે છે. આમ અવતારો સાથે અવતારીની લીલા બધી સરખાવી છે.

| | | |
|---|---|---|
| જલથી ઉત્પન્ન | - | મત્સ્ય અશ્વ કચ્છપ |
| વનથી ઉત્પન્ન | - | નૃસિંહ-વરાહ હંસ |
| લોકજ ઉત્પન્ન | - | રાજન્ય વિપ્ર વિબુધ<br>રામચંદ્ર પરશુ વામન |
| નિર્ગુણ | - | કૃષ્ણ |

એક એકથી ક્રમથી ચડીયાતા છે.

## અધ્યાય ૩

# શ્રીકૃષ્ણે કરેલ રૂપાંતરનો સ્વીકાર

વિશેષ : આ અધ્યાયનો અર્થ રૂપાંતરનો સ્વીકાર છે. કેમ કે

૧. ભગવાનનો આવિર્ભાવ શ્લોક-૮

૨. વસુદેવજીએ કરેલ સ્વરૂપનું વર્ણન શ્લોક ૪

૩. કરેલ સ્તવન શ્લો. ૧૦

૪. દેવકીજીની સ્તુતિ શ્લો. ૯

૫. સાંત્વન શ્લો. ૧૪

૬. મથુરાથી શ્રી ગોકુલમાં ભગવાનનું આગમન શ્લો. ૮

આ છ અર્થ અહીં કહેવાના છે. કેમ કે ભગવાનના ષડ્ગુણ છે.

(૧) ભગવદ્ ઐશ્વર્ય આઠ પ્રકારનું છે. તેમાં ૮ શ્લોક હરિ પર છે. તેનો અડધો શ્લોક આ ભગવાનનું પ્રાકટ્ય ૮ શ્લોકથી વર્ણવ્યું બીજું દેશ અને કાળ પોતાનું સર્વ સામર્થ્ય પ્રકટેલા પ્રભુને બતાવવા ચાહે છે માટે કાલાદિના ગુણનું વર્ણન છે અધિકારી હોવાથી કાળ સ્વગુણ પ્રકટ ન કરે તો ભગવાન લોકમાં સામાન્ય મનુષ્ય જણાય

૧ થી ૭ : બ્રહ્મા તથા દેવો સ્તુતિ કરીને ગયા પછીનું વાતાવરણ કહે છે, જેમાં આકાશ દિશા, દેશ, જળ, વૃક્ષાદિ, વાયુ, અગ્નિ વ.નું વર્ણન કરેલ છે કે બધું પ્રસન્ન હતું. દેવો અને મુનીઓ પણ પ્રસન્ન હતા. (૮) અર્ધરાત્રીએ દેવકીજીમાં પ્રભુનું પ્રાકટ્ય થયું.

<u>વિશેષ</u> : અષ્ટમીએ અવિદ્યારૂપ અંધકાર દૂર કરી ભગવાન પ્રકટ્યા. જે સર્વધર્મના રક્ષક તરીકે અનિરૂદ્ધ, અજ્ઞાન નિવૃત્તિ કરી મુક્તિ કરી આપનાર સંકર્ષણ, (અક્ષર બ્રહ્મનું સ્વરૂપ), દેવકીજીના વંશરૂપે પ્રદ્યુમ્ન અને નંદરાયજીને ત્યાં વાસુદેવ એમ સર્વરૂપથી પ્રકટ્યા. વિષ્ણુમયી સત્વના આધારે આપ પ્રકટ્યા. જીવના કૃતાર્થાર્થે વેદ બનાવ્યા પણ સ્વરૂપથી ઉદ્ધાર કરવો છે ત્યારે વેદ વિશેષ ઉપયોગી નથી તેથી ભક્તોના દુઃખનું નિમિત્ત કરીને પ્રકટ્યા.

૯-૧૦ : ભગવાનના સ્વરૂપનું વર્ણન ઐશ્વર્યથી કહ્યું. હવે વીર્ય કહે છે. ભગવાન અદ્ભૂત છે કેમ કે આનંદ પ્રકટ્યાનું જાણ્યું નથી. અને તેના દર્શન કરે તો જ અનુભવમાં આવે અન્યથા વાણી વ. થી નહિ. યશ એ પ્રકારે કે તે બાળક છે એટલે કે,

(૧) ગોપ બાળકોને સુખ આપનારા (૨) બ્રહ્મા જેમના બાળક પુત્ર છે. (૩) બળવાળામાં મુખ્ય છે. એ રીતે કે નેત્રો કમળ સમાન છે. હવે ચતુર્ભુજ કહ્યા એટલે બમણી ક્રિયાશક્તિવાળા, ભક્તોને ચાર પુરુષાર્થોનું દાન કરવાવાળા પોતે લૌકિક-અલૌકિક એમ બેવડા પુરુષ છે. ચાર આયુધો ઊંચા-નીચા કરીને ધર્યા છે. તેનાથી જ્ઞાન અને ભક્તિ કહ્યાં. શંખ અને ગદા વ. આયુધથી વૈરાગ્ય કહ્યું. આમ ષડ્ગુણ સંપન્ન ભગવાન પ્રકટ્યા. આ લૌકિક ષડ્ગુણ થયા.

હવે વૈદિક ષડ્ગુણ - <u>(૧) ઐશ્વર્ય</u> - શ્રી વત્સ (હૃદયમાં ચિહ્ન છે.) લક્ષ્મીને રહેવાનું સ્થાન છે કે જે લક્ષ્મી બ્રહ્માનંદ રૂપ છે. સર્વાધારરૂપ ભૃગુનું ચરણનું ચિન્હ ભગવાને રાખ્યું છે. <u>(૨) વીર્ય</u> - કૌસ્તુભ જીવાત્મક છે તે ક્રિયાશક્તિ રૂપ ધડ અને જ્ઞાનશક્તિરૂપ મસ્તકની વચ્ચે કંઠમાં ધારેલો છે. <u>(૩) યશ</u> - પિતાંબર માયા રૂપ છે તે જીવને આવરણ કરનારી છે. <u>(૪) શ્રી</u> - જળ ભરેલા મેઘ જેવા પોતાના સ્વરૂપથી ભક્તાદિના તાપના નાશક છો. <u>(૫) જ્ઞાન</u> - (વેદરૂપ કીરીટ મસ્તક પર છે.) કુંડેલ (સાંખ્ય યોગ)ની કાંતિથી વાળ ચમકે છે. <u>(૬) વૈરાગ્ય</u> - કાંચી અંગદ અને કંકણ વડે શોભે છે. આમ દશ વિશેષણવાળા ભગવાનને વસુદેવજીને જોયા.

<u>વિશેષ</u> : ભગવાનની બે ભૂજા દૈત્યોને મારનારી અને બે ભક્તોનું રક્ષણ કરનારી છે.

વેદોક્તજ્ઞાન કર્મ વિષયક, બ્રહ્મ વિષયક, આત્મવિષયક અને પરમાત્મ વિષયક છે. ભક્તિ પણ સગુણ, નિર્ગુણ, સાધનરૂપ, અને ફળરૂપ છે. જે પ્રકારે ભગવાન આયુધ ધરે છે તે પ્રકારે આપના જુદા જુદા નામ છે તે ૨૪ છે.

કમળની સુગંધથી લોભાઈને ભ્રમર આવે તેમ ભગવાનનું શ્રીમુખ જોવા મુનીઓ આવે છે. ભગવાને વેદરૂપ કીરીટ ધારણ કર્યો છે, સાંખ્ય, યોગરૂપ કુંડલ છે. વેદ બે ભાગવાળો સાંખ્ય, સંન્યાસ અને જ્ઞાનના ભેદથી બે વિભાગવાળો અને યોગ સાધન અને ફળરૂપે બે ભાગવાળો આમ કુલ છ શાસ્ત્ર કહ્યા. તેનાથી મુનીઓ પ્રભુની સુગંધ લે છે. ભગવન્મુખ ભક્તિરૂપ હોવાથી છએ શાસ્ત્રનું તાત્પર્ય ભક્તિમાં છે. ભકતો કુંતલરૂપ (વાળની લટો) છે. કર્મ ત્રિવિધ હોવાથી કાંચી, અંગદ અને કંકણ કહ્યા. તે અનુક્રમે તામસ, રાજસ અને સાત્વિક છે. અવિદ્યાવાળા કર્મમાર્ગીઓ હોવાથી કંદોરાને માયારૂપ પિતાંબર ઉપર બાંધ્યો છે. જેથી ભગવદ્ સ્વરૂપ દર્શન ન થાય. વેદાદિ ચાર શાસ્ત્રના આદિ મધ્ય અંતમાં ભગવાનની જ સ્તુતિ છે. તેથી ૪ × ૩ = ૧૨ થયા. તેથી શ્લોક ૧૨ છે. વસુદેવજીએ ૯ શ્લોકથી સ્તુતિ કરી છે તે વૈદિક છે. કેમ કે અગ્નિહોત્રાદિ ૫ પ્રકાર અને ચર્મમુર્તિ ભગવાન - ૪ તેમ ૯ થયા. દેવકીએ લૌકિક સ્તુતિ ૩ શ્લોકથી કરી છે, ૧ શ્લોકથી વસુદેવજીની પ્રાર્થના ૨ શ્લોકથી દેવકીની પ્રાર્થના છે.

૧૧-૧૨ : વસુદેવજીએ ભગવાનના દર્શન થતાં જ પ્રફૂલ્લીત થઈને દસ હજાર ગાયો આપવાનો સંકલ્પ કર્યો અને પછી સ્તુતિ કરવા લાગ્યા.

૧૩-૨૨ : વસુદેવજીએ ભગવાનની સ્તુતિ કરી.

૨૪-૩૧ : દેવકીજીએ ભગવાનની સ્તુતિ કરી.

૩૨-૪૫ : હવે ભગવાન વસુદેવ-દેવકીનું પહેલાનું સ્વરૂપ કહે છે - તે બન્ને સુતપા પ્રજાપતિ અને પૃશ્નિ તરીકે પ્રથમ કલ્પમાં થયેલા. બ્રહ્માએ તો તેમને પ્રજાની સૃષ્ટિ કરવા મોકલ્યા પણ તમે દેવોના ૧૨૦૦૦ વર્ષ સુધી ખૂબ જ કલીષ્ટ તેવું તપ કરતાં મારું આરાધન કર્યું ત્યારે હું પ્રકટ થઈ તમને વર આપવા તત્પર થયો ત્યારે તમે 'તમારા જેવો પુત્ર થાય' તેમ માંગ્યું પણ મોહના કારણે મોક્ષ ન માંગ્યો. તે પછી તમે સાંસારિક ભોગ ભોગવવા લાગ્યા. મારા સમાન તો બીજું કોઈ છે નહિ તેથી હું તમારો 'પૃશ્નિગર્ભ' નામે પુત્ર થયો. બીજા જન્મમાં તમે કશ્યપ અને અદિતિ થયા ત્યારે તમારે ત્યાં હું 'વામન' રૂપે પ્રકટ્યો. હવે વસુદેવ-દેવકીને ત્યાં વચન સત્ય કરવા પ્રકટ્યો છું. મારા સ્વરૂપનું જ્ઞાન કરાવવા તમને આ પૂર્વ ઈતિહાસ કહ્યો. તમે મારામાં પુત્રભાવ અને બ્રહ્મભાવ રાખી ચિંતન કરશો તો મારામાં સ્નેહ થશે, પછી તમારી ઉત્તમ ગતિ થશે.

વિશેષ : વસુદેવ દેવકીને પ્રભુ પ્રાકટ્ય પહેલાં દુઃખ થયું કેમ કે પ્રથમ તો તેમણે કામનાથી ભગવાનનું આરાધન કર્યું. ભગવાનનું આરાધન વૃથા ન જાય માટે ભગવાને દર્શન આપ્યા. તેમણે પુત્ર તો માંગ્યો પણ ભગવત્ પ્રાકટ્યનો વર ન માંગ્યો. તેમાં ભગવાન સમાન કોઈ ન જણાયો તેથી ભગવાને પધારવું પડયું, ભગવાને વરદાન આપ્યું પછી પણ ગ્રામ્યભોગ ભોગવ્યા. તેથી તેમને કંસ દ્વારા કલેશ થયો. ભગવત્ સાદશ પુત્રનો આગ્રહ રાખ્યો તેથી દેવકીના છ પુત્રોનો નાશ થયો.

જો કે આ તો મર્યાદા રક્ષણાર્થ કહ્યું પણ લીલાર્થ વિચારીએ તો દેવકીને ભગવાનનો ૧૧ વર્ષ વિયોગ થયો તેમાં ભગવાનની સતત આર્તી થતી રહી. ૧૧ ઇન્દ્રિયોની વૃત્તિ પ્રભુમાં લાગી તેથી ભગવાન ૧૧ વર્ષે મળ્યા. વસુદેવને ભગવાને કહ્યું કે તમે મને પુત્રભાવે - બ્રહ્મભાવે ભજશો તેથી જ કંસને માર્યા પછી જ્યારે ભગવાન મળ્યા ત્યારે પુત્રભાવ હોવા છતાં ભેટીને ન મળી શકયા કેમ કે તે વખતે લૌકિકભાવ કરતાં અલૌકિક ભાવ વિશેષ હતો.

૪૬ : તે પછી ભગવાન આત્મમાયા વડે માતા-પિતાના દેખતાં સામાન્ય બાળક બની ગયા.

વિશેષ : આ અધ્યાયાર્થ પ્રમાણે ભગવાને આત્મમાયા વડે બીજારૂપને સ્વીકાર્યું તેમાં રૂપ તથા જ્ઞાન બન્ને પ્રાકૃત સ્વીકાર્યું પણ જ્યારે જરૂર પડી ત્યારે તેનો ત્યાગ કર્યો. આ પ્રકાર તો નટ કરતાં પણ વિશેષ છે. આપની આત્મમાયા પણ ભકતને સ્વસ્વરૂપ ભૂલાવીને ભગવાનમાં લીન કરી દે છે તેથી તેને માયા કહેવાય છે. વસુદેવનાં ચક્ષુમાં સામર્થ્ય ન્હોતું કે ભગવાનનાં દર્શન થાય પણ ભગવાનની કૃપાથી દર્શન થયા.

૪૭ : વસુદેવજી ભગવાનને ગોકુળ પધરાવી જવા માટે સુતિકાગૃહમાંથી નીકળ્યા તે જ વખતે નંદરાયજીનાં પત્ની યશોદાજીમાં યોગમાયા પ્રકટી, જે ભગવાનની શકિત હોવાથી જન્મરહિત હતી.

વિશેષ : યોગમાયાનું પ્રાકટ્ય્ ભગવાનના પ્રાકટ્યથી એક મુહૂર્ત પછી થયું. ત્યારે રોહિણી નક્ષત્ર અષ્ટમીના અંતમાં પ્રવેશ્યું અને પછી તે નવમીમાં રહ્યું. તેથી નંદરાયજીને ત્યાં નવમીનો ઉત્સવ મનાવાયો. પણ પ્રાકટ્ય અષ્ટમીમાં ગણાય.

૪૮ થી ૫૩ : યોગમાયા પ્રભાવને કારણે તેમના બંધનો છૂટી ગયા. ઝરમર વરસાદ વરસતો હતો. શેષનાગે છાયા કરી હતી. યમુના ભરપૂર વહી રહ્યા હતાં, યમુનાજીએ વસુદેવજીને જવા માર્ગ કરી દીધો. તે ગોકુળ પહોંચ્યા ત્યારે બધાં

જ ઊંઘતા હતા ત્યારે વસુદેવે પોતાના બાળકને ત્યાં પધરાવી દઈને યશોદાજીની કન્યાને લઈ પાછા મથુરા આવ્યા ત્યારે હતા તેમ બંધનની સ્થિતિમાં આવી ગયા. આ બાજુ નંદરાણીને નિંદ્રા આવવાના કારણે પુત્ર થયો કે પુત્રી તે નિર્ણય કરી શકયા નહિ.

## અધ્યાયાર્થ - ૩

બીજા સ્વરૂપના સ્વીકારના પણ ૪ વિભાગ છે. પહેલા સ્વરૂપને જાણતા હોઈએ તો જ બીજા સ્વીકારેલા સ્વરૂપનું ભાન થાય.

૧. તેથી મધરાતના કાલનું વર્ણન કરી મૂલ સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું છે. (શ્લો. ૧ થી ૧૨)

૨. વસુદેવની સ્તુતિથી તેમનો સ્વીકાર છે કે ભગવાન બીજું સ્વરૂપ ગ્રહણ કરી શકે છે. (શ્લો. ૧૩ થી ૨૨)

૩. દેવકીજીની સ્તુતિથી સમજાય છે. (શ્લો. ૨૩ થી ૩૦)

૪. ભગવાનનાં વચનો તથા ગોકુલ પ્રયાણથી ભગવાન બીજું રૂપ ધરે છે. મૂલ રૂપે જ આ રૂપ ધારણ કર્યું છે. (૩૧-૪૩)

## અધ્યાય - ૪

# માયાનું કાર્ય, ધર્મનો નાશ, ભકતને દુઃખ

વિશેષ : માયાનું કાર્ય ભકતને દુઃખ દેવાનું છે, તેને નિમિત્ત કરીને ભગવાન રક્ષા કરશે. માયા-પુત્રીના રૂદનથી કંસને જાણ થઈ ગઈ તેથી તે ખુશ થયો અને વસુદેવાદિને દુઃખ થયું. માયાએ કંસને કહ્યું કે "તારો શત્રુ પ્રકટ થઈ ચૂકયો છે." તે પછી કંસે ગાય, બ્રાહ્મણ, બાળક વ. ને મારવાની આજ્ઞા કરી. ધર્મને પીડા ન કરે તો ચોથા અધ્યાયમાં અનિરુદ્ધનું ધર્મ રક્ષાર્થ પ્રાકટ્ય કઈ રીતે થાય ? અગાઉના તામસ રાજ્યમાં રહેલ તામસ બ્રાહ્મણ-ગાય-બાળકોનો પણ નાશ થાય તો જ સાત્વિક ધર્મ પછી થાય. કંસ વસુદેવને નિત્ય-અનિત્ય વિવેકનો ઉપદેશ કરે છે તે પણ ભગવાનની કૃપાથી જ.

ઐશ્વર્ય - ભગવાનનું છે તે ભૂલાય તો શોક થાય કેમ કે કર્તા-કારવતા ભગવાન છે. તે ભૂલાઈ જાય છે.

ભગવદ્ વીર્યરૂપ કાળને જાણે તો હર્ષ પણ ન થાય.

ભગવદ્ યશને જાણે તો જીવને લોભ ન થાય, સ્ત્રી માટે દ્વેષ ન થાય.

ભગવદ્ જ્ઞાનને જાણે તો મોહ ન થાય.
ભગવદ્ વૈરાગ્યને જાણે તો મદ ન થાય.

સર્વ સામર્થ્યપણું, કાળરૂપતા, અભયતા, નિર્લોભપણું, નિર્મોહતા, મંદરહિતતા, પણ ભગવાનનાં છે. અને જીવ કરણરૂપ છે. ભગવાન કરણમાં પ્રવેશીને કાર્ય કરે છે. આ અભેદ બુદ્ધિ છે. તેથી તો વસુદેવજીના કહેવાનું તાત્પર્ય છે કે મારા પુત્રોને તો ભગવાને માર્યા તે જ રીતે તને પણ ભગવાન જ મારશે.

૧ થી ૧૧ : માયાના કાર્યથી દરવાજા વ. બંધ થઈ ગયાં અને વસુદેવજીને બંધન થઈ ગયા. જાગેલા રક્ષકોએ કંસને દેવકીને પ્રસવના સમાચાર આપ્યા. પોતાનો કાળ જન્મ્યો, વિચારી કંસ ઉતાવળે આવ્યો. શ્લો. ૪ થી ૭માં દેવકીએ બાળ કીને બચાવવા કંસને વિનંતી ઘણી કરી પણ કંસે તો તેને મારવા શિલા પર પછાડી પણ તે વિષ્ણુની બેન તો અષ્ટ ભુજામાં આયુધ સહિત આકાશમાં દેખાઈ ત્યારે દેવલોકો તેની સ્તુતિ કરવા લાગ્યા.

૧૨ થી ૨૫ : દેવીએ કંસને કહ્યું, ''પૂર્વજન્મનો તારો શત્રુ તને મારવાને ક્યાંક જન્મી ચૂક્યો છે. માટે વ્યર્થ નિર્દોષ બાળકોને મારવાનું બંધ કર'' એમ કહી તે દેવી અંતર્ધાન થઈ, જે જગમાં અનેક નામે પ્રસિદ્ધ થઈ.

આ સાંભળીને કંસે વસુદેવ-દેવકીને બંધનમાંથી છોડીને પોતાના પ્રતિ તિરસ્કાર પ્રકટ કરતાં બન્નેને અનેક પ્રકારે વિનયથી વિવેકના-ધર્મનાં વચનો કહેવા લાગ્યો અને અનેક પ્રકારે સાંત્વન આપીને પોતે દુઃખ પ્રકટ કર્યું તથા સ્નેહ દેખાડવા લાગ્યો. ભાઈને પશ્ચાતાપ કરતો જોઈ દેવકીએ રોષ છોડી દીધો.

૨૭-૨૭ : ત્યારે વસુદેવજીએ કંસને કહ્યું કે ભેદ દૃષ્ટિના કારણે જ અહંકાર થાય છે અને તેના કારણે જ શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ, મદ્‌થી મનુષ્ય અંધ બની જાય છે. ભગવાન જ બધાંનો પ્રેરક છે.

૨૮ થી ૩૦ : પછી કંસે બીજા દિવસે દેવના શત્રુ તેવા પોતાના મંત્રીઓને યોગમાયાવાળી વાત કરી. ત્યારે મંત્રીઓએ દસ દિવસના બાળકોને મારી નાખવાનો હુકમ મેળવ્યો પણ કંસને બચાવવાનો ઉપાય ન વિચાર્યો કેમ કે તે બધા તામસ છે. બધાં બાળકો મરશે તેમાં પોતાનાં પણ મરશે તે વિચાર ન આવ્યો. વળી વિચાર્યું કે દેવો, શિવ, ઈન્દ્ર, બ્રહ્મા, વ. કંઈ કરી શકે તેમ નથી. વળી દેવતાના મૂળ તેવા વિષ્ણુ તો બ્રાહ્મણો, ગાયો, વેદ, તપ હોય ત્યાં રહે છે તેથી આ બધાંને મારવાનો વિચાર કર્યો. તેનું મૃત્યુ નજીક આવવાથી જ તેને આવી બુદ્ધિ સુઝી.

## અધ્યાયાર્થ - ૪

નટની ચેષ્ટાના પણ ચાર વિભાગ છે. (૧) દેવકીએ કન્યાને બચાવવા કરેલી (૨) માયાએ (૩) વસુદેવને કંસે છૂટા કર્યા છતાં કૃષ્ણને બીજે પધરાવી દીધા છે તેમ જાણી ન જાય માટે તે મથુરામાં જ રહ્યા. (૪) કંસે તો વસુદેવ-દેવકીની ક્ષમા માંગી હતી તેથી તેને મરાય નહિ. તેને મારવા માટે જ તેની પાસે બ્રહ્મહત્યા વ. ભગવાને કરાવ્યાં તે ભગવાનની નટચેષ્ટા (૩૭-૩૮) કંસ પાસે બ્રહ્મહત્યા કરાવ્યા પછી નટની ચેષ્ટાની જરૂર ન્હોતી તેથી તે બંધ કરી. નટની પેઠે ભગવાન બાળક થયા તેમ કહ્યું.

## પ્રકરણાર્થ - ૨

# તામસ ભકતોનો નિરોધ (અ. ૫-૩૨)

પ્રમાણ - પ્રમેય - સાધન - ફળ વ. માં સાત પ્રકારે જુદી જુદી લીલા ભગવાને પુરુષોત્તમ સ્વરૂપથી, તામસ ભકતોનો ઉદ્ધાર કરવા કરી, તે આ ૨૮ અધ્યાયમાં કહેવાશે. તેના પેટા પ્રકરણ તામસ (પ્રમાણ + પ્રમેય + સાધન + ફળ). અહીં ભગવાન વિષયક અજ્ઞાન કે અન્યથા જ્ઞાન પણ ભક્તિ ઉત્પન્ન થાય તે માટે ભગવાને કરેલા હોવાથી તે પણ પ્રમાણ છે. અહીં પુરુષોની આસક્તિ કહેલી છે. તામસ પ્રમેય પેટા પ્રકરણમાં સ્ત્રીઓની ભગવાનમાં આસક્તિ કહી છે. સાધન પેટા પ્રકરણમાં ભગવાન સર્વ ભકતોનું સાધન થાય છે અને તામસ ફળ પેટા પ્રકરણમાં સ્ત્રીઓને ઉત્તમ ફળ પ્રાપ્ત થયાનું કહેલ છે. ફલ મુખ્યત્વે સ્ત્રીઓને પ્રાપ્ત થાય છે. (૪૦-૪૪)

શ્રીકૃષ્ણ બીજા સ્થળે પધારેલ હોવા છતાં બધાંઓ ઉત્સવ કરે છે તેથી આ પહેલા (પાંચમા) અધ્યાયમાં 'ઐશ્વર્ય' ગુણ કહ્યો છે. છઠ્ઠા અધ્યાયમાં ભગવાને પૂતનાને મારી તે વીર્યગુણ છે. સાતમા અધ્યાયમાં ભગવાન શકટાસુર, તૃણાવર્તને મારે છે તથા યશોદાજીને મુખમાં વિશ્વદર્શન કરાવે છે તે યશ ગુણ છે.

શકટ વજનદાર હોવાથી તામસ હતું. તૃણાવર્ત ચપળ હોવાથી રાજસ હતો. યશોદાએ લાડ લડાવ્યા તથા ભગવાનના મુખમાં વિશ્વ જોઈ વિસ્મય પામ્યા, ભગવાને તેમને મોહ કરાવ્યો. આ બધું જ યશોદાને જ્ઞાન ઉત્પન્ન કરાવવા કરેલ તેથી સાત્વિક છે.

૮ મા અધ્યાયમાં 'શ્રી'નું નિરૂપણ છે કેમ કે ભગવાનનું નામ કરણ-સંસ્કારરૂપ લીલાના નામોથી ભકતોના દુઃખ દૂર થાય છે. અને ભાંખડીયે

ચાલવાથી દૈત્યોનું દમન-સંહાર થવાથી પણ ભક્તના દુઃખ દૂર થાય છે.

૯ મા અધ્યાયમાં 'જ્ઞાન' કહ્યું છે. ભગવાનને દોરડાથી બાંધી ન શકાયા પણ કૃપાવશ પોતાની મેળે બંધાયા. અહીં ભગવાનના દયાળુપણાનું જ્ઞાન થાય છે. ૧૦મા અધ્યાયમાં 'યમલાર્જુન વૃક્ષોની મુક્તિ તે 'વૈરાગ્ય' બતાવે છે. ૧૧ મા અધ્યાયમાં ધર્મી ભગવાનનું નિરૂપણ સુબોધિનીની કારિકા (૩-૪)માં જોવી. (૪૫-૪૮)

કેટલાક માને છે કે અગમ્ય ભગવાનને ભક્તો જાણી શકે છે તેવી તેમની બુદ્ધિ આ પ્રકરણમાં થતી હોવાથી આ પ્રમાણ પ્રકરણ છે. પણ આ મહાપ્રભુજીને માન્ય નથી. પણ જે ખોટું ન હોય કે ખોટું થઈ શકે તેવું ન હોય તેવા જ્ઞાનને મહાપ્રભુજી પ્રમાણ કહે છે. તેવા જ્ઞાનવાળા, તેવા જ્ઞાનનો વિષય તથા જે સાધનથી જ્ઞાન થાય તે સર્વ પ્રમાણ અ.૭ માં બાળકો અને સ્ત્રી આવું જ્ઞાન પ્રાપ્ત કરનારા હોવાથી બધાં મળીને આ પેટા પ્રકરણમાં ૮ પ્રમાણ થયા.

અ. ૫ મા વસુદેવને પ્રમાણ કહ્યા કેમ કે નંદના બોલવા ઉપરથી તેમણે જાણ્યું કે પોતે બાળકને પધરાવવા ગોકુળ જઈ આવેલ તે નંદને ખબર નથી અને નંદ કૃષ્ણને પોતાનો જ પુત્ર જાણે છે. (શ્લો. ૨૭ થી ૩૦)

અ. ૬ માં નંદ ભગવાનને પોતાનો પુત્ર જાણે છે. તેથી પ્રમાણ છે.

અ. ૭ માં બાળકને જ્ઞાન છે કે કૃષ્ણે જ ગાડાને તોડી નાખ્યું છે.

અ. ૭ માં બીજાં બધાંને ખબર નથી પણ સ્ત્રીઓને ખબર છે કે તૃણાવર્તનો નાશ શી રીતે થયો ?

અ. ૮ માં ગર્ગને ખબર છે કે કૃષ્ણ સંબંધી નંદને અજ્ઞાન તથા અન્યથા જ્ઞાન છે.

અ. ૯ માં યશોદા પણ કૃષ્ણને પોતાનો પુત્ર જાણે છે.

અ. ૧૦ માં યમલાર્જુન વૃક્ષ રૂપ નલકુબેર - મણિગ્રીવે જ્યારે ખાંડણીયાથી બંધાયેલા કૃષ્ણની જવા માટે રજા માંગી ત્યારે પણ તે તેમને નંદના પુત્ર જ જાણે છે.

અ. ૧૧ માં ઉપનંદ પણ શ્રીકૃષ્ણને લૌકિક બાળક જ જાણે છે.

ભગવાન સંબંધિ અજ્ઞાન અને અન્યથાજ્ઞાન પણ ભક્તિ કરાવનારા હોવાથી પ્રમાણ છે.

## અધ્યાયાર્થ - ૫

શ્રીકૃષ્ણ પધારતાં નન્દે મોટો ઉત્સવ કર્યો. નેસડામાં રહેનારા અજ્ઞાની અને આચાર વિનાના હોય છે, છતાં શ્રી કૃષ્ણ પધારતાં તેમણે મોટો ઉત્સવ કર્યો તેથી નેસડામાં દોષ હોવાની ભ્રાન્તિ ભગવાને દૂર કરી અથવા ભગવાનના ત્યાં રહેવાથી વસવાથી દેશના દોષ રહ્યા ન હતા.

## અધ્યાય - ૫

# નન્દરાયજીએ શ્રીકૃષ્ણ પ્રાકટ્ય નિમિત્ત ઉત્સવ કર્યો.

વિશેષ : હવે ત્રણ ગુણો અને છ ધર્મ રૂપ લીલા કહેવાય છે. ભગવાનની આ પ્રકારની લીલા પણ જીવતા ઉદ્ધારાર્થે જ છે. ભગવાન તત્વનો અતીક્રમ કરે ત્યારે સાત્વિક ભકતોનો નિરોધ થાય. તામસાદિ ભાવમાં ભગવાન પ્રવેશ કરે તો જ સ્વભાવ નિવૃત્ત થાય, અન્ય પ્રકારે નહિ. તામસ જીવોમાં લૌકિક મુખ્ય છે, કામથી ઉત્પન્ન થાય તેમાં જ એમની પ્રીતિ થાય છે, તેથી પ્રથમ તામસ પ્રકરણનું નિરૂપણ છે. બાળલીલા, મધ્યલીલા, પ્રૌઢલીલા અને કામલીલા લોકોમાં સુખ આપનારી છે. તેથી આવી લીલાને માધ્યમ બનાવીને ભગવાને ભકતોને પ્રપંચ ભૂલાવીને પોતામાં આસકત કર્યા.

અ. ૫ માં કૃષ્ણ પ્રાકટ્યનો ઉત્સવ ઉજવવા માટે નંદજી રોજાનો કર ભરવાનું આવશ્યક કર્તવ્ય પણ છોડી દે છે. ઉત્સવમાં આનંદ રહે માટે એ વસુદેવજીને મળ્યા પછી પણ તેવું જ્ઞાન થયું નથી કે આ વસુદેવજીનો પુત્ર છે.

૧ થી ૧૭ : નંદરાયજીએ પુત્રનું જાતકર્મ કરાવ્યું તથા દાન કર્યા. દાનથી દ્રવ્ય શુદ્ધિ થાય છે. આ શ્લોકોમાં શુદ્ધિના પ્રકાર બતાવ્યા તથા વિદ્યાવંતોનો સત્કાર કર્યો. સર્વત્ર આનંદના કારણે મંગલકારક પ્રવૃત્તિમાં જોડાયા. ગાયો-ગોપ-ગોપી સર્વે શૃંગાર ધારણ કરી અને ભેટ લઈને ભગવત્ સન્મુખ આવ્યા. ત્યાં આવી બાળકને આશીષ આપી અને પરસ્પર કુમકુમ છાંટ્યા. નંદરાયજીએ સર્વને ભેટ આપી. નંદરાયજીને ત્યાં ભગવાન પધાર્યા ત્યારથી આખું વ્રજ સર્વ સમૃદ્ધિવાળું થયું કેમ કે ત્યાં ભગવાનનો વિલાસ થયો. લક્ષ્મીજી પણ ત્યાં આવીને વસ્યા.

૧૮ થી ૨૮ : તે પછી ગોકુળનું રક્ષણ ગોપોને સોંપીને નંદરાયજી મથુરા રાજાનો કર ભરવા ગયા ત્યારે વસુદેવજી તેમને મળવા પધાર્યા. ત્યારે બન્ને પ્રેમથી મળ્યા. વસુદેવજી તેમને મળવા પધાર્યા ત્યારે બન્ને પ્રેમથી મળ્યા. વસુદેવજીએ તેમને ત્યાં પુત્ર જન્મની વધાઈ કરી તથા ગોકુળના કુશળ સમાચાર પૂછયા. રોહિણી અને બલરામના ખબર પૂછયા. ત્રિવર્ગની (ધર્મ, અર્થ, કામ) સિદ્ધિ માટે સુહૃદોની સહાયતા જરૂરી છે, તેમ કહ્યું.

૨૯ થી ૩૨ : નંદરાયજીએ પણ કંસે વસુદેવના પુત્રોને મારી નાખ્યા તેથી સાંત્વન આપ્યું કે સુખ દુઃખ તો ભાગ્યને આધીન છે. તે પછી વસુદેવે કહ્યું કે ગોકુળમાં ઉત્પાત થાય છે. તેથી તમારે પાછા જવું જોઈએ. તે પછી નંદરાયજી ગોપો સહિત ગોકુળ જવા નિકળ્યા. શ્રી આચાર્યજી કહે છે - તામસના પ્રભુ ભગવાન જ્ઞાન વડે ગોકુળના ઈશ્વર થયા અને કર્મ વડે ગોપ-ગોપી અને ગાયોનું હિત કરનાર થયા. તેને હું નમું છું.

## અધ્યાયાર્થ - ૬-૭

ભગવાનના માર્ગમાં વિઘ્ન ઘણા થાય છે અને તેનો નાશ પણ શ્રીકૃષ્ણ જ કરે છે. અ. ૭માં કહે છે કે શ્રીકૃષ્ણ જ સર્વ અર્થ પ્રાપ્ત કરાવનારા છે.

## અધ્યાય - ૬

# શ્રી કૃષ્ણે પૂતનાનો મોક્ષ કર્યો

વિશેષ : ભગવાનની અવસ્થા બાળકની છે અને કંઈ જ સાધન નથી છતાં રાક્ષસી પૂતનાનો નાશ કર્યો તે આપનો વીર્ય ધર્મ એ અ. ૬માં કહ્યું છે, ભગવાન એક જ કર્મથી અનેક અર્થ સિદ્ધ કરનારા છે. તેથી તો પૂતનાને મારવાની સાથે પૂતનાના મારેલા અનેક બાળકોને કૃતાર્થ કર્યા, માયા દ્વારા ભગવાન દુઃખ કરાવી પછી તેને છોડાવે છે તેથી તેને ભગવાનમાં નિરોધ થાય છે. ''ગોકુલમાં ઉત્પાતો છે'' તે શબ્દોથી આંતર્ભય થયો અને પૂતના કૃત બાહ્ય ભય.

શ્લો. ૧ : વસુદેવજી સત્ય વચની છે તે જાણી ઉત્પાતના ભયથી નંદરાયજી ભગવાનના શરણે ગયા.

૨ થી ૩ : પૂતના ગામ - શહેરોમાં અનેક બાળકોને મારતી આવી રહી છે. જ્યાં સ્વધર્મ કે ભગવાનની ભક્તિ નથી થતી ત્યાં રાક્ષસી આવે છે. તે પૂતના માયાવી રૂપ ધરી ગોકુળમાં આવી.

**વિશેષ :** પૂતના આવી ત્યારે વિશુદ્ધ સત્વ રૂપ નંદરાયજી મથુરા ગયા હતા અને ગાયો વનમાં ચરવા ગઈ હતી.

૪ થી ૬ : રૂપસુંદરી પૂતનાથી વ્રજવાસીઓ મોહિત થઈ ગયા. તેણે સ્વસ્વરૂપને ઢાંકીને પોઢેલા કૃષ્ણને ઉઠાવી લીધા અને સ્તનપાન કરાવવા લાગી ત્યારે ભગવાને દૂધ સાથે તેના પ્રાણ પણ ચૂસી લીધા. તેથી તે રાક્ષસી મોટા અવાજ સાથે પૃથ્વી પર પડી અને તેનું અસલી રૂપ પ્રકટ થઈ ગયું. તેના પડવાથી છ ગાઉ સુધીના વૃક્ષો પડી ગયા. તે અત્યંત ભયંકર સ્વરૂપવાળી વિશાળ કાયાવાળી હતી.

<u>વિશેષ</u> : આ પૂતના વ્રજની અવિદ્યા છે. જે પાંચ પ્રકારની છે.

૧. સ્વરૂપનું અજ્ઞાન　૨. દેહાધ્યાસ　૩. ઈન્દ્રિયાધ્યાસ

૪. પ્રાણાધ્યાસ　૫. અંતઃકરણાધ્યાસ

તેના રૂપથી રક્ષણ કરનારા ગોપોએ મોહિત થઈને તેને રોકી નહી. તે પોતાનું સ્વરૂપ ભૂલી ગયા. સ્ત્રીરૂપથી મોહિત થયા તે દેહાધ્યાસ. મોગરાના ફૂલની સુગંધથી લોભાયા તે ઈન્દ્રિયાધ્યાસ. પૂતના પડતાં જ કૃષ્ણના પ્રાણના રક્ષણનો વિચાર ન કરતાં બધાં પોતાનો પ્રાણ બચાવવા જમીન પર સૂઈ ગયા તે પ્રાણાધ્યાસ. ગોપીઓના અંતઃકરણને તો ભગવાનનો સંબંધ છે તેથી તેમને તો પૂતનામાં લક્ષ્મીજી દેખાયા તેથી રોકી નહિ, આ અંતઃકરણાધ્યાસ. પરંતુ ત્યારબાદ તે સૌને પોતાની ગાફેલીયત બદલ અફસોસ થયો અને હવે સાવધાન રહીશું તેવું જ્ઞાન થયું. પૂતનાને મારીને ભગવાને વ્રજની અવિદ્યા તો દૂર કરી પણ ગંધ જેટલી રહેવા દીધી કે જેથી વ્રજવાસીઓમાં ભગવાન પ્રતિ અહંતા-મમતા રહે અને તેઓ ભગવાનની સેવા કરે. એ પૂતનાનો અગ્નિદાહ કર્યો ત્યારે તેના શબમાંથી સુવાસ નીકળી તે વ્રજવાસીના નાકમાં ગઈ તેટલી અહંતા-મમતા-(અવિદ્યા) તેમનામાં રહી. આ અવિદ્યા ભગવાનના સંબંધવાળી હોવાથી તેમનો પ્રપંચ મટ્યો.

૧૭ થી ૨૯ : પૂતનાના પડવાથી બધા ડરી ગયા. પણ ભગવાન તો નિર્ભય થઈને તેની ઉપર ખેલતા હતા ગોપીઓએ દોડીને લઈ લીધા. પછી યશોદાજી વ. એ ભગવાનની રક્ષા માટે ગાયોનું પૂંછ તેમના પર ફેરવ્યું અને રક્ષાની વિધિ અનેક દેવોની આરાધના કરીને કરી.

૩૦ થી ૩૩ : તે પછી કૃષ્ણને સ્તનપાન કરાવીને પોઢાવ્યા. એટલામાં નંદરાયજી વ. મથુરાથી આવ્યા. તેમને લાગ્યું કે વસુદેવ સાચું કહેતા હોવાથી તે

યોગેશ-ઋષિ જ છે. પછી બધાંએ પૂતનાના દેહના ટૂકડા કરીને તેને બાળી. તેમાંથી અગરની સુગંધવાળો ધુમાડો નીકળ્યો. ભગવાનને મારવા આવેલ પૂતનાને ભગવાને માતાની ગતિ આપી તો પછી સમર્પિત ભકતનું તો કહેવું જ શું ? નંદરાયજીએ પોતાના ભવનમાં આવીને બધી વાત સાંભળીને કૃષ્ણને ગોદમાં લઇ લીધા. શ્લો. ૩૫ થી ૪૦ ને શ્રી આચાર્યજીએ ક્ષેપક ગણ્યા છે.

## અધ્યાય - ૭

# શકટોત્ક્ષેપ, તૃણાવર્તવધ અને મુખમાં વિશ્વદર્શનથી ભગવદ્ યશ વર્ણન

૧ થી ૩ : હવે પરીક્ષિત ભગવાનની અવતાર લીલાને વિશેષ સાંભળવા માંગે છે. કેમ કે તેથી ભગવાનનું માહાત્મ્ય જણાય અને વિશેષ પ્રેમ થાય.

વિશેષ : કર્મ પાંચ પ્રકારનું હોવાથી ભગવાન પણ ગાડાને ઉંચે ઉછાળી દેવાનું, તૃણાવર્તને નીચે પછાડવાનું અને બગાસાથી મુખ પ્રસારણ કરવાનું કરે છે તે રાજસ, તામસ અને સાત્વિક ભકતોના નિરોધ માટે કરે છે. આ લીલાથી ભકતના સૂતેલા ચિત્તને જાગૃત કરીને તેની લૌકિકતા છોડાવી, સ્વરૂપાસકિત કરાવવા તેનામાં દુઃખ ઉપજાવ્યું અને ભગવદ્ યશ જણાય તો પ્રભુમાં જીવની આસકિત થાય. આ અધ્યાયમાં નંદ-યશોદાનો નિરોધ મુખ્ય છે અને બીજાઓનો ગૌણ છે.

૪-૧૭ : તેથી શુકદેવજીએ ભગવદ્ લીલા કહેવાની શરૂ કરી - ભગવાન ૪ માસના થયા ત્યારે તેમના જન્મ નક્ષત્ર સમયે વૈદિક વિધિ પ્રમાણે નંદ-યશોદાએ બાળકને બહાર પધરાવવાનો ઉત્સવ ઉજવ્યો. પ્રભુને સ્નાનાદિ કરાવીને ગાડા નીચે પોઢાડ્યા અને વ્રજજનોની સરભરામાં એટલા રત થઇ ગયા કે ભૂખથી રડતા પ્રભુ પ્રતિ ધ્યાન વિસ્મૃત થઇ ગયું. પ્રભુએ રોતાં રોતાં ચરણ ઉછાળીને ગાડાને ઉછાળી દીધું. તેથી ગાડામાં રાખેલ સામગ્રી ઢળી ગઇ અને ગાડું ભાંગી ગયું. આ જોઇને બધાં ગભરાઇ ગયા અને આશ્ચર્ય પામ્યા. ત્યાં રમતા ગોપ બાળકોએ કહ્યું કે આ તો કૃષ્ણનું કામ છે. જે અમે સગી આંખે જોયું છે છતાં કોઇને વિશ્વાસ ન આવ્યો. યશોદાજીને ગ્રહ શંકા થઇ તેથી સ્વસ્તિવાચન કરાવ્યું. યશોદાજીએ રડતા કૃષ્ણને સ્તનપાન કરાવ્યું. બ્રાહ્મણોને દાન આપ્યું અને બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા.

વિશેષ : ઉપરના પ્રસંગમાં વાચિક અને કાયિક નિરોધ કર્યો હવે તૃણાવર્તના પ્રસંગથી માનસિક નિરોધ કરે છે. લૌકિક ભાવથી પણ પ્રભુમાં મન લાગેલું રહે તો ભગવાન નવી લીલા કરતા નથી. ભગવાનનો દેહ પ્રાકૃતનો છે તેવી મતિ ન રહે તો ભકતનો દેહાધ્યાસ મટે. તૃણાવર્તલીલામાં ભગવાનનો વિરુદ્ધ ધર્માશ્રય બતાવે છે કેમ કે તે હલકા પણ બને છે અને ભારે પણ ! પૂતનાવધના પ્રસંગથી કંસ જાણી ગયો કે તેનો શત્રુ ગોકુળમાં છે, તેથી તૃણાવર્તને મોકલ્યો તે કેશી અને બકાસુરથી પણ મોટો છે.

૧૮-૨૪ : એક વખત યશોદાજી બાળકને ગોદમાં પધરાવી ખેલાવતા હતા ત્યાં અચાનક બાળકનું વજન ઘણું વધી ગયું. જેથી તેને નીચે પધરાવ્યો પછી ઘણું આશ્ચર્ય પામીને વ્યવહારકાર્યમાં લાગ્યા. તે વખતે કંસનો ચાકર તૃણાવર્ત વંટોળ નું રૂપ ધરીને આવ્યો. અને બાળકને હવામાં ઉડાવી ગયો. ચારે બાજુ ધૂળ થઈ ગઈ. યશોદાજીએ જોયું તો બાળક નથી કે નથી કોઈ ધૂળમાં તેમના ચરણની નિશાની ! તેથી તેઓ ખૂબ રૂદન કરવા લાગ્યા. યશોદાના રૂદનથી ગોપીઓ પણ દુઃખી થઈ.

૨૫-૩૫ : ભગવાનનો ભાર લાગવાથી તૃણાવર્ત શાંત થયો. ભગવાને તેનું ગળું એટલું મજબૂત પકડયું કે તે છોડાવી ન શકયો. અને તેના પ્રાણ ઉડી ગયા. તે નીચે પડયો. ગોપીઓએ ત્યાં પડેલા તૃણાવર્ત પરથી કૃષ્ણને ઉઠાવીને યશોદાજીને આપ્યા. બધાંને વિસ્મય અને આનંદ થયો. તેઓએ પોતાનાં પુણ્યનું કારણ જ માન્યું કે કૃષ્ણ બચી ગયા. નંદરાયજીને વસુદેવનાં વચનો યાદ આવ્યા.

વિશેષ : તૃણાવર્તથી થયેલ વંટોળમાં યશોદાજી વ. કૃષ્ણ ને જોઈ ન શકયા કેમ કે તેમને આ પ્રકારે પંચપર્વા અવિદ્યા લાગી (૧) ભગવાનના દર્શનની અયોગ્યતા (૨) ભગવાનને જોઈ ન શકયા (૩) ભગવાન સંબંધી અજ્ઞાન (૪) યશોદાજીનો સ્નેહ (૫) ગોપીઓનો સ્નેહ, યશોદાજીમાં લૌકિક ભાવ (ભગવાનમાં દૃઢ પુત્રભાવ) હોવાના કારણે પ્રથમ પૂર્ણ સ્નેહ થયો, પછી જ્ઞાન થયું અને પછી વિસ્મય થયું.

૩૬-૩૯ : એકવાર યશોદાજી બાળકને ગોદમાં લઈ સ્તનપાન કરાવતા હતા. સ્તનપાન પછી તે પ્રભુનાં મુખદર્શન કરતા હતા. ત્યારે બાળકને બગાસું આવ્યું. યશોદાજીને બાળકના મુખમાં સમસ્ત વિશ્વ દેખાયું. ત્યારે ડરના લીધે તેમણે આંખો મીંચી અને વિસ્મય પામ્યા.

<u>વિશેષ</u> : યશોદાજીને હજુ અધિકાર થયો નથી. પણ તેમને ઉત્કટ સ્નેહ હોવાથી ઉત્કટતા પૂરતો તે અલૌકિક સ્નેહ છે. તેમને ભય થયો તેથી ભગવદ્ ભાવ નથી. તેમને જ્ઞાન થયું નથી તેથી ધૈર્ય પણ નથી. તેથી અનધિકાર હોવાથી ભગવાને તુરત મુખ બંધ કરી દીધું અને વિસ્મય રસ ઉત્પન્ન કર્યો.

## <u>અધ્યાયાર્થ - ૮, ૯, ૧૦</u>

કા. ૫૪ : અધ્યાય-૮ માં ભગવાનના નામનું માહાત્મ્ય બતાવ્યું છે. ભગવાનની વર્ણવેલી બાળલીલાઓ ભગવાનમાં ભક્તિ ઉપજાવનારી છે.

અધ્યાય-૯ માં કોઈ પણ સ્વપ્રયાસથી ભગવાન બંધાતા નથી. પણ ભગવાન તો ભક્તિથી વશ થાય છે, તે વાત દામડા ગમે તેટલા લાવ્યા તો પણ ભગવાન બંધાયા નહિ તેમાં બતાવ્યું.

અધ્યાય - ૧૦ ધનોન્મત નલ-કૂબર અને મણિગ્રીવને ભગવાન નારદ દ્વારા શાપ અપાવે છે. અને ઉદ્ધાર પણ કરે છે એટલે કે ભગવાન સર્વનો ઉદ્ધાર કરનારા અને દોષ દૂર કરનારા છે.

## <u>અધ્યાય - ૮</u>

# (શ્રીગુણ) નામકરણ

<u>વિશેષ</u> : ભગવાનનાં નામ અને રૂપ અનેક છે, તે બધાંથી અંતઃકરણ શુદ્ધ થાય. તે સિવાય જ્ઞાન, ભક્તિ અને ભાગ્ય શુદ્ધિ કરનારા છે. પ્રભુનાં અલૌકિક સ્વરૂપનું જ્ઞાન થાય તો સ્નેહ થાય. સ્નેહ થવામાં મોટાનો અનુગ્રહ કારણરૂપ છે. 'પ્રભુનું નામ હૃદયમાં આવી જાય તો અંતઃકરણ શુદ્ધ થાય પણ તે નામ ગુરુ દ્વારા મળ વું જોઈએ અને દુઃસંગને છોડવો જોઈએ તો જ ફલિત થાય.

શ્લો. ૧-૩ : વસુદેવજીની પ્રેરણાથી તેમના પુરોહિત ગર્ગ વ્રજમાં આવ્યા. નંદરાયજીએ તેમનો યથોચિત સત્કાર કર્યો.

૪-૬ : ગર્ગાચાર્ય કૃપાળુ છે અને જ્યોતિષશાસ્ત્રના વિદ્વાન છે તેથી નંદરાયજીએ પોતાના બે પુત્રોની નામકરણ વિધિ કરાવવા માટે પ્રાર્થના કરી

૭-૧૦ : ત્યારે ગર્ગાચાર્યે કહ્યું કે હું પ્રસિદ્ધ રીતે તમારા પુત્રોને નામકરણ કરાવું તો કંસ જાણી જાય કે આ તો વસુદેવજીના પુત્રો છે કેમ કે હું યાદવોનો પુરોહિત છું. ત્યારે નંદજીએ કહ્યું કે ગાયના વાડામાં ગુપ્ત રીતે નામકરણ કરાવો.

૧૧-૨૦ : ત્યારે ગર્ગાચાર્યે સંમતિ આપીને રોહિણીના પુત્રનું નામ બલરામ - સંકર્ષણ રાખ્યું તથા નાના પુત્રનું નામ કૃષ્ણ-વાસુદેવ કહ્યું. છતા તેમના તો અનંત નામો થશે, એમ કહીને તેમને કૃષ્ણના અદ્‌ભૂત ગુણોનું વર્ણન કર્યું. અને સલાહ આપી કે સાવધાન રહી તેનું રક્ષણ કરજો.

વિશેષ : સાધારણ જન(લોકો) ભગવાનના અનંત નામોને નથી જાણતા કેમ કે તેઓ જન્મ લેનારા હોવાથી, જ જન કહેવાય છે.

નામ ક્રિયા અને રૂપની અનેકતાના કારણે પડે છે. તત્ત્વબોધ સહિત ઉચ્ચાર કરવામાં આવેલા નામ જ ફલિત થાય છે નહિ કે લોકવત્ ઉચ્ચારથી.

૨૧ : તે પછી ગર્ગાચાર્યે નંદરાયથી વિદાય લીધી.

વિશેષ : નામ ચરિત્ર કહ્યા પછી હવે પછી રૂપ ચરિત્ર કહે છે. પ્રભુના ત્રણ રૂપ છે. ચાલતુ, વિશેષ ગતિવાળું અને યશોદાજીના હૃદયસ્થ. અહીં ભગવાને કરેલ મુગ્ધલીલા, ધૌર્ત્ય અને ધાર્ષ્ટ્ય લીલા ગોપબાળકો સાથે કરી તે સાત્વિકાદિ ભકતો માટે કરી જેથી તેમનામાંથી ધાર્ષ્ટ્યાદિ ભાવો દૂર થાય. જો કે, અહીં કરેલ બધી લીલાઓ યશોદાજીની મુખ્યતાથી જ કરેલી છે, જો કે તેનાથી અન્યોનો પણ નિરોધ થયો છે. ગૃહકાર્યમાં વ્યગ્ર ગોપીઓને નિરોધ કરાવવા પ્રભુ દશધા લીલા કરે છે કે જેથી તેમના દોષ દૂર થાય.

૨૨-૨૪ : નામ લીલા કહ્યા પછી હવે રૂપ લીલા કહે છે. બન્ને ભાઈ બે હાથ અને બે ઘુંટણથી ભાંખોડીયું ભરવા લાગ્યા. (ભગવાન ઘુંટણથી ચાલે છે તેથી દૈત્યોનું મર્દન થાય છે, જેને બલિરાજા પણ નિવારી શકતા નથી.) ચાલતાં જે ઘુઘરીનો અવાજ આવ્યો તે કયાંથી આવે છે તે નક્કી કરવા થંભી જાય છે અને અવાજથી રાજી થાય છે. કયારેક કોઈને પોતાનો ભકત જાણી તેની પાછળ પાછળ જાય છે પણ જ્યારે ખબર પડે કે તે તો બીજું કોઈક છે ત્યારે ભય પામી યશોદા-રોહિણીજી પાસે ચાલ્યા આવે છે. પ્રેમના ભરને લીધે માતા બાળકોને ગોદમાં લઈ દુધપાન કરાવે છે અને તેમનું મુખ (બે દંતુડી) જોઈ પ્રસન્ન થાય છે.

૨૫-૩૧ : બન્ને બાળક થોડા મોટા થતાં એવી લીલા કરે છે કે ગોપીઓ જોઈ જ રહેતી. જેવી કે બેઠેલાં વાછડાંની પૂંછડી પકડી તેમને દોડાવતા. શિંગડાવાળા પ્રાણી ગાય વ. વાંદરા, તલવાર વ. હથીયાર, જલ-કૂવા વ. પક્ષી, કાંટા વ. માં વિહાર કરતા તેથી માતાઓ ચિંતિત રહેતી.

તે પછી પોતાના પગ પર ચાલતા થયા ત્યારે વ્રજસ્ત્રીઓને આનંદ આપવા લાગ્યા. ત્યારે ગોપીઓ યશોદાજી પાસે ઉરાહના (ફરિયાદ) લઈને આવતી કે કનૈયો વાછડાંને છોડી મૂકે છે, ઊંચે રાખેલી વસ્તુને ખાય છે અને ખવડાવી દે છે., પાત્રો ફોડી નાંખે છે, સૂતેલાં બાળકોને રડાવે છે, ગેરહાજરીમાં આવી આવી ધૃષ્ટતા કરે છે. વળી દેવસ્થાનમાં તથા દૂધના ખાલી પાત્રોમાં મૂત્ર કરે છે અને પકડાઈ જાય તો ડાહ્યા ડમરા બની જાય છે. આવી ફરિયાદો આવી તો પણ યશોદા તો પુત્રોને ઠપકો આપવાને બદલે હસીને વાતને ટાળી દે છે.

<u>વિશેષ</u> : ભગવાનની આ ધૌર્ત્ય અને ધાષ્ટર્ય લીલાથી યશોદાનો સ્વવિષયક અધ્યાસ છૂટી ગયો તેથી ભગવાનની નિંદા સહન થઈ પણ ઠપકો ન આપી શકયા. હવે 'ભગવાન તો અમારા જેવા છે' તેવી ગેરસમજ દૂર કરવા ભગવાન માટી ખાવાની લીલા કરશે. પુષ્ટિ કરશે એટલે કે લૌકિક છોડાવી સર્વેન્દ્રિયોથી ભગવાનમાં નિરોધ કરાવશે.

૩૨-૪૨ : એક વખત રામ તથા ગોપબાળકો ખેલતા હતા ત્યારે તેઓએ માતાજીને ફરિયાદ કરી કે કૃષ્ણે માટી ખાધી. તેથી યશોદાજીએ કૃષ્ણનો હાથ પકડી લીધો તેથી કૃષ્ણ ડરી ગયા. પછી પૂછ્યું કે બધાં કહે છે કે - 'તે માટી ખાધી' ત્યારે કૃષ્ણે કહ્યું - 'બધાં ખોટું કહે છે, મેં માટી ખાધી નથી, છતાંય તને વિશ્વાસ ન હોય તો મારા મોઢામાં જુઓ.' યશોદાજીએ તેમના મુખમાં જોતાં સમસ્ત વિશ્વના દર્શન થયા. ત્યારે તેમને ભય અને સંશય થયો કે આ સ્વપ્ન માયા કે મોહ તો નથીને ? કે મારો પુત્ર જ જન્મજાત ઐશ્વર્યવાન છે ? સંશયના કારણે તેમની બુદ્ધિ ચકરાવામાં પડી ગઈ તેથી કહ્યું કે, 'જે હોય તેને હું પ્રણામ કરું છું, મારો આશ્રય ભગવાન થાઓ.'

૪૩-૪૫ : શુકદેવજી - જ્યારે યશોદાજી ભગવત્ તત્ત્વને જાણી ગયા ત્યારે ભગવાને પુત્રમાં સ્નેહ કરનારી માયાનો વિસ્તાર કરી દીધો અને તેથી યશોદાજી 'વિશ્વદર્શન'થી વિસ્મૃત થઈ ગયા. ફરી તે કૃષ્ણને ઈશ્વર ન સમજતાં પુત્ર રૂપે જ જાણવા લાગ્યા.

૪૬-૪૭ : પરીક્ષિત - નંદયશોદાએ એવું તે કયું શ્રેય કર્યું હતું કે જેથી નંદ-યશોદાને ભગવાને માતા-પિતા સમાન સુખ પ્રદાન કર્યું અને વસુદેવ-દેવકી આવી બાળ લીલાથી વંચિત રહ્યા !

૪૮-૫૨ : શુકદેવજી હવે નંદ યશોદાના પૂર્વજન્મની કથા કહે છે - નંદજી દ્રોણ નામે શ્રેષ્ઠ વસુ હતા અને યશોદા તેમના પત્ની ધરા હતા. તેમણે બ્રહ્માજી

પાસેથી વરદાન માંગ્યું હતું કે 'અમારી ભગવાન કૃષ્ણમાં સર્વોત્કૃષ્ટ ભક્તિ થાય.' તે બ્રહ્માજીએ આપ્યું. તેથી તો તેમને સત્સંગ વિના જ ભગવાનમાં પ્રીતિ થઇ. ભગવાને બ્રહ્માજીની વાત સત્ય કરી. ઉપરાંત બાળ લીલાથી વ્રજવાસીઓને પણ આનંદ આપવા લાગ્યા.

## અધ્યાય - ૯

# યશોદાજીને ભગવાને સ્વરૂપજ્ઞાન કરાવ્યું

વિશેષ : ભગવાનમાં નિશ્ચલ ભક્તિ થાય માટે અહીં આપનું અદ્‌ભૂત ચરિત્ર બતાવ્યું છે. અહીં દયા અને જ્ઞાનનું નિરૂપણ છે. જેથી પ્રભુની કૃપાળુતા અને પ્રભુનું સ્વરૂપ જણાય અને તો ભક્તોનો ભગવાનમાં નિરોધ થાય અને ભગવાનનો ભક્તમાં. ભગવાન જીવને વશ થાય તે તેનો મોટો પુરુષાર્થ ગણાય.

ભગવાન યશોદાજીનો સંસાર છોડાવે છે પણ તે ફરી સંસારને પકડે છે તેથી ભગવાન રવાઇ પકડીને મંથન કરતાં રોકે છે. ભગવાને ભક્તિના સારરૂપ નવનિત આરોગ્યું અને નિરોધ કર્યો છતાં યશોદાજી સમજ્યા નહિં ત્યારે પ્રભુએ કોપ કર્યો. યશોદાજીને લોકદૃષ્ટિથી કૃષ્ણની ધૃષ્ટતા દેખાઇ, પ્રભુતા ન દેખાઇ. તે દોષ મટાડવા ભગવાને યશોદાને શ્રમ કરાવ્યો. તપ પૂર્ણ થતાં પ્રભુ મળ્યા. અહીં પરોક્ષ કથન છે. જીવ સ્વતઃ આસક્તિ કરે તો પ્રભુ દૂર જાય પણ પ્રભુ ચાહે તો જ જીવને નિરોધ થાય.

૧-૨૧ : ઘરની દાસીઓ અન્યત્ર વ્યસ્ત હોવાથી યશોદાજી ભગવલ્લીલાનું સ્મરણ કરતાં કરતાં દધિમંથન કરી રહ્યા છે. પોતે શ્રમિત થઇ રહ્યા છે ત્યારે ભગવાને સ્તન-પાનની ઈચ્છા કરી પાસે આવ્યા અને રવૈયો છોડવા ઈશારો કર્યો ત્યારે યશોદાજીએ પુત્રને ગોદમાં લીધો પરંતુ અગ્નિ ઉપર મૂકેલ દૂધને ઉભરાતું જોતાં, પુત્રને મૂકીને દોડયા. ત્યારે આપે કોપ કરીને મટકું ફોડીને તેમાંનું માખણ ખૂણે જઇને ખાધું. યશોદાજી આવીને જુએ છે તો મટકી ફૂટી છે પણ કનૈયો તો દૂર બેસી વાંદરાને માખણ ખવરાવે છે અને કોઇ જોતું નથી ને ? તેમ ધ્યાન રાખે છે. ત્યારે યશોદાજી લાકડી લઇને તેમની પાછળ દોડયા. પ્રભુ પકડાઇ ગયા એટલે યશોદાજીએ તેમને ધમકાવ્યા તેથી કનૈયો રડવા લાગ્યો. લાકડીથી તેને ડરેલા જોઇ લાકડી છોડી દીધી અને દોરડું લાવી તેનાથી પ્રભુને ઉખળ સાથે બાંધવા લાગ્યા પણ ગમે તેટલા દોરડા લાવવા છતાં તે ટૂંકા જ પડવા લાગ્યા. આ જોઇ ગોપીઓ હસવા લાગી તેથી યશોદાજી હસ્યા પણ વિસ્મય પામ્યા. માતાજીને બહુ શ્રમીત થયા જાણી પ્રભુ બંધાઇ ગયા. સ્વતંત્ર ભગવાન ભક્તના પ્રેમવશ બંધાઇ ગયા. આ અનુગ્રહ દુર્લભ છે.

૨૨-૨૩ : યક્ષરાજ કુબેરના પુત્રો નલકુબર અને મણિગ્રીવ ઘમંડને લીધે ઉચ્છૃંખલ થયા હતા. તે નારદજીના શાપથી અર્જુન વૃક્ષ થયા હતા, ભગવાને હવે તેમનો ઉદ્ધાર કરવા ઈચ્છયું કેમ કે કદાચ ભગવાનને સખા અર્જુન યાદ આવી ગયો હશે !

## અધ્યાય - ૧૦

# નારદજીનો શાપ – વૈરાગ્ય ધર્મ

વિશેષ : ધનમદથી શાપિતની મુકિત જાણવાની પરીક્ષિતને મન છે. બે ભાઈમાં ઉન્માદ, પ્રમાદ, નિંદીત આચરણ અને મોટાઓ પ્રતિ ધૃષ્ટતા.... આ બધું ધાષ્ટર્ય છે. તેથી તેમને શાપ પડયો.

૧-૨૨ : પરીક્ષિત - જે અર્જુન વૃક્ષ થયા હતા તે બે ભાઈઓએ એવું કયું નિંદ્ય કર્મ કર્યું કે જેથી નારદજી જેવાએ ક્રોધીત થઈ શાપ આપ્યો ?

શુકદેવજી - આ રૂદ્રના અનુચરો કે જે કુબેરપુત્રો હતા તે મદીરા પીને ઉન્માદીત થઈને સ્ત્રીઓ સાથે સ્વચ્છંદ વિહાર કરતા હતા. તે વનમાં અચાનક નારદજી આવ્યા તેથી સ્ત્રીઓએ તો શરમાઈને વસ્ત્રો પહેરી લીધા પણ આ બે ભાઈઓએ તેમ ન કર્યું, તેથી નારદજીએ કહ્યું કે વિષયાક્રાન્તની બુદ્ધિનો નાશ કરનાર ધનસંપતિનો નશો છે કેમ કે ધનમદ અનેક દુષણોને તાણી લાવે છે, આ દેવરૂપ શરીરનો દ્રોહ કરી તે નરકગામી થાય છે. આ દેહ કોનો કોનો છે તેનો તેને વિચાર નથી. તેમની શાણ દરિદ્રતાથી જ ઠેકાણે આવે. નારદજીને થયું કે આ ધનલોલુપનું અજ્ઞાન હું મટાડી દઈશ તેમ વિચારી તેમને સ્થાવર થઈ જવાનો શાપ આપ્યો. પણ તેમને પોતાના આત્માનું સ્મરણ રહેશે તેવો અનુગ્રહ પણ કર્યો. દેવોના ૧૦૦ વર્ષે ભગવાન વાસુદેવના તેમને દર્શન થશે અને ભકિતવાન થશે.

૨૩-૨૮ : દોરડાથી 'દામણા સાથે બંધાયેલા ભગવાન યમલાર્જુન પાસે પધાર્યા કેમ કે આપ પ્રિય ભકતના વચન સત્ય કરવા માંગતા હતા. વળી કુબેર પણ આપનો ભકત છે. ભગવાન બે વૃક્ષની વચ્ચેથી નીકળતાં ઉખળી આડી થતાં વૃક્ષો મૂળમાંથી પડી ગયા. તેમાંથી બે સિદ્ધ નીકળ્યા તે રજોગુણ રહિતના થઈને નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યા.

૨૯-૩૮ : તેમને પ્રભુના સ્વરૂપનું સચ્ચિદાનંદાત્મક તથા સર્વસમર્થ હરિ તરીકેનું જ્ઞાન થયું તે પ્રકારે સ્તુતિ કરી પછી જવાની રજા માંગી તથા પોતાના દેહેન્દ્રિયનો ભગવાનમાં વિનિયોગ થાય તેમ માંગ્યું એટલે કે ભકિત

માંગી. વળી તેઓએ ભગવાનના શ્રીઅંગરૂપ ભકતોના દર્શનની માંગણી કરીને વિનય બતાવ્યો.

૩૯-૪૩ : ભગવાને પ્રસન્ન થઈને કહ્યું કે તમે મારું શ્રવણ કરશો, તમને મારામાં પ્રેમ થશે, ભગવદીયોના દર્શનથી બંધન નથી રહેતું. આ તમારો છેલ્લો જન્મ છે, હવે ઘરે જાઓ. તે પછી બન્નેએ ભગવાનની પ્રદક્ષિણા કરીને પ્રણામ કરીને ગયા.

## અધ્યાયાર્થ - ૧૧

ભગવાન પરમાનંદ આપનાર છે કેમ કે ગોકુળમાં સર્વની પ્રમાણબળથી પ્રપંચ વિસ્મૃતિ થઇ ભગવદાસક્તિ થઇ. અહીં પુરુષોની ભગવન્નિષ્ઠા બતાવી છે.

ભગવાન વિશે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. પણ અહીં તો તેમના વિષયક જ અજ્ઞાન છે. તેથી ભગવાને ૧. ઉત્સવથી ૨. ભયથી ૩. કૌતુકથી ૪. ગર્ગના વચનોથી અને ભોળપણાથી ૫. ઘણું આશ્ચર્ય દર્શાવવાથી ૬. યમલાર્જુન ભંગથી ૭. બક-વધથી સર્વનાં દુઃખો દૂર કરી શ્રીકૃષ્ણમાં મન ચોંટાડ્યું. આ સર્વ પ્રમાણનાં કાર્યો છે. હવે પછીના પ્રકરણમાં પોતાની પૌગંડ અવસ્થામાં પ્રમેયથી આસક્તિનું વર્ણન આવશે.

## અધ્યાય - ૧૧

# ધર્મીસ્વરૂપે નંદરાયજીનો નિરોધ

વિશેષ : ગોકુળમાં સ્ત્રીઓનો નિરોધ, નંદરાયજીની મુખ્યતાથી પુરુષોનો નિરોધ કહ્યો. આ અધ્યાયમાં નંદરાયજીની પૂર્વાવસ્થાને છોડાવીને કૃષ્ણમાં ભાવ કહેવાનો છે. આ અધ્યાયમાં ભગવાને તે ઉખળીથી છૂટા કર્યા, ગોકુલથી વૃંદાવનમાં પધારી વત્સ અને બકને માર્યા, નંદજીને ભગવત્ જ્ઞાન થયું. ભગવાન સિવાય સર્વમાં વૈરાગ્ય રાખવો. ગોકુળ છોડી વૃંદાવનમાં જાય છે. વત્સચારણનો દોષ મટાડવા વત્સાસુરને માર્યો, ગોવાળીયાનો દોષ મટાડવા બકને માર્યો. બાલભાવનું કાર્ય સિદ્ધ થયું માટે હવે ભગવાન મહાવન છોડીને વૃંદાવનમાં આવે છે. ભગવાને દુષ્ટોના ઉપદ્રવથી મહાવન છોડ્યું નથી.

શ્લો ૧-૫ : વૃક્ષોના પડવાનો અવાજ સાંભળીને નંદરાયજી તથા ગોપો ત્યાં આવ્યા તો વૃક્ષોની વચ્ચે કૃષ્ણને જોઇ આશ્ચર્ય અને ભય પામ્યા. આજુ બાજુ રમતા નાના ગોપબાળોની વાત - 'કે આ કૃષ્ણે ઉખળી ખેંચી તેથી વૃક્ષો પડયાં' તે ન માન્યું. ભગવાન વિષયક ધારણા સિવાયની ઘણી ધારણાઓ વિચારી.

નંદજીએ તેમના દોરડા દૂર કર્યા.

૬-૯ : સર્વ શક્તિમાન ભગવાન ગોપીઓથી વશ થયા હોય તેમ અનેક પ્રકારની લીલા કરવા લાગ્યા જેમ કે તેમના કહેવાથી ગાતા, નાચતા, વસ્તુ લાવી આપતા. આમ પોતાની ભક્તાધીનતા બતાવતા.

વિશેષ : મહાવનમાં ઉત્પાત થતા જાણી ઉપનંદ વ. ની સાથે નંદજીએ પરામર્શ કર્યો. વૃંદાવન ઉત્તમ સ્થાન છે તેમ નિશ્ચિત થયું. મૂહુર્ત જોવાનું ન રાખ્યું પણ કૃષ્ણની ઈચ્છા છે તેથી જવાનું નક્કી કર્યું. વૃંદાવન જોઈને ભગવાન પ્રસન્ન થયા. તે ૧૬ શ્લોકમાં છે. તેથી વૃંદાવન સોળકલાયુકત છે.

૧૦-૧૬ : નંદજીએ, ઉપનંદ વ. સાથે કે જે જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ હતા ચર્ચા કરી કે ગોકુળમાં પૂતના આવી, ગાડું ઊંધું વળ્યું, વંટોળ આવ્યો, વૃક્ષ પડયા વ. વ. પણ ભગવાનની કૃપાથી કૃષ્ણ બચી ગયો. પણ વિશેષ અનિષ્ટથી બચવા નજીકના અતી સુંદર સ્થાનમાં ગોકુળવાસીઓએ વસવાટ કરવો જોઈએ.

૧૭-૨૩ : અને બધાંએ તુરત જ જવા માટે પ્રયાણ કર્યું.

૨૪-૨૯ : વૃંદાવનને જોઈને રામ-કૃષ્ણ પ્રસન્ન થયા. ત્યાં ભગવાન તોતડું બોલતાં વાછડાં ચારવા લાગ્યા. સાથે રમતના સાધન લઈ જતા, વેણુ વગાડતા, નૃત્ય કરતા, પ્રાણીઓનું અનુકરણ કરતા. આ પ્રકારે લીલા કરતા હતા.

૩૦-૩૩ : એક વેળા વત્સાસુર વાછડાનું રૂપ ધરી, આ બાળકો ખેલતા હતા ત્યાં આવ્યો. ભગવાને તે જાણ્યું અને બલરામને બતાવ્યો. બલરામે તેને પાછલા પગથી પકડી - ફેરવીને માર્યો. આ જોઈ બધા વિસ્મય પામ્યા.

૩૪-૪૯ : એક વાર વાછડાં ચારતાં તેઓએ જલમાં બહુ મોટું બકાસુર નામે પ્રાણી જોયું. જલની પાસે જતાં જ તે કૃષ્ણને ચાંચથી પકડીને ગળી ગયો. તે જોઈ ગોપ બાળકો બેભાન થઈ ગયા. પણ બકાસૂરને તો ગળામાં દાહ ખૂબ થયો તેથી ભગવાનને બહાર કાઢયા. ભગવાને તેની બન્ને ચાંચો પકડી તેને ચીરી નાખ્યો. આ જોઈ ગોપ બાળકો વિસ્મય સહિત આનંદ પામ્યા. આ વાત તેઓએ ઘરમાં જઈને કહી તેથી તેઓને પ્રભુમાં વિશેષ પ્રેમ થયો. નંદજીને ત્યારે ગર્ગાચાર્યના વચનો સત્ય થતા જણાયા. ભગવાનની વાતો કરવામાં રત રહેવાથી તેઓને સંસારની વિસ્મૃતિ થઈ હતી. આ પ્રકારે રામ કૃષ્ણ સંતાકૂકડી, પૂલ બાંધવો, વાનર જેમ કૂદવું. વ. કુમારાવસ્થાની રમતો કરવા લાગ્યા.

## પ્રકરણાર્થ (તામસ-પ્રમેય) અ. ૧૨ થી ૧૮

અગાઉના પ્રમાણ પ્રકરણમાં ઉત્સવ (૧), ભય (૨), કૌતુક (૩), ગર્ગનાં વચનો (૪) તથા ભોળપણથી (૫) આશ્ચર્ય દર્શાવવાથી (૬) યમલાર્જુનના ભંગથી (૭) બકવધ વ. લીલાઓ ભગવાને કરવાથી બધાંનું મન ભગવાનમાં ચોટચું.

હવે પ્રમેય પ્રકરણમાં પ્રમેયની સંપૂર્ણતાથી ભગવાને પોતાના પૌગણ્ડ અવસ્થામાં કરેલ લીલાથી સૌની તેમનામાં આસકિતનું વર્ણન આવશે.

૧. તામસ પ્રમાણ પ્રકરણથી ભગવાનમાં અધિક સ્નેહ થયો.

૨. પ્રમેય પ્રકરણથી ભગવાનમાં આસકિત થઇ.

૩. સાધન પ્રકરણથી ભગવાનમાં વ્યસન થયું.

૪. ફલ પ્રકરણથી ભગવાનમાં ફલપ્રાપ્તિ થઇ.

આ ચાર પ્રકારનો નિરોધ છે. (૬૩)

અહીં સાત પ્રકારે આસકિત થઇ છે.

૧. રૂપના સુંદરપણાથી સ્ત્રીઓને વશ કરી.
૨. ક્રિયાથી ગાયોને નિર્ભય કરી તેથી ગાયો વશ થઇ.
૩. ઇચ્છેલ પદાર્થના દાનથી - બાળકો સાથે રમત તથા કાલીયના ઝેર પછી પ્રાણદાન વ. થી બાળકોને વશ કર્યા. અને એથી તેમને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થયું.

આમ થતાં આસકિત ભકિત બની. આ ત્રણ અધ્યાયથી બતાવ્યું તે પછી (૪) બાળકોની (અ. ૧૫) માં બાળકોની દઢ આસકિત (૫) અ. ૧૬ માં ગાયોની આસકિત (૬) અ. ૧૭ માં સર્વ ગોકુલવાસીઓની આસકિત (૭) અ. ૧૮માં ગોપીઓની આસકિત જુદી જુદી વર્ણવી છે. (૬૪)

ભગવાનનું રૂપ સૌંદર્ય તો સૌ જૂએ છે પણ સ્ત્રીઓને તેની વિશેષ અસર થાય છે. (અ. ૧૨) અ. ૧૮માં વેણુગીતમાં તે રૂપ સંબંધી વચનો છે. (૬૫)

અ. ૧૨ માં ધેનુકની કથાનો કહેવાનો આશય એ છે કે ભલે બલભદ્રે ધેનુકને માર્યો પણ તેમાં ભગવાનનો આવેશ હતો. તેથી તે પણ કૃષ્ણચરિત્ર જ છે. (૬૬)

વળી કાલીયદમનના પ્રસંગથી પોતાના પરના સ્નેહની પરીક્ષા ભગવાનને કરી. અને તે આસકિત દઢ થાય માટે દાવાગ્નિપાન કરીને જીવતદાન આપ્યું. આ પ્રકારે વ્રજવાસીઓને કાલનું દુઃખ હટી ગયું. વળી રમતથી તથા શત્રુને હણવાથી બાળકોની ભગવદાસકિત સ્થિર થઈ.

અહીંની ગ્રિષ્મઋતુ પણ વસંત જેવી થવાથી કાલદુઃખ ન રહ્યું. ગાયોની આસકિત - દાવાગ્નિમાંથી છોડાવ્યા તેથી થઈ. અ. ૧૬, અ. ૧૮ માં વર્ષા-શરદઋતુના ગુણવાર્ણનથી વ્રજજનોની આસકિત દઢ થઈ.

અ. ૧૭ માં ભગવાને વેણુનાદ કર્યો તેની અસરનું વર્ણન ગોપીઓએ કર્યું તેથી ગોપીઓની આસકિત દઢ થઈ.

## પ્રક્ષિપ્ત અધ્યાય - ૧/ ૧૨ અઘાસુર વધ

વિશેષ : શ્રી આચાર્યજી ત્રાણ અધ્યાયને બીજા પુરાણોમાં કહેલી કથા માનીને તેને સમાધિ ભાષા નથી માનતા પણ ભગવાનની કથા છે તેથી તેનો સંક્ષિપ્ત અર્થ કર્યો છે. આ અધ્યાયો પ્રક્ષિપ્ત છે કેમ કે કુમાર વય છોડી અને પૌગંડાવસ્થા પ્રાપ્ત કરી તે તુરત કહેવાને બદલે તેની વચ્ચે ત્રાણ અધ્યાય આવી ગયા છે. વળી સ્કં. ૧૨ માં ''બ્રહ્માજી જાણે છે કે આ કૃષ્ણ ઈશ્વર છે'' તેમ કહ્યું છે. તો પછી બ્રહ્મા શા માટે ઈશ્વરની પરીક્ષા કરે ?

શ્લો. ૧ : એક વાર કૃષાણ બાળમિત્રો સાથે હજારો વાછડાં લઈને વનમાં ચરાવવા નીકળ્યા, ગમ્મત કરતા ચાલે છે. ભગવાન એક થી ૧૨ લૌકિક બાળ કની જેમ બધી રમતો કરી રહ્યા છે તે વ્રજ બાળકોનું મહાન ભાગ્ય છે.

૧૩-૪૪ : આવું સુખ સહન ન થતાં અઘાસુર કે જે પૂતના-બકનો ભાઈ થાય તે કંસે મોકલવાથી આવ્યો. તેણે રામકૃષ્ણને મારવાનો વિચાર કર્યો. તેણે બહુમોટા અજગરનું રૂપ ધારણ કરી, ગુફા જેવડા મુખને પહોળું કરીને રસ્તા વચ્ચે સૂતો. બાળકોને તો આ સહજ ગુફા જ લાગી, તેમણે મશ્કરીમાં આ ગુફાને અજગરનું મુખ કહ્યું પણ ખરું પણ તેમને પ્રભુમાં વિશ્વાસ હતો તેથી ભગવાન ચેતવે તે પહેલાં તો તેમાં બાળકો પેઠા. તે બધાં તો મર્યા પણ અઘાસુર મોં બંધ કરે તે પહેલાં ભગવાન તેમાં પેસી ગયા અને પોતાનું સ્વરૂપ વધાર્યું તેથી અસૂરનો શ્વાસ રૂંધાવા લાગ્યો અને આખરે તે મરી ગયો. ભગવાનની અમૃતમયી દષ્ટિથી ગ્વાલ-વાછડાં જીવતા થયા અને અઘાસુરને મુકિતનું દાન કર્યું. આ લીલા કુમારાવસ્થા એટલે કે પાંચમા વર્ષમાં કરી હતી. પરંતુ ગ્વાલબાલોએ

આ લીલા પૌગંડ એટલે કે છઠ્ઠા વર્ષમાં જોઈ કે જાણી. પરીક્ષિતે એ જાણવા માંગ્યું કે ગોપબાળકોએ આ લીલા એક વર્ષ પછી કેમ જાણી ? આમાં ભગવાનની કઈ માયા છે ? તેથી હવે સુતજી તેમની આકાંક્ષાની પૂર્તિ માટે ભગવાનની લીલા કહે છે.

## પ્રક્ષિપ્ત અધ્યાય - ૨/ અધ્યાય - ૧૩

# બ્રહ્માજીએ વાછડાં હર્યા અને શ્રીકૃષ્ણની સ્તુતિ કરી

શ્લો. ૧-૪ : શુકદેવજીએ રાજાને પ્રશ્ન બદલ અભિનંદન આપીને કહ્યું કે ભગવાન વાછડાં અને ગોપ બાળકોને બચાવીને યમુનાજીનાથી જ કાંઠે લાવીને કહેવા લાગ્યા કે આ સ્થળ સુંદર છે તો ભોજન કરીએ. બધાંએ ભોજનની તૈયારી કરી. ભગવાને ઘૃતમિશ્રીત દહીં-ભાતનો કોળીયો કરીને આંગળી વચ્ચે સંધાણુ રાખ્યું છે, તે દરમિયાન વાછડાં દૂર ચાલી ગયાં હોય તેમ લાગ્યું કેમ કે દેખાયા નહિ તેથી ગોપબાળોને ચિંતા થઈ. ભગવાને કહ્યું - તમે સૌ બેસો, હું વાછડાં લઈ આવું છું. તેમ કહી હાથમાં કોળીયો રાખીને જ કુંજ કંદરા બધે ફરી વળ્યા.

૧૫-૩૮ : ભગવાનનો મહિમા જોવાની ઈચ્છાથી બ્રહ્માજીએ કૃષ્ણ ત્યાં ન્હોતા ત્યારે ગ્વાલબાલોને અને વાછડાંઓને બીજે લઈને સંતાડી દીધા અને હવે શું થાય છે તે જોવા લાગ્યા. ભગવાને ગોપબાળ અને વાછડાંને ન જોયા પણ સર્વજ્ઞ હોવાથી જાણી લીધું કે આ કાર્ય બ્રહ્માજીનું છે. ત્યારે બ્રહ્માજીને રાજી કરવા શ્રીકૃષ્ણ પોતે જ સમર્થ હોવાથી વત્સ અને ગ્વાલબાલ જેવાં તે બધા હતા તેવા અદ્દલ બની ગયા. પછી તે બધાં જ સાંજ પડતાં પોતપોતાના ગોષ્ઠમાં ગયા અને પહેલાં જેવો જ વ્યવહાર તેમની માતા તથા ગાયો સાથે કરવા લાગ્યા. તેઓમાં (માતા-બાલકો)માં પણ તેવો જ ભાવ ઉત્પન્ન થયો કે જેવો પહેલાં હતાં. આમ આપે એક વર્ષ સુધી ક્રીડા કરી. તેના વર્ષ પૂરું થવાને પાંચ છ દિવસ બાકી હતા ત્યારે એકવાર રામ-કૃષ્ણ વાછડાં ચરાવવા વનમાં ગયા હતા ત્યારે બલદેવજીએ ધ્યાનથી જોયું તો લાગ્યું કે વાછડા પ્રતિ તેમની માતા ગાયોને તથા ગોપ બાળકો પ્રતિ તેમના માતા-પિતા વ. ને પહેલાં કરતાં અધિક સ્નેહ ઉભરાતો જણાય છે. આમ કેમ બને છે, તે વિચારવા લાગ્યા. ત્યારે તેમણે જ્ઞાનદૃષ્ટિથી જોયું તો સર્વ વાછડાં-ગોપબાળકો વૈકુંઠરૂપ દેખાયા. ભગવાન જ સર્વરૂપ થયા છે તે વાત જ્યારે ભગવાને જ કહી ત્યારે બળદેવજી જાણી શકયા.

૩૯-૬૪ : આ એક વર્ષ જેટલો સમય તો બ્રહ્માજી માટે ચપટી વગાડવા જેટલો જ ગણાય. ત્યારે બ્રહ્માજીએ જોયું તો અત્યારે પણ ગોપબાળ વાછડાં સાથે પહેલાંની જેમ જ ક્રીડા કરે છે. તેમને આશ્ચર્ય થયું કે મેં સંતાડી રાખ્યા છે તે બધાંનું શું ? બ્રહ્માજીએ ધ્યાન ધરીને આ રહસ્ય જાણવા પ્રયાસ કર્યો પણ જાણી ન શકયા. બ્રહ્માજી પણ મોહમાં પડી ગયા ત્યારે ભગવાને બ્રહ્માજીને દેખાડચું કે જેટલાં વાછડાં-ગ્વાલબાળ છે તેમાં મેઘશ્યામ પ્રભુ જ છે. બધાં જ ચતુર્ભુજ પીળાં પિતાંબરધારી હતા, શ્રી વત્સનાં ચિન્હવાળા હતા. આ જોઇ બ્રહ્માજી નિષ્પ્રભ થઇ ગયા ત્યારે ભગવાને પોતાની માયા સંકેલી લીધી..

આમ, ભગવાનની પરીક્ષા કરવા જતાં બ્રહ્માજીને મોહ અને કલેશ થયો. બ્રહ્માજી મોહમૂર્છામાંથી બહાર આવ્યા ત્યારે વૃંદાવન દીઠું અને ભગવાન હાથમાં કોળીયો લઇને (કાળ થંભી ગયો છે.) વાછડાં શોધતા નજરે પડયા. ત્યારે બ્રહ્માજી ભગવાનના ચરણમાં પડી ગયા અને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

## <u>પ્રક્ષિપ્ત અધ્યાય - ૩ /અ. ૧૪</u>

# બ્રહ્માજીએ ભગવાનની કરેલ સ્તુતિ

<u>વિશેષ</u> : લૌકિક-પ્રાકૃતને જે હીન જાણે તે ભકત ન હોય. ભગવાન આ લોકમાં આવીને જે લીલા કરીને પોતાના સ્વરૂપમાં નિરોધ કરાવે તે જ ભકતો માટે પ્રમાણ છે કેમ કે ભકતોનો અધિકાર જ્ઞાનીઓથી જુદો છે.

શ્લોક લૌકિક સમાન દેખાતું ભગવાનનું સ્વરૂપ અપ્રાકૃત છે. ભગવાનનો મહિમા અગાધ અને અગમ્ય છે. તેમને જાણવા તો

૧ થી ૪૦ : જ્ઞાન નહિ પણ શ્રવણાદિ કરવા જોઇએ. ભકિત જ સર્વોત્તમ કલ્યાણકારક છે. અવિકારી ભગવાન શુદ્ધ અંતઃકરણથી જ જાણી શકાય છે. આપ અનંત ગુણધારી છે., ભગવાનને પૂર્ણ પ્રેમથી સમર્પિત થાય તો જ મુકિત મળે. આપની માયાથી હું પણ મોહાંધ થઇ ગયો તેનું કારણ મારા રજોગુણથી ઉત્પન્ન અહંકાર જ છે. આપની આગળ તો હું તણખલા સમાન જ છું છતાં આપ મને આપનો જાણી માફ કરશો. આપ જ પ્રલય પછી એક માત્ર રહેલા નારાયણ છો. આપમાં જ સર્વ બ્રહ્માંડ રહ્યાં છે તે આપે યશોદાજીને બતાવ્યું હતું. આપ બ્રહ્મ હોવાથી સર્વરૂપ થયા છો. સર્વ અવતારોમાં અવતારી અને ગુણમય દેવો પણ આપ જ બન્યા છો. આ બધું આપ પોતાની યોગમાયાને વિસ્તારીને કરો છો. આપ જગતરૂપ છો તેમ સર્વ જીવોના અંશી છો, અંતર્યામિ

છો. આપ ભિન્ન મતોમાં ભિન્ન નામે પ્રસિદ્ધ છો. આપ જ્ઞાનરૂપ, મોક્ષરૂપ છો. જીવ બ્રહ્મ છે તેવું અભિમાન બાધક છે. ભગવાન જ સર્વના નિયમ્ય છે તેવો ભાવ જોઈએ. ભગવાનનો મહિમા ભગવાનની કૃપાથી જ જાણી શકાય નહિ કે ચિન્તનથી. મારો જન્મ ભકતોના સમુદાયમાં થાય તો મારું ભાગ્ય ગણીશ. વ્રજના લોકો ખૂબ જ ભાગ્યશાળી છે. કેમ કે પૂર્ણબ્રહ્મ તેમના મિત્ર બન્યા, એમને બીજા કોઈ ફળની આવશ્યકતા જ નથી. આપના સેવક થવાથી સર્વ દોષો નિવૃત્ત થઈ જાય છે. હવે આપ મને ચોરેલા વાછડાં વ. ને લઈ આવવા આજ્ઞા આપો. આ પ્રકારે બ્રહ્માજીએ સ્તુતિ કરી.

૪૧-૪૮ : બ્રહ્માજી વાછડાં પાછાં લાવે તે પહેલાં ભગવાને જ તેમને લાવીને યથા સ્થાને પૂર્વ સ્મૃતિ સહિત મૂકી દીધા. તેમને કાલક્રમ નડયો નહિ. તેથી બાળકોએ ભગવાનને કહ્યું - 'તમે ગયા પછી અમે ખાધું નથી પણ જલ્દી આવી ગયા તેથી ચાલો જમી લઈએ' પછી પરત ફરતાં ભગવાને અજગરનું સૂકાઈ ગયેલ ચર્મ બતાવ્યું અને બધાં વનમાંથી વ્રજમાં પધાર્યા. બાળકોએ વ્રજવાસીઓને ભગવાને અજગરને માર્યાની વાત કહી.

૪૯-૬૧ : પરીક્ષિત - આ બધાં વ્રજવાસીઓને કૃષ્ણરૂપ થયેલ પુત્રોમાં સગ્ગા પુત્રથી પણ અધિક સ્નેહ કેમ જાગ્યો ?

શુકદેવજી - સૌ પ્રતિ સ્નેહનું કારણ આત્મા છે. આત્માથી દેહ અને દેહનાં સગાં જોડાયા હોવાથી તેમનામાં સ્નેહ જાગે છે. અને કૃષ્ણ તો આત્માના પણ આત્મા છે. ભગવાન જ સર્વનું કારણ છે તેથી સૌને કૃષ્ણમાં વિશેષ પ્રેમ થયો. આ પ્રકારે તમારા બન્ને પ્રશ્નના ખુલાસા થયા.

## અધ્યાય - ૧૫ /સુબોધિની પ્રમાણે ૧૨ (ઐશ્વર્ય)

# બળદેવજીએ ધેનુકને માર્યો

વિશેષ : આ પ્રકરણમાં મુખ્યત્વે નંદ યશોદાનો નિરોધ કર્યો હવે પ્રમેય પ્રકરણમાં ગોપાલ અને તેમની સ્ત્રીઓનો નિરોધ કહ્યો છે. આ મધ્યમ નિરોધ છે, ઉત્તમ નિરોધ તામસ-સાધન પ્રકરણમાં કહેશે. પ્રમાણ પ્રકરણમાં આધિભૌતિકી અવિદ્યા દૂર કરી પ્રમેય પ્રકરણમાં આધ્યાત્મિકા અવિદ્યાને દૂર કરશે. તે માટે બે અધ્યાયથી સ્નેહનું આધિકય હતું : વેણુગીતમાં અંતમાં આસકિત કહેવાઈ છે. તે મધ્યમ નિરોધનું અવાંતરફળ છે. અહીં અ. ૧૨ માં દેહાધ્યાસ રૂપ ધેનુકને ભગવાન મારે છે.

અ. ૧૩ માં ઇન્દ્રિયાધ્યાસરૂપ કાલીયનું દમન કરશે. મરી ગયેલાં ગોપબાળોને જીવતા કરી અલૌકિક દેહ આપશે. છ વર્ષથી ૯ વર્ષ પૌગણ્ડ અવસ્થા છે.

શ્લો. ૧ થી ૧૯ : પૌગણ્ડ અવસ્થાવાળા ભગવાન વૃંદાવનમાં ગાયોને ચારવા લાગ્યા. ત્યારે રમણ કરવાની ઇચ્છાવાળા ભગવાને બળરામને કહ્યું - આ તામસ (સ્થિર) વૃક્ષો પોતાનું અજ્ઞાન દૂર થાય માટે નમસ્કાર કરે છે અને આ પક્ષી-ભ્રમર વ. મુનીરૂપ છે. આ હરીણીઓ ગોપી જેવી દૃષ્ટિવાળી છે. વૃક્ષ-લતા આપના સ્પર્શથી ધન્ય બને છે. આમ કહેતાં આપ બન્ને વિહાર-રમણ કરતા હતા. ગોપો પણ જાતભાતની ક્રીડા કરી પ્રસન્ન થાય છે અને પ્રભુને પ્રસન્ન કરે છે. પ્રભુ બળદેવજીના ચરણ દાબે છે. આમ ભકત ગોપોના ભાવની અલૌકિક સિદ્ધિ (સ્વરૂપથી) કરીને હવે તેમના દોષો દૂર કરવા ધેનુકવધની લીલા કરે છે.

૨૦-૪૦ : ગોપબાળકોએ નજીકના તાડ વનમાંથી તાડફળ ખાવાની ઇચ્છા ભગવાન સમક્ષ વ્યકત કરી, ત્યાં ફળ ઘણા છે પણ દૈત્ય ધેનુક તે કોઇને ખાવા દેતો નથી. ત્યારે ભગવાને પ્રસન્ન થઇ તાડ વનમાં જવા પ્રયાણ કર્યું. બળ દેવજીએ એક તાડને હલાવીને ઘણા ફળ પાડયા તે સાંભળી ધેનુકાસુર ત્યાં આવ્યો અને બળદેવજીને લાત મારી ત્યારે બળદેવજીએ તેના પાછલા પગ પકડી ફેરવીને ઝાડો સાથે અફાળ્યો. તેથી અનેક તાડ વૃક્ષો પડી ગયા અને તે ધેનુક મરી ગયો. તે પછી તેનો બદલો લેવા આવેલ બીજા ધેનુકોને પણ માર્યા. આમ તાલવન નિર્ભય થઇ ગયું.

<u>વિશેષ</u> : ગધેડાના ૪ લક્ષણ મનુષ્યમાં હોય તો તે પણ ધેનુક છે.

૧. પવિત્ર જલમાં સ્નાન કર્યા પછી પણ ગધેડો ધૂળમાં આળોટે તેમ પવિત્ર તીર્થમાં સ્નાન કર્યા પછી પણ મનુષ્ય દુરાચારી બને.

૨. ચંદનના લાકડાનું વહન ગધેડો ભાર સમજીને કરે તેમ મનુષ્ય સંસારનો ભાર વહન કરે પણ સારરૂપ ભગવાનને ન ઓળખે.

૩. ગધેડો કામ કર્યા છતાં કચરાના ઢગલાને ચાટે તેમ મનુષ્ય સંસારના કાર્યો કરતાં કરતાં વિષયરૂપ કચરાને ખાય છે.

૪. ગધેડો સન્મુખમાં નહિ મારતાં પાછલા પગેથી મારે છે તેમ મનુષ્ય સામે મીઠું મીઠું બોલે અને પાછળથી નિંદા કરે છે.

૪૧-૪૬ : હવે ભગવાન વનમાંથી વ્રજમાં પધારે છે ત્યારે ગોપીઓ તેમને વીંટળાઈ ગઈ. અને દૃષ્ટિથી સત્કાર કરે છે. માતાજી આશીષ આપે છે તથા સ્નાન-ભોજન કરાવે છે.

વિશેષ : વનમાં વિહાર સમયે ભગવાને બળદેવજીને વૃક્ષોનું સ્વરૂપ બતાવ્યું અને ગોપ સંસ્કૃતિ માટે ૪ પુરુષાર્થ અને દસ રસ બતાવ્યા તે ગોપીઓને પણ બતાવવા જોઈએ તેથી વનમાંથી ગોષ્ઠમાં આવતાં ઉપરોકત શ્લોકથી વર્ણન કર્યું છે.

૪૭-૫૨ : એકવાર ભગવાન બળદેવજીને સાથે લીધા વગર એકલા જ કાલિન્દી તટ પર ગયા. ત્યાં જોયું તો ગરમીથી લાગેલ તૃષા છીપાવવા જલ પીવાથી ગાયો અને ગોવાળીયા કાલીય નાગના ઝેરથી દુષિત જળના કારણે પ્રાણહીન થયા છે. ભગવાને પોતાની અમૃતદૃષ્ટિથી તેઓને જીવતા કર્યા ત્યારે તેઓએ અનુમાન કર્યું કે અમારા પ્રાણદાતા કૃષ્ણ જ છે.

## અધ્યાય - ૧૬/સુ. અ. ૧૩

# કાલીય નાગનું દમન કરી ભગવાને વીર્ય પ્રદર્શીત કર્યું

વિશેષ : સર્વ ગોપોની ઈન્દ્રિયો મૃત્યુરૂપ છે, જે વિષરૂપ થઈને કાલીય નાગની ફણા બની છે. જેનું ભગવાને મર્દન કર્યું. તેમ કરવા ભગવાને ભક્તિમાર્ગીય લીલા કરી, તેથી સર્વનો દોષ દૂર થયો. આ ઈન્દ્રિયોનો વિસ્તાર કામિની છે. (અહીં નાગણ) તે જો શ્રી કૃષ્ણને આધીન થાય તો ઈન્દ્રિયો ભગવદ્ ગામી બને અને ભગવદ્રૂપ થાય. એટલે કે ઈન્દ્રિયોનો બીજે વિનિયોગ ન થાય. અહીં ઉદ્યમ, અપરાધ, પરીક્ષા, કાર્ય, સ્તુતિ અને પ્રસાદ (કૃપા) તેમ છ અર્થ કહ્યા છે.

શ્લોક : પરીક્ષિતે જાણવા ચાહ્યું કે કાલીયને ભગવાને કવી રીતે પકડયો ? અને ઘણા યુગથી તે ત્યાં નિવાસ કેમ કરતો હતો ? તે કહો.

૧-૩૨ : શુકદેવજી - કાલીયનાગને કારણે યમુનાનો આ ધરો એટલો ઝેરી થઈ ગયો હતો કે તેના પરથી ઉડતા પક્ષી પણ મરી જતા હતા. તેવા દુષ્ટ કાલીયનું દમન કરવા, યમુના કીનારાના ઊંચા કદંબ વૃક્ષ પરથી ભગવાન પાણીમાં કૂદ્યા. તેનો જબરદસ્ત ધબાકો સાંભળીને કાલીય ભગવાનની પાસે આવી દંશ દઈને વીંટળાઈ વળ્યો. તે જોઈને કિનારે બેઠેલા ગોપો ભયથી મૂર્છિત થઈ ગયા અને ચોફેર ઉત્પાત થવા લાગ્યો, તેથી અનિષ્ટના ભયથી વ્યાકુળ થયેલા નંદ વ. પ્રભુને

શોધતાં શોધતાં (ચરણ ચિન્હ જોઈને) યમુનાતટે આવ્યા. જો કે બળદેવજી તો કૃષ્ણના પ્રભાવને જાણતા હોવાથી હસ્યા પણ બોલ્યા નહિ. કૃષ્ણને ધરામાં નાગથી વિંટળાયેલા જોઈ નંદજી મૂર્છિત થયા. યશોદાજીને ધરામાં કૂદી જતાં બધાંએ રોકયા. બળદેવજીએ આશ્વાસન આપ્યું. સ્વજનોને દુઃખી થતા જોઈને ભગવાને પોતાનો દેહ વધારીને નાગપાશમાંથી મુકત થયા તેથી ક્રોધીત થઈ નાગ ઝેરી આગ છોડવા લાગ્યો ત્યારે ભગવાન તેની ફણા નમાવીને માથા પર ચડી ગયા અને નૃત્ય કરવા લાગ્યા ત્યારે દેવો વાજિંત્ર વગાડવા લાગ્યા. ભગવાને ચરણના પ્રહારથી તેના ૧૦૦ માથાને ગુંદયા, આ તાંડવનૃત્ય હતું. સર્પ હારી થાકી ગયો ત્યારે સર્પની સ્ત્રીઓ શરણે આવી અને સર્પને મુકત કરવા વિનંતી કરવા લાગી.

૩૩ થી ૫૩ : નાગ પત્તીઓ ભગવાનની સ્તુતિ કરવા લાગી. નાગપત્નીઓએ ૬ શ્લોકથી દંડને અનુમોદન આપ્યું. ૧૦ શ્લોકથી નમન કર્યું અને ૫ શ્લોકોથી પ્રાર્થના (માંગવું, વિનંતી) કરી. ૬ ગુણ ૧૦ લીલાવાળા અને પાંચ પ્રકારે ભગવાન પતિ છે. ભગવાન કૃપા કરે તો ઓછો દંડ આપે, મર્યાદા સ્વીકારે તો યોગ્ય દંડ કરે અને ઈશ્વરત્વ સ્વીકારે તો વધારે દંડ આપે. યમ તો મૃત્યુ પછી દંડ આપે પણ ભગવાન તો પાપ સહન ન થવાથી અવતાર લઈને દંડ આપે છે. ભગવાન દંડ દેવામાં સંબંધ જોતા નથી. ભગવાનના દંડથી ભાગ્યનો ઉદય જ થાય છે. તે રીતે દંડ દુઃખદ હોવા છતાં કલ્યાણકારક છે. અનુગ્રહકારક છે. નાગપત્નીઓ સ્તુતિ કરે છે કે -

૩૫ : આપે તો આના માથે નૃત્ય કર્યું તે મહા આશ્ચર્ય છે. બે પ્રકારના ધર્મ છે. ૧. દોષ દૂર કરીને ફળ સિદ્ધ કરે. ૨. દોષને જેમ છે તેમ રાખીને પણ ફળ સિદ્ધ કરે. અહંકાર જેવા દોષ તો તપથી પણ જતા નથી. આપ પ્રસન્ન થયા કેમ કે આ નાગનો અહંકાર ગયો પણ તે સ્વતઃ કે પરતઃ ગયો જણાતો નથી. કીર્તન ધર્મ એવો છે કે જે પોતાને કે પારકાને ઉપદ્રવી નથી. તેથી જરૂર આને અગાઉ આવું કંઈક કર્યું હશે.

૩૬ : આપની ચરણરજના સ્પર્શથી આનો દેહ ભગવદીય થશે જોકે ધર્મની દૃષ્ટિથી આને ભગવદીય દેહ પ્રાપ્ત અધિકારીતા તો નથી. ચરણરજના અધિકારી તો ગુણાતીત હોવા જોઈએ આ તો સગુણ છે. તેથી તો સાત્વિકી લક્ષ્મી ચરણરજ અધિકાર પ્રાપ્તિ માટે સર્વ કામના છોડી વ્રત ધારણ કરીને તપ કરે છે.

૩૭-૩૮ : ભગવાન (૧) મૂળરૂપે (૨) તત્વરૂપે (૩) વેદ રૂપે (૪) જગત રૂપે (૫) જીવ રૂપે, (૬) સંઘાત રૂપે હોવા છતાં એકરૂપ ગણાય છે. આ પાંચ પ્રમેયરૂપ છે. તેના જ પાંચ વિભાગો ૧. વેદના અર્થરૂપ, ૨. તંત્રના અર્થરૂપ, ૩. ગુણાર્થરૂપ, ૪. અંતર્યામિરૂપ અને ૫. અવતાર રૂપ તેમ દર્શાવ્યા છે. પહેલાં પાંચ પ્રમેય અને પછીના પાંચ તે સ્વરૂપથી કરેલ લીલારૂપ છે.

૩૯ : અહીં સર્ગરૂપ કહે છે. આપ મૂલરૂપ છો. આપના પ્રકટ અને અપ્રકટ તેમ બે રૂપ છે. સ્મૃતિ, સાંખ્ય અને વેદમાં કહેલ આત્મા તે મળીને મહાત્મા થયા. પુરુષ સદ્‌રૂપ છે. મહાન આનંદરૂપ છે અને આત્મા ચિદ્‌રૂપ છે. ભૂત અને ભગવાન વચ્ચે ભેદ નથી. પર હોવાથી સર્વનું સાશન કરે છે. સર્ગલીલામાં પ્રથમ ભગવાન પછી પુરુષ, મહતતત્ત્વ, અહંકાર, ભૂત અને જગત. તે પછી પર વિરાટ નારાયણ તેથી બ્રહ્માંડ વિગ્રહ. આમ સર્ગલીલા કહી.

૪૦ : હવે વિસર્ગ લીલા સહિતના બ્રહ્મરૂપને નમન કરે છે. આપ જ્ઞાન-વિજ્ઞાનના નિધિરૂપ, અનંત શકિતવાળા, અપ્રાકૃત તેવાને નમન કરીયે છીએ.

૪૧ : સ્થાન - નિયમનરૂપ લીલા, કાળરૂપ, કાલનાભ, વિશ્વરૂપ કર્તા-કારણ છો તેમ કહી નમન કરે છે.

૪૨ : હવે પુષ્ટિલીલા કહે છે - ૨૮ તત્વોથી જે ગૂઢ છે તેવાને નમન કરે છે.

૪૩ : રૂપ સૃષ્ટિ-અર્થ સૃષ્ટિ કહ્યા પછી હવે શબ્દ સૃષ્ટિ રૂપે કહે છે. નામસૃષ્ટિ સૂક્ષ્મ - અવિકૃત બોધરૂપ છે.

૪૪ : સમસ્ત વેદરૂપ પણ આપ છો. આનાથી સદ્‌ધર્મરૂપ મન્વંતર કહ્યા.

૪૫ : ઈશાનુકથા કહી જેમાં ચતુમૂર્તિરૂપ કહ્યા તેથી સર્વ ભકતના પતિ છો અને ભકિત પ્રવર્તક છો.

૪૬ : આપ ચતુમૂર્તિ છો. ગુણોના કારણે સ્વરૂપને ઢાંકો છો. અહીં ઈશાનુકથા કહી છે. ત્રિગુણ આપનું બગાડી શકતા નથી. કેમ કે આપ તો માત્ર ગુણોના દ્રષ્ટા છો. પોતાના ધર્મો પ્રકટ કર્યા માટે સગુણ કહેવાય છે.

૪૭ : ભગવાનની લીલા અગમ્ય છે. પરંતુ આપના થકી જ સર્વ તત્વોના સ્વરૂપને જાણી શકાય છે. સર્વના પ્રેરક, મનન કરનાર અને મૌની છો. હવે જ્ઞેય - જાણવા લાયક પ્રભુ જ છે.

૪૮-૫૩ : સર્વના સાક્ષી, સર્વરૂપ, દ્રષ્ટા તથા કારણરૂપ છો. આ પ્રકારે અનેક પ્રકારે નાગપત્નીઓએ સ્તુતિ કરી.

૫૪-૫૯ : ત્યાર પછી ભગવાને નાગને છોડી દીધો ત્યારે નાગે શ્લોક ૫૫ થી ૫૯ સુધી સ્તુતિ કરી.

૬૦-૬૩ : ત્યારે ભગવાને તેને આજ્ઞા કરી કે તારે યમુનાજીના ધરામાંથી સમુદ્રમાં રહેવા જવું અને હૈયાધારણા આપી કે હવે તેને ગરૂડ નહિ રંજાડે કેમ કે તારા માથે મારા ચરણોની છાપ છે.

૬૪-૬૭ : પછી નાગ વ. ભગવાનનું પૂજન કરી વિદાય થયા. અને વ્રજવાસીઓ માટે યમુનાજી વિષરહિત થયા.

## અધ્યાય - ૧૭/સુબો. અ. ૧૪ તામસ પ્રમેય - ૩

# દાવાગ્નિ પાન- ગાય - ગોપોનું રક્ષણ (યશ)

૧-૧૨ : રાજાએ જિજ્ઞાસા કરી કે નાગે ગરૂડના કયા અપરાધથી રમણક દ્વિપ છોડયો ? ત્યારે શુકદેવજીએ પૂર્વ કથા કહી કે ગરૂડથી બચવા સર્પોના સમૂહે નિત્યપણે તેમના માટે સર્પોનો ભાગ કાઢતા. પરંતુ અભિમાની કાલીયને પોતાના ઝેરનું અભિમાન હતું તેથી ગરૂડનો ભાગ તે જ ખાઇ જવા લાગ્યો, ત્યારે ગરૂડે તેના પર આક્રમણ કરીને ભગાડયો ત્યારે તે કાલિંદીના ઊંડા ધરામાં પેસી ગયો. આ સ્થળે એકવાર ખૂબ ભૂખ્યા ગરૂડે માછલું ઉઠાવ્યું ત્યારે ત્યાં તપ કરતા સૌભરી મુનીએ તેને મના કરી કે તે જીવો મુનીના આશ્રયે હતા છતાં ગરૂડે માછલું ખાધું. તેથી મુનિએ શાપ આપ્યો કે ગરૂડ આ ધરા પરથી ઉડશે તો મૃત્યુ પામશે આ વાત કાલીય જાણતો હતો તેથી અહીં છુપાયો.

<u>વિશેષ</u> : ઇન્દ્રિયના અધ્યાસરૂપ કાલીયની કથા કહી તેથી વ્રજભકતોનો ઇન્દ્રિયાધ્યાસ દૂર થયો તો પ્રાણાધ્યાયસરૂપ અગ્નિથી દાહ ન થયો તે કથા હવે કહેવાશે. કશ્યપની બે પત્નીમાંની વિનતાથી ગરૂડ થયા અને કદ્રુથી નાગો થયા. બન્ને માતા વચ્ચે વૈર હતું તેથી ગરૂડ સર્પોને મારતા પણ વ્યર્થમાં સર્પોને ન મારે માટે વાસુકીનાગે સલાહ કરી આપી કે મહિનામાં એકવાર તેને ખાવા માટે સર્પો આપવા. આ ઠરાવ બ્રહ્માજીએ ગરૂડ પાસે કબૂલ કરાવ્યો હતો.

૧૩-૨૪ : ભગવાને યમુનાજીના ધરામાંથી નાગને ભગાડીને આપ સુંદર આભૂષણોથી આભૂષિત થઇને બહાર આવ્યા. તેથી સર્વ વ્રજવાસીઓના પ્રાણ સચેત થયા. પશુ. વ. પણ પ્રસન્ન થયા ત્યારે નંદરાયજીએ પોતાનો પુત્ર બચી ગયો તેથી વિપ્રોને ઘણું દાન કર્યું. માએ લાલને ગોદમાં લીધો. થાકયા-પાકયાં બધાંએ કાલિંદી તીરે જ રાત્રી મુકામ કર્યો ત્યારે વ્રજને ઘેરી લેતી ભયંકર આગ

ફાટી નીકળી ત્યારે ગભરાઈને વ્રજવાસીઓ કૃષ્ણના શરણે ગયા ભગવાન તેમની રક્ષા કરવા અગ્નિને તુરત પી ગયા.

## અધ્યાય - ૧૮/સુબો. અ. ૧૫ તામસ પ્રમેય - ૪

# બલદેવજીએ પ્રલંબાસુરને માર્યો

૧-૧૬ : ગ્રિષ્મઋતુ આવી ત્યારે રામ-કૃષ્ણ ગોપબાળકો સાથે વિનોદ કરતા વનમાં પધાર્યા. વૃંદાવનમાં તો ગ્રિષ્મ પણ વસંત જેવી લાગતી હતી. તેથી વિહાર કરવાની ઈચ્છાથી પ્રભુ વેણુ વગાડતા હતા. કોઈ નાચવા લાગ્યા, કોઈ યુદ્ધની રમત રમવા લાગ્યા અને પરસ્પર વાહ વાહ પોકારતા હતા તથા બીજી પણ વિવિધ પ્રકારની રમતો રમવા લાગ્યા. આ પ્રકારે કૃષ્ણ-બલરામ ગાયો ચારતા હતા.

૧૭-૩૨ : ત્યારે પ્રલંબ નામનો દૈત્ય ગોપનો કપટવેશ ધરીને, કૃષ્ણને મારવાના ઉદ્દેશથી ગોવાળીયામાં ભળી ગયો. ભગવાન જાણી ગયા છતાં તેને ભળવા દીધો. પછી ગોપોની બે ટૂકડી બનાવી એકના નાયક રામ અને બીજાના કૃષ્ણ બન્યા. તે રમતમાં જીતનાર ઘોડેસ્વાર થતો અને હારેલ ઘોડો થઈને પેલાને ઊંચકી નિયત સ્થળે મૂકી આવે તેમ ઠર્યું. આ પ્રકારે રમતા અને ગાયો ચારતા તેઓ ભાંડરિક વન પાસે આવ્યા. રામનો પક્ષ જીત્યો તેથી ભગવાન કૃષ્ણે રામના પક્ષવાળા શ્રીદામાને પીઠ પર બેસાડ્યો અને પ્રલંબે બલદેવજીને ઉઠાવીને આગળ અને આગળ ચાલ્યો પણ જઈ શકયો નહિ ત્યારે તેનું દૈત્યસ્વરૂપ પ્રકાર થઈ ગયું અને આકાશમાર્ગે ઉડવા લાગ્યો. પહેલાં તો બળદેવજી સ્હેજ ગભરાયા પણ પ્રભુના વચનો યાદ આવતાં સ્વસ્થ થઈને પ્રલંબ પર મુષ્ટિના પ્રહાર કર્યા. તેથી પ્રલંબના પ્રાણ આકાશમાં જ નીકળી ગયા.

આ જોઈને ગોવાળીયા વિસ્મય પામ્યા અને અભિનંદન તથા આશીષ આપવા લાગ્યા તથા ભેટ્યા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી.

## અધ્યાય - ૧૯/સુબો. અ. ૧૬ તામસ પ્રમેય - ૫

# ભગવાને બીજીવાર દાવાગ્નિપાન કર્યું (જ્ઞાન)

વિશેષ : અજ્ઞાનરૂપ આત્મદોષને અગ્નિને મિષે ભગવાન પાન કરશે તેથી સારી રીતે નિરોધ સિદ્ધ થશે. તેનાથી સ્ત્રીઓની ભગવાનમાં આસક્તિવાળી પ્રીતિ થશે. તે પછી દાસો આનંદથી સ્વચ્છંદ લીલા કરશે.

૧-૧૬ : ગોપબાળકો રમતમાં મશગૂલ છે અને ગાયો ઘાસના લોભમાં દૂર દૂર નીકળી ગઇ ત્યાં વનમાં દાવાનળ લાગ્યો તેના તાપથી ઘણી તરસી થયેલી ગાયો ભાંભરવા લાગી ત્યારે બાળકોને ખ્યાલ આવ્યો કે ગાયો તો દૂર ચાલી ગઇ છે. ગોપો તેમને મહામહેનતે શોધીને પાછા આવતા હતા ત્યાં તો ચારે બાજુ અગ્નિથી ઘેરાઇ ગયા. તેથી સૌ ગોપો કૃષ્ણને શરણે જઇ વિનંતી કરવા લાગ્યા. ત્યારે ભગવાને તેમને આંખો બંધ કરવા કહ્યું. પછી ભગવાને અગ્નિને પોતાના મુખમાં સમાવી લીધો. પછી તેઓએ આંખો ખોલી ત્યારે પોતાને ભાંડીરવનમાં જોયા. આ લીલાથી આશ્ચર્ય પામી તેઓ કૃષ્ણને દેવ તરીકે માનવા લાગ્યા. પછી ભગવાન સૌને લઇને વ્રજમાં પધાર્યા. આ બાજુ વ્રજમાં રહેલી ગોપીઓને ભગવાન વગરની પ્રત્યેક ક્ષણ સો સો યુગો જેટલી લાગતી હતી. તેથી પધારેલા ભગવાનને નિરખી આનંદમગ્ન થઇ ગઇ.

## અધ્યાય - ૨૦/સુબો. અ. ૧૭ તામસ પ્રમેય - ૬ વૈરાગ્ય

## વર્ષા - શરદ વર્ણન

૧-૧૨ : રામકૃષ્ણે પ્રલંબ વધ કર્યો અને દાવાનળથી બચાવ્યા તે વાત ગોપોએ ભગવદીય હોવાથી ગોપીઓને ઘરે આવીને કહી તેથી ગોપીઓ પણ ભગવાનને દેવ જાણવા લાગી.

એટલામાં વર્ષાઋતુ આવી કે જે સર્વ પ્રણીને ઉત્પન્ન કરનારી છે. વર્ષાઋતુ સર્વનો શોક મટાડીને પોષણ કરનાર છે. ભગવત્ક્રીડા સામગ્રી ૨૧ પ્રકારની છે. દિશાઓ ખિલી ઉઠી છે, વાદળાં ગાજે છે. આકાશ સગુણબ્રહ્મ જેવું અસ્પષ્ટ - ધૂંધળું થઇ ગયું છે. કૃષ્ણ અને આકાશની સામ્યતા બતાવી. ઘનશ્યામ કૃષ્ણ, મેઘની જેમ વાંસળી બજાવે છે અને વિજળી જેવું પીળું પિતાંબર છે. શ્રુતિ છે आकाश शरीरं ब्रह्म આઠ માસ સુધી ચૂસેલા જળને તે હવે પાછું આપે છે. સૂર્યના સ્વરૂપ આ. ભૌતિક આદિત્ય, આધ્યાત્મિક પર્જન્ય અને આ.દૈવિક સંવત્સર છે. કાળ સ્વરૂપ વર્ષાથી પૃથ્વી પુષ્ટ થઇ છે. વેદ ત્રણ યુગ સુધી જ રહે છે. વેદની મર્યાદા પ્રવૃત્તિ તો વસંતમાં હોય, વર્ષામાં નહિ તેથી અહીં ભગવાન પુષ્ટિ પ્રકટ કરે છે. જ્યાં ત્યાં આડાં અવળા પાણીના વ્હેણ વહે છે. આમ ૧-૧૨ શ્લોકથી ઋતુન્યાયથી વર્ણન કર્યું.

૧૩-૨૪ : હવે બાર શ્લોકોથી માસ પ્રમાણે વર્ણન કરે છે. નવીન જળને સેવન કરનારનું રૂપ નિખરે છે. નદી સમુદ્રને ધસમસતી મળી તેથી સમુદ્ર ખળભળ વા લાગ્યો. પર્વતની ભેખડો જળમાં પડવા લાગી. નૂતન ઘાસ ઉગવાથી કેડીઓ

ઢંકાઈ ગઈ. વીજળી થાય છે. આકાશમાં મેઘધનુષ થાય છે. આકાશમાં ચાંદની મેઘથી ઢંકાઈ ગઈ છે. મયૂરો મેઘથી આનંદીત થાય છે. વૃક્ષોનું નવું રૂપ જણાય છે. સારસ પક્ષી સરોવરનું પાણી ઉભરાતાં પોતાનો માળો બદલે છે. ખેતરની પાળો તૂટી જાય છે. યોગ્ય નક્ષત્રમાં પડતો વરસાદ અમૃત સમાન બની રહે છે. આ બધું જ વર્ણન ત્રણ લોક બાર માસ પાંચ ઋતુ અને સૂર્ય તેમ એકવીસ પ્રકારે વર્ષાનું વર્ણન કર્યું. ઉપરોકત વર્ષાના વર્ણન સાથે સંસારથી લઈને ભકત સુધીના વિવિધ માર્ગ પર ચાલતા જનોની સ્થિતી સાથે સરખામણી કરી દીધી છે. ૩ + ૧૨ + ૫ + ૧ = ૨૧.

૨૫-૩૧ : હવે ભગવાનના અને તેમના છ ગુણોનું વર્ણન ૭ શ્લોકથી કરે છે.

ભગવાને પકવ ફળોવાળા વનમાં બળદેવજી અને ગાયો સહિત પ્રવેશ કર્યો. ગાયો દૂધથી ભરેલ છે છતાં ભગવાનની બોલાવી દોડી આવે છે. ત્યાં વનની ગુફામાં બેસીને ભગવાન કંદમૂળ વ. આરોગે છે. શિલા પર બેસી છાક આરોગે છે. ત્યારે ગાયો વાગોળે છે. ભગવાન આવી સુંદર વર્ષાઋતુના વખાણ કરે છે.

૩૨-૩૮ : એમ કરતાં વર્ષાઋતુ પૂરી થઈ અને શરદ ઋતુ આવી આકાશ-જલ-વાયુ બધું જ નિર્મળ થઈ ગયું. ભગવાને જલ, જ્ઞાની, કુટુંબી, દરીદ્રી, વિરકત, યોગી અને ગોપીઓના દોષ દૂર કર્યા અને ચંદ્ર, માનવ, ગાયો, કમળો, ભૂમિ અને વર્ણોને છ ગુણથી શોભાવ્યા. આટલું શરદનું કાર્ય થયું ત્યારે ભગવાન તેમાં રમણ કરવાને દાખલ થયા.

ભક્તિ હૃદયાકાશમાં શોકરૂપ દોષને દૂર કરે છે. ભકતને નેત્રમાં જળ આવે છે. તેથી જળના દોષ દૂર થાય છે. ત્રણ પ્રકારના જીવોના દોષ ભક્તિ દૂર કરે છે. પ્રાણ અને અગ્નિથી દોષ દૂર થાય છે અને બળી જાય છે. પ્રસાદી અન્નથી પૃથ્વીનો મેલ દૂર થાય છે. આમ પાંચેય તત્ત્વ ભક્તિથી શુદ્ધ થાય છે સંસારીઓ સાથે રહેવા છતાં ભકત શુદ્ધ થાય છે તેથી ભકત જુદો પડે છે.

સર્વનો ત્યાગ તે જ પ્રાયશ્ચિત છે. (મેઘોએ પોતાનું સર્વસ્વ/જલ બધાંને આપી દીધું) મેઘ શ્વેત થતાં તેમનું તેજ વધ્યું. અતઃકરણના દોષ જાય તો તે પ્રકાશે. તે દોષ લોકેષણા, વિત્તેષણા અને દારેષણા છે. ત્રિવર્ગ (ધર્મ-અર્થ-કામ) છોડે તો એષણા જાય તો શાંત થવાય. મેઘમાં આ બધા ગુણો શરદથી આવે છે. જ્ઞાન દોષ નિવર્તક છે અને શુદ્ધ છે. પર્વતના ઝરણાંની જેમ તે કયારેક મળે કે ન પણ મળે એટલે કે પૂર્ણાધિકારીને જ આપે. જેમ જળ સૂકાતાં

માછલાંએ સ્થાન બદલવું જોઈએ તેમ મનુષયનું આયુષ્ય ઘટતું જાય છે ત્યારે જો તે અજ્ઞાનમાં રહે તો ઉદ્ધાર ન થાય. જળ સૂકાતાં તેમાનાં જીવો દુઃખી થાય છે. તેમ અંતઃકરણ દોષ ન હોય તો દુઃખ ન થાય. જેવાં કે દારિદ્રય, લોભ, સંસારીપણું વ.

૩૯-૪૮ : હવે ૧૦ શ્લોકથી શરદના ગુણોનું વર્ણન કરે છે.

શરદમાં કાદવ ઓછો થઈ લતા જેમ પ્રૌઢ બને છે તેમ ધીર પુરૂષો અનાત્મ દેહમાંથી મમતા છોડતો જાય છે. મન શાંત થતાં મુનીઓને વેદાર્થનું અનુસંધાન નથી રહેતું, જેમ શરદમાં સમુદ્ર શાંત થાય છે. ખેડૂતો પાણી જતું ન રહે માટે પાળા બાંધે છે તેમ જ્ઞાનીઓ પ્રાણને (ઇન્દ્રિયોને) સંયમમાં રાખીને ટકાવી રાખે છે. ભગવાન વ્રજવાસીઓના દેહાભિમાનથી થયેલ દુઃખને દૂર કરે છે તેમ શરદથી થયેલ તાપને ચંદ્ર દૂર કરે છે. જેમ સ્વચ્છ આકાશમાં ચંદ્ર ચાંદનીથી શોભે છે તેમ સાત્વિક ચિત્ત અતી શોભે છે. આકાશમાં ચંદ્ર શોભે છે તેમ યાદવોથી વીંટળાયેલા ભગવાન શોભે છે છતાં પણ ગોપીજનોના તાપ ન ગયા. પશુપક્ષી કામનાવાળા થયા. કુમુદ સિવાયના બધા કમળોનો વિકાસ થયો. અનાજ પાકવાથી બધાં ઈન્દ્રસંબંધિ ઉત્સવ ઉજવવા લાગ્યા. વર્ષાના કારણે એક સ્થળે ગોંધાઈ રહેલા બધાં પોતપોતાની પ્રવૃત્તિ માટે ઘર છોડવા લાગ્યા. એટલે કે સંયમીઓને ફળ મળ્યું પરંતુ તે ભોગવ્યા પછી ફરી તે દેવો દેહને પામ્યા.

<u>અધ્યાય-૨૧/સુબો. અ. ૧૮</u> <u>તામસ પ્રમેય-૭ ધર્મી</u>

# વેણુગીત

૧-૬ : શરદને લઈને જળ સ્વચ્છ થયા છે, તેમાં ઉગેલા કમળો પરથી સુગંધીત વાયુ વહી રહ્યો છે. તેવા કાળમાં ભગવાને વૃંદાવનમાં ગાયો-ગોપો સાથે, ક્રીડા કરવા માટે પ્રવેશ કર્યો. ત્યાં પક્ષી-ભમરા નદી સરોવર વન પર્વતો ગુંજન કરી રહ્યા હતા. ત્યારે ભગવાને વેણુ વગાડતાં વનમાં પ્રવેશ કર્યો. પરંતુ તેમને (ગોપીઓને) પ્રયત્ન છતાં સ્મરવેગને કારણે ભગવાનના સ્વરૂપનું વર્ણન ન કરી શકી ત્યારે ભગવાને કૃપા કરીને પોતાનું સ્વરૂપ - મોરપીચ્છ ધારણ કરેલ, નટ અને વર જેવા શ્રીઅંગવાળું, કાનમાં કરેણના પુષ્પ ખોસેલા, શ્રી કંઠમાં વૈજયંતીમાલા ધારેલ, તેવા પ્રભુ અધરામૃતથી વેણુના છિદ્રોને પૂરે છે, તેવું જણાયું. આવા પ્રભુની કીર્તિ, સાથેના ગોપવૃંદો ગાતા હતા. તેવા પ્રભુએ રમ્ય

જણાતા વૃંદાવનમાં પોતાના ચરણ વડે પ્રવેશ કર્યો. જે વેણુનાદ સર્વ પ્રાણીના મનને હરનારો છે તેને સાંભળતાં જ બધી વ્રજસ્ત્રીઓ ભેગી થઇને એકબીજાને કહેવા સંભળાવવા લાગી.

૭-૧૯ : ગોપીઓ કહેવા લાગી - જેણે આ વ્રજેશપુત્રના મુખને સેવ્યું છે તેને જ નેત્રોનું ફળ મળ્યું છે, તે સિવાય બીજું કોઇ ફળ નથી. આમ સંયોગનું વર્ણન કરીને હવે કેવલ રસરૂપ (વિપ્રયોગ)નું વર્ણન કરે છે કે આ તો રંગભૂમિ પરનો નટવર જેવો શોભે છે કેમ કે તેણે વિચિત્ર વેશ જેવા કે મયુરપિચ્છ, કુમુદની માળા, અને તેવા જ વસ્ત્રો ધારીને તે શોભી રહ્યો છે.

આ રસની આધિદૈવિકતાનો સંપાદક તો વેણુનાદ છે તેથી હવે તેનું વર્ણન કરતાં કહે છે કે આ વેણુએ એવાં તે કેવાં પુણ્યકર્મ કર્યા હશે કે દામોદરના અધરમાં રહેલી ગોપી સંબંધી સુધાને ભોગવે છે !

૧. જેનાથી બચેલી સુધાનું પાન નદીઓ કરે છે તેથી તે પુલકીત થાય છે અને
૨. વૃક્ષોને તેનું પાન કરવાથી હર્ષાશ્રુ આવે છે.
૩. ભગવાનનું નૃત્ય જોઇને મયૂર નૃત્ય કરે છે.
૪. અને ચરણસ્પર્શથી પૃથ્વી ધન્યતા અનુભવે છે.
૫. હરણીઓ પતિ સાથે હોવા છતાં નંદકુમારની નેત્રો વડે પૂજા કરે છે અને ભગવત સત્કારને હૃદયમાં ધારણ કરે છે.
૬. પ્રભુના દર્શને કરીને દેવ પત્નીઓ વિહ્વળ થઇ જાય છે. જેથી વસ્ત્રો ખસી જવાનું પણ ભાન નથી રહેતું.
૭. ગાયો કાનના પડીયા ઊંચા કરી વેણુનાદને પીવે છે
૮. વાછડાં સ્તનપાન કરતા અટકી જાય છે.
૯. વૃંદાવનના પક્ષીઓ તો મુનીઓ છે. તે આંખો બંધ કરી વેણુનાદને માણે છે.
૧૦. નદીઓને વેણુનાદ સાંભળતાં કામ થયો જેથી ભમરી પડી અને તરંગો વડે તે આલિંગન કરવા લાગી. તથા પ્રવાહ અટકી ગયો.
૧૧. વાદળાં મિત્ર બનીને ભગવાનના છત્રરૂપ બનીને મિત્રતા અદા કરવા લાગ્યા.
૧૨. વનની ભિલડીઓ ભગવાનના ચરણારવિંદને લાગેલ કેસરને પોતાના વક્ષસ્થળ પર લગાવીને સ્વરૂપાનંદનો અનુભવ કરે છે.
૧૩. ગિરિરાજ ભગવાનના ચરણસ્પર્શથી પ્રમુદીત થાય છે.

આમ વેણુનાદના પ્રભાવથી સ્થાવર ચેતનની જેમ અને ચેતન સ્થાવરની જેમ વર્તે છે.

શ્લો. ૨૦ આ પ્રકારે ભગવાનની ક્રીડાનું વર્ણન કરતી ગોપીઓ પોતે જ ભગવન્મયી થઇ જાય છે.

વિશેષ આ અધ્યાયમાં ગોપીઓના સ્નેહની ઉત્તરાવસ્થા આસક્તિનું વર્ણન છે.

૧ થી ૫ : ગોપીઓ પોતાના ઘરમાં બેસીને વનમાં પ્રભુથી કરાતી લીલાને જોઇ શકે છે અને તેનું વર્ણન પોતાની સમાનશીલ ગોપીઓ સાથે કરે છે. તે જ રીતે આસક્તિવાળા ગોપો રાત્રી ચરિત જોઇને તેનું વર્ણન દિવસે પોતાના સખાઓ સાથે કરે છે. અહીં એક શ્લોકથી ભગવાનનો વૃંદાવનમાં પ્રવેશ કર્યો અને બીજા શ્લોકથી વેણું કૂંજન કરીને ભકતોને પ્રેમનું ઉદ્‌બોધન કર્યું જેને ભગવદ્ સ્વરૂપમાં આસક્તિ હોય તે ભગવદ્ ગુણગાન વગર રહી ન શકે ગોપીઓનો પ્રેમ સોપાધિક નથી પણ સહજ છે. કૂંજન દ્વારા ભકતોમાં પ્રેમ વધારનાર ભગવાન અલૌકિક હોવાથી કૂંજન પણ અલૌકિક છે તેથી ગોપીઓએ પંચ પર્વા વિદ્યારૂપ પાંચ શ્લોક પછી જ વર્ણન શરૂ કર્યું છે.

આમ ભગવાન અને ગોપીમાં અભેદતા થઇ ગઇ છે. તેથી આ વર્ણન ધર્મી રૂપક છે. પંચપર્વા વિદ્યા સુધી ધર્મ આવી ગયો. ભગવત સ્વરૂપ હૃદયમાં પધાર્યા પછી જ વર્ણન કરી શકયા છે, વર્ણન ન કરી શકવાનું કારણ સ્મરવેગ હતો. ભગવાન મોરપીચ્છ ધારણ કરીને નૃત્ય કરે તેવું રસાવિષ્ટ સ્વરૂપ નિહારીને વર્ણન ન જ કરી શકે. નટવર વપુ કહેવાથી રસ સંયોગ-વિપ્રયોગ તેમ બે પ્રકાર અહીં છે. જેમાં વિપ્રયોગ ધર્મી-નિરપેક્ષ છે અને ફલરૂપ છે. જો કે જ્ઞાનની જેમ હૃદયમાં રહેલા ભગવાનથી ભકતને સંતોષ નથી માટે ભગવાન રસિકને માટે રસરૂપ થવાને કરેણના પુષ્પો ધરે છે, કેમ કે રસ કર્ણ દ્વારા પી શકાય. રસને ગુપ્ત રાખવા રૂપ પિતાંબર ધર્યું છે અને પિતાંબરને પણ ઢાંકી દેનાર વૈજયંતીમાળા ધરી છે, જે કીર્તિમયી છે. તેથી અહીં ઉદ્દીપક (કરેણ) અને આચ્છાદક (પિતાંબર/માળા) બે રસ છે.

આમ અડધા શ્લોકથી રૂપ કહ્યું. હવે અડધા શ્લોકથી નામ કહે છે. સ્વરૂપાત્મક સુધાને હૃદય સુધી પહોંચાડનાર સાધન વેણુ છે તેથી તે અધિકાર સંપાદક છે. વેણુના સાત છીદ્રો દ્વારા અધરસુધા નાદ દ્વારા કાન થકી ગોપીઓના હૃદયમાં આવે છે. આ નાદ સ્વરૂપાત્મક હોવાથી ભગવાન સાથે

રમાણનો અધિકાર સંપાદક છે. આ સુધા ત્રણ પ્રકારની છે. દેવભોગ્યા, ભગવદ્ભોગ્યા, અને સર્વાભોગ્યા. દેવોની સ્ત્રીઓના અધરમાં રહેલી સુધા તે દેવભોગ્યા એટલે કે જે દેવો ગોપો રૂપે, ગાયો રૂપે પશુ-પક્ષી સ્થાવર વ. થઈને આવ્યા. ભોગ્ય સુધા છે ત દેવભોગ્યા. બીજી ભગવદભોગ્યા સુધાનો અધિકાર ભગવાનને જ છે. આ સ્વરૂપાત્મક સુધાને ભગવાન વેણુ દ્વારા જેના કાનમાં પૂરે છે ત્યાંથી તે ગુણગાન રૂપે બહાર અધર પર નીકળે છે તેવી ગોપીજનોના અધર પર રહેલી સુધા તે ભગવદભોગ્યા સુધા. ત્રીજી જેનો અધિકાર કોઈને નથી, આ સુધાનું દાન પ્રભુ જેને કરે તેને થાય. તેવી સર્વાભોગ્યા સુધા. તે કેવળ શબ્દની સાથે કર્ણ દ્વારા હૃદયમાં પ્રવેશ કરે, આ સુધા અધિકાર સંપાદિકા છે તેથી તેવાને સ્ત્રી દેહ મળે છે જેના ભોકતા ભગવાન જ છે. ઉચ્છિષ્ટથી એ સુધાનો ભોગ ન થઈ શકે.

સેવાફળમાં કહેલ વૈકુંઠમાં સેવોપયોગી દેહ તે દેવભોગ્યા, સાયુજ્ય તે ભગવદ્ભોગ્યા અને અલૌકિક સામર્થ્ય તે સર્વાભોગ્યા. બીજા નંબરના અંતર્ગૃહગતા છે. પહેલા લીલાપરીકરમાં પક્ષી-વૃક્ષ-લતા વ. છે અને ત્રીજા સર્વાત્મભાવનાયુકત છે કે જેમને ભગવાન સર્વ સાધનરૂપ બન્યા છે. અને તેઓ તો વિપ્રયોગ ફળ નો અનુભવ કરે છે. તેને ભગવાનના બાહ્ય સ્વરૂપની પણ અપેક્ષા નથી. આ અધિકાર શ્રુતિરૂપાનો છે. આ સુધા બ્રહ્માનંદથી પણ અધિક છે. એને ભગવાન નાદની સાથે જોડીને વેણુના છિદ્રથી બહાર કાઢીને (તે વેણુને પણ સ્પર્શ નથી કરતી) કાન દ્વારા ગોપીના હૃદયમાં જઈને પ્રભુના વર્ણન દ્વારા મુખથી સુધા નીકળે છે ત્યારે તે મુખને ભગવદ્ ભોગ યોગ્ય કરે છે. અને પરસ્પર વર્ણન કરવાથી જ તે પૂર્ણ થાય છે તે પહેલાં નહિ. કેમ કે વેણુમાંથી કોઈને એક સ્વરૂપ જણાયું તો બીજાને બીજું, તે બધુંય એકબીજાને કહ્યું ત્યારે તે પૂર્ણસ્વરૂપ થયું. આમને પૂર્ણ નિરોધ થયો, જ્યારે ગોપો તથા આ સિવાયની ગોપીઓને સૂક્ષ્મ નિરોધ થયો. આવાને મુકિત આપ્યા પછી આશ્રય સિદ્ધ કરાવે છે. તે માટે ૧૧-૧૨ સ્કંધની લીલાનો ઉપયોગ છે. દશમ સ્કંધની લીલાનો ઉપયોગ મુખ્ય ગોપીઓનો છે. તેથી ૧૧-૧૨ સ્કંધવાળા ભકતોને બ્રહ્માનંદરૂપા લક્ષ્મી કહ્યા છે. આવા લક્ષ્મીના અંશોને સાક્ષાત્ નહિ પણ ક્રમે કરીને ફળ છે.

સ્ત્રીભાવથી જ ભકતો ભોગ્ય બને છે તેથી પ્રકરણના અંતમાં સ્ત્રીઓનું નિરૂપણ છે. તેથી દંડકારણ્યવાસી ઋષિઓને પણ સ્ત્રીત્વ થયું. રૂપ ભોગ માટે સ્ત્રી શરીર આવશ્યક છે. અધરામૃતથી સ્વચ્છંદ થયેલા ગોપો ગુણગાન કરે છે.

શ્લો. ૬ : શરૂમાં ભગવાને સ્વરૂપને મુખ્ય રાખ્યું અને વેણુનાદને ગૌણ કર્યો તેથી ગોપીઓને સ્વરૂપાનુભવ થતાં તે વર્ણન ન કરી શકી. જ્યારે નાદની પ્રધાનતા કરી ત્યારે તેઓ સમાનશીલ ગોપીઓ સાથે વર્ણન કરી શકી. એકબીજા સાથે સંભળાવવાથી બધા અંશો પૂર્ણ થતાં તેમના હૃદયમાં પૂર્ણ સ્વરૂપ સ્થિર થયું.

વિશેષ આનું જ અનુવર્ણન ૧૩ શ્લોકથી ગોપીઓ કરે છે.

૨ શ્લોક સંયોગ-વિપ્રયોગ રસનાર શ્લોક વેણુ પૂર્યો, વૃન્દાવનમાં સ્વચ્છંદ ચરણ આ ૪ શ્લોક પીઠીકાના થયા. ૬ શ્લોક વેણુનાદ ભગવદ્ રૂપ છે તે બતાવવા ભગવાનના છ ગુણો કહ્યા. ૨ શ્લોક વૃંદાવનમાં ભક્તિનું સ્થાપન ૧ શ્લોક 'મર્યાદાથી જુદી રીત કરી' તેનું સમાધાન કર્યું. ૧૩ શ્લોકથી ગોપીઓએ વેણુગીત ગાયું. (૮ થી ૨૦)

૭ : ભાવનાથી તેમને હૃદયમાં જે સ્વરૂપ દેખાયું તે ફળરૂપ છે, ભગવાન મળે ત્યારે (૧) આલાપ (૨) દર્શન (૮) આશ્લેષ કે (૯) સેવાની રીતે સ્પર્શ કરવો (૩) અધરામૃતનું પાન (૪) ભોગ કરવો (૧૦) રોમાંચ થવો (૫) કૂંજન સાંભળવું (૬) સુગંધ લેવી (૭) તેમની પાસે જવું

આમ દશ ઈન્દ્રિયો તથા તેમાં રહેલ મનથી ભગવાન સાથે જોડાવું તે જ ફળ છે, તેમના માટે મોક્ષ ફળ નથી. જે કામ વ. થી દર્શનાદિ કરે છે તે સોપાધિક છે, તેમની ભક્તિ ગૌણ છે.

૮ : પલ્લવ, મયૂરપિચ્છ અને વસ્ત્રો વેશમાં ઉપયોગી છે. તે રસ બતાવવામાં ઉપયોગી છે. પ્રવાલથી રસ, પિચ્છથી રૂપ અને કમળથી સુગંધ. ધર્મીના આચ્છાદન માટે માયા છે તેથી પિતાંબર ધર્યું છે. રસ-રૂપ અને ગંધ એ ગુણના પરસ્પર ગુણપ્રધાન ભાવથી નવ રસ થાય છે. વાદ્ય-ગીત અને નૃત્ય રસોદ્દીપક છે, સંગીત શાસ્ત્રીય છે નૃત્ય રાજસ છે.

૯ : વેણુ ભગવાનના મુખ પર છે તો તો પુરૂષ વાચક છે તેથી ભગવાન તેનો ભોગ નથી કરતા તેથી અધરસુધા ગોપી સંબંધી છે. પરંતુ વેણુના આવા ભાગ્ય તે તો ભગવદ્ કૃપાના કારણે જ છે. વેણુએ સુધાભોગ નથી કર્યો તેનો વિસ્તાર અનેક શંકા-સમાધાનથી કર્યા છે. નદીઓના કમળ નદીના રોમાંચરૂપ અને વૃક્ષમાંની મધુરાધારા તેના હર્ષરૂપે છે. તે સુધાના કારણે જ ભગવદ્ અધરસુધાથી આવા વિકારો થયા છે.

૧૦ : દેવોના ચરણ ભૂમિને સ્પર્શતા નથી તો ભગવાનના તો ન જ સ્પર્શે પણ આ તો ભૂમિનું સૌભાગ્ય છે કે તેમાં ભગવાનના ચરણચિન્હો ની છાપ

પડે છે. ગોપી કહે છે કે અમારા હૃદયમાં તેવી છાપ નથી પડતી એવા અમે દુર્ભાગી છીયે. પોતાની નિંદા કરનારી ગોપી નિર્ગુણા છે. 'દેવકીસૂત' કહ્યા કેમ કે દેવકીના પુત્ર થઇને તેમના મનોરથ પૂરા કર્યા તેમ અમારા પણ કરશે. આર્દ્રભાવ હોય તો જ છાપ પડ. લક્ષ્મી ભગવાનના ચરણમાં રહે છે તેથી પૃથ્વીની કીર્તિ વૃંદાવનથી કહી. ચરણ સ્થાપન એટલે ભક્તિનું સ્થાપન કહ્યું. મેઘગર્જના થતાં મયૂરો ભાન ભૂલીને ટહૂકા કરે છે અને નાચે છે આ ભક્તિનો ઉદ્રેક છે, આ વૃંદાવનની શોભા છે. જે પ્રાણી આ ટહૂકાને સાંભળે છે તે જ્ઞાની છે. મેઘ ગાજે ત્યારે સાપ વ. ગિરિ પર ચઢી જાય છે, આવા ઉર્ધ્વગતિવાળા જ્ઞાની છે.

ભગવાનના ઐશ્વર્યાદિ છ ભગ છે, તે પ્રત્યેક ભગ હરિણિ, અપ્સરા, ગાયો, પક્ષીઓ, નદીઓ અને મેઘમાં દેખાય છે. એ વાત ૬ શ્લોકથી કહી છે.

હરિણિ જેવી મૂઢ જાતિ પણ પૂજન કરે તે ઐશ્વર્ય, દેવ સ્ત્રીઓમાં કામની અસર થાય તે વીર્ય, મૂઢ પશુ ખાન-પાન છોડી ધર્મ કરે તે યશ, જે ગાયોમાં તથા વત્સમાં દેખાયું આ ત્રણ તામસ, રાજસ અને સાત્વિક કહ્યા હવે વૃંદાવનના મુની કે જે પક્ષીઓ, ગોવર્ધન વ. ગુણાતીત છે. આ શ્રીગુણ છે. સ્વભાવ બદલાય તેને જ્ઞાન કહેવાય, અહીં નદીઓનો વહેવાનો સ્વભાવ બદલાયો. મેઘે પ્રીતિને કારણે ભગવાનના ચરણમાં સર્વસ્વ ધરી દીધું. અને ભગવાનના દુઃખનું નિવારણ કર્યું એ વૈરાગ્ય.

૧૧ : હરિણીઓને ભય નથી તેથી તો કૃષ્ણમૃગને સાથે રાખીને પ્રભુની દૃષ્ટિથી પૂજા કરી. ગોપી કહે છે અમે એવા નથી માટે તેઓ ધન્ય છે.

૧૨ : અપ્સરાઓએ ભગવાનનાં દર્શન દિવ્યદૃષ્ટિથી કર્યા. ભગવાનને તેમને ગમતો વિચિત્ર વેશ ધર્યો છે. ભગવાનના એક વેણુગીતથી જ તેઓ મોહિત થઇ ગયા. દેવીઓ મનુષ્યથી પૂજવા યોગ્ય છે, મનુષ્યથી ભોગ્ય નથી. દેવીઓ દુઃખ સહન કરવા લાયક નથી, તો પણ કામે તેમનો વિવેક હરિ લીધો. આ ચરિત્ર રસાભાસરૂપ છે કેમ કે તે દેવીઓ હોવા છતાં મોહ થયો.

૧૩ : પશુ તો રસના જાણકાર નથી છતાં તેમના હૃદયમાં ભગવાનના રસનો સ્પર્શ થયો તે યશ.

૧૪ : પક્ષીઓને જ્યારે બચ્ચાં મરી જાય કે તુરત મા-બાપનો સંબંધ તૂટી જાય છે તો તેમને બીજાનો સંગ તો કયાંથી થાય પણ આ પક્ષી તો મુનીઓ છે, તે ભગવાનની લીલા નિરખવા વૃંદાવનમાં આવ્યા છે. તેમણે પહેલાં રૂપનું

પાન કર્યું. હવે વેણુનાદ શ્રવણ કરે છે તેથી હૃદયમાં અનુભવ કરે છે. અહીં જ્ઞાનધર્મ છે.

૧૫ : નદીમાં થતા આવર્ત તેની મૂર્છારૂપ છે તેને કામ થવાથી વિવેક જતો રહ્યો તેથી તરંગોરૂપી ભૂજા લંબાવીને ભગવાનનો ચરણસ્પર્શ ચાહ્યો અને પોતાના હૃદયરૂપી કમળની ભેટ ધરી. તેમની સ્થિતિ એટલી જ છે કેમ કે નદી દેવતા છે.

૧૬ : મેઘોએ સખ્યસંબંધ રાખ્યો. મેઘમાં પણ ભગવાનના જેવા ગુણો તાપહારકતા, શ્યામતા અને જીવનદાતૃત્વ છે. આમ સમાનશીલ હોવાથી સખ્ય છે તેથી તો ભગવાને કહ્યું નહિ છતાં પ્રભુ ઉપર છાયા કરી અને કુસુમાવલી (જળની) થી આત્મનિવેદન કર્યું.

૧૭ : વનવાસી પુલંદીનીઓએ પ્રભુ ચરણનું કુમકુમ જે ઘાસ પર ચોટચું હતું તે પોતાના હૃદય અને મુખ પર લગાવ્યું તેથી મનોરથ પૂરો થવા (ચરણસ્પર્શ) સાથે કામ શાંતિ પણ થઈ. ભગવાનને ત્યાં ભેદભાવ નથી.

૧૮ : પુલિંદીનીઓને ગોવર્ધનરૂપ ભગવદ્ ભકતના સંગથી પૂર્ણતા થઈ. ગોપીઓ કહે છે અમે ગોવર્ધન ગયા હોત તો તેમના જેવા ભકતનો સત્-સંગ મળ્યો હોત ! આ ભિલડીઓ સાત્વિક કે ગુણાતીત છે, કેમ કે તે ભગવાનનો સત્કાર યથા સાધનથી કરે છે. ગોવર્ધન તો ગાયોને ઘાસ-જળ, પ્રભુને કંદરામાં આરામ, ગોપ વ. ને કંદમૂળ-ફળ આપે છે જ્યારે આપણે તો ભગવાન માખણચોરી કરે તો ફરિયાદ કરીએ છીએ તેથી તેઓ ભકતશ્રેષ્ઠ છે.

૧૯ : ગોપીઓ કહે છે ભગવાન અને આપણે બન્ને ગોપકુળના છીએ, સજાતીય છીએ છતાં તેમના પર પ્રભુ કૃપા નથી કરતા અને હરિણિ, ગાય વ. પશુ છે છતાં તેમના પર કૃપા કરે છે. ગોવર્ધન તો ગાયોને ઘાસ-જળ, પ્રભુને કંદરામાં આરામ, ગોપ વ. પશુ પુલીંદી ક્ષુદ્ર જાતીની છે અને પશુ છે છતાં તેમના પર કૃપા કરે છે. આવું કેમ ? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાનનું ચરિત્ર વિચિત્ર છે. પોતે સાક્ષી તરીકે રહીને પણ બધું કરાવનારા છે. તેથી તો જડ વસ્તુઓ પણ ચેતનની જેમ વર્તે છે જેમ કે વૃક્ષો પુલકાયમાન થાય છે, નદીનું જળ સ્થિર થઈ જાય છે. આનાં કારણોમાં ભગવાન વનમાં વિહાર કરવાથી વન પવિત્ર થાય છે અને તેવા પવિત્ર વનમાં ગોવાળ અને ગાયો ફરવાથી તેમની પણ શુદ્ધિ થાય છે. વેણુનાદથી વૃક્ષોને પ્રભુનો સંબંધ થાય છે. તેથી જ તે બધાં અયોગ્ય હોવા છતાં યોગ્ય થઈ જાય છે. જેમ કે પ્રભુ માત્ર દોરડાના છેડા

પાસ-પાસે રાખે છે તેથી વૃક્ષો ડરે છે કે એમને બાંધશે, (ગાયો દોહવા માટે પાછલા બે પગ બાંધવાનું દોરડું) તેથી તે પોતાના રસ શ્રાવી દે છે. અને ચેતનવંત વત્સ વ. સ્થિર થઈ જાય છે.

## અધ્યાય-૨૨ થી ૨૮  સુબો. અ./૧૯ થી ૨૫

## તામસ સાધન પ્રકરણાર્થ

૭૧-૭૩ : કારિકા કુમારીકાઓને ભગવાન સિવાય કોઈમાં વ્યસન નથી. તેમને હરિને પ્રાપ્ત કરવા જ ઉદ્દેશ છે અને તેથી દેહસંબંધિ લજ્જા પણ છોડી દીધી છે. ભગવાનની પ્રાપ્તિ માટે કાત્યાયની વ્રત રૂપ લૌકિક કાર્ય કર્યું. પણ પછી ભગવાનની આજ્ઞા થતાં લૌકિક વિચારનો ત્યાગ કરીને આપે જેમ કહ્યું તેમ તેમ કર્યું. વળી કુમારિકાઓ પ્રતિ દોષ દૃષ્ટિ અન્યોને ન આવે તે માટે આપ ગોપબાળકો સાથે પધાર્યા.  (અ. ૧૯)

૭૪-૭૫ : ભગવાને વૃક્ષોની પ્રસંશા કરી કેમ કે ગોપોને જ્ઞાન થાય, છતાં પણ તેમની ભૂખ ન ગઈ. ગોપ બાળકોને ભૂખ લાગી હતી, તેઓ બીજાના આશ્રયે તો જઈ શકે તેમ ન્હોતા તેથી ભગવાનને વિનંતી કરી.

૭૬-૭૭ : ભગવાનની પ્રીતિ માટે જે હર કોઈ લૌકિક-વૈદિક કાર્ય કરતા હોય તે વ્યસની કહેવાય. તે બે પ્રકારના...

(૧) લૌકિક કાર્ય કરનારા - તે કુમારિકાના વ્રતથી કહી.

(૨) વૈદિક કાર્ય કરનારા - વિપ્રો અને તેમની પત્નીઓની કથા કહી.

૭૮-૮૦ : જો કે વિપ્રો કહેતાં સાત્વિક હોય પણ અહીં તેમની કથા તામસ પ્રકરણમાં છે અને તેઓ પોતાને સ્વયંને 'મૂઢ' કહે છે. તેથી અહીં તેમને 'તામસ' કહ્યા છે. અહીં વિપ્રપત્નીઓને આંતર્ગૃહગતાઓની જેમ મુક્તિ થઈ કેમ કે તેઓ પતિઓનું યજ્ઞરૂપ સાધન પૂરું કરાવવા ઘરે ગઈ. ભગવાનની આજ્ઞા છતાં ગોપીઓ વનમાંથી ઘરે ગઈ નહોતી તેવું ન કર્યું કે નહિ તેમના પતિઓ ભગવાન પાસે આવ્યા. તેથી વિપ્રોની મુક્તિ તેમની પત્નીઓના સંબંધથી થવાની અને જેમ ગોપોની મુક્તિ તેમની પત્નીઓના સંબંધથી થવાની તે રીતે.

૮૧ : ભગવાને ભૂખ્યા ગોપબાળોને ગમે ત્યાંથી ખવડાવીને ભૂખ તૃપ્ત ન કરી પણ વિપ્રપત્નીઓ પાસે માંગવા કહ્યું. મતલબ કે દોષ વગરના ભકતો સાથે ભોજન કરવું જોઈએ. ભગવાનના સેવક અને બીજાઓમાં શો ભેદ તે જણાવવા

૧. વ્રત ૨. આજીવિકાનું જ્ઞાન ૩. દાન ૪. માહાત્મ્યનો બોધ આ ૪ વાતનો આ ૧૯-૨૦માં અધ્યાયથી બોધ કર્યો. લોકમાં બે પ્રકારના ફલ કહ્યા છે. (૧) વેદમાં કહેલી કામનાઓથી કરવામાં આવતું અને (૨) લૌકિક પ્રકારની કામનાઓથી કરવામાં આવતા અ. ૨૦ માં વૈદિક કર્મોમાં શ્રદ્ધા ન રાખવાનું જણાવેલ છે.

૮૪ : અન્ન ઘાસના પ્રયોજનથી ઈન્દ્રયાગ કરવામાં આવે તો તે ફલ આપનારો થાય (અન્વય) અને તેમ ન કરવામાં આવે તો ફળ ન મળે (વ્યતિરેક) આવી નંદની માન્યતાનું ખંડન અ. ૨૧ થી ૨૪ સુધીના ૪ અધ્યાયથી કરેલું છે.

પ્રારંભમાં ભગવાને નંદે કહેલા હેતુઓનું ખંડન કર્યું. અને જે ઉત્તમ કર્મ (ગાયો, બ્રાહ્મણો અને ગોવર્ધનનું પૂજન) હતું તે કરાવ્યું.

૮૮-૮૯ : ઈન્દ્રનો યજ્ઞ પડતો મૂકયો તેથી તે કરાવવા દઢ નિશ્ચયવાળા ઈન્દ્રે ક્રોધ કરીને વ્રજનો નાશ કરવા પ્રયાસ કર્યો, જે ભગવાને નિષ્ફળ કર્યો. તે ભગવાને અ. ૨૨ માં કહ્યું. ભગવાનના સામર્થ્ય બાબતની ગોપોની આશંકાને પણ દૂર કરવી છે કે જેથી હવે પછી તે ગોવર્ધન યજ્ઞ જ કરે. આ યજ્ઞમાં હવિષ ગાયો, મંત્ર ઋષિઓ અને પહેલા જેનું પૂજન થતું હતું તે ઈન્દ્રની સમ્મતિ અ. ૨૪ માં છે. ઈન્દ્ર ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે ગાયો વતી કામધેનુ અને ઋષિઓ ભગવાનનો ઈન્દ્ર તરીકે અભિષેક કરે છે.

ઈન્દ્રયાગ તજી ગોવર્ધનયાગ કરવા લાગ્યા. તે અ. ૨૧ થી ૨૪ માં કહ્યું. ભગવાને અવૈષ્ણવ વ્રતો ત્યજાવ્યા એટલું જ નહિ પણ ધર્માસક્તિવાળા વૈષ્ણવવ્રતોને કારણે જો ભજન બરાબર ન થઈ શકતું હોય તો તેવા પણ ત્યજવા એ જણાવવા માટે અ. ૨૫માં નંદે કરેલી અગીયારસના નિરૂપણથી કહ્યું.

૯૦-૯૪ : હવે પછી પાંચ પ્રકારના સાધન કહેવાશે જેના થકી ભગવાન ભકતની ઈચ્છા પૂરી કરે છે. તે જણાવવા માટે ગોપોને ગોકુળમાં રહીને જ વૈકુંઠના દર્શન કરાવીને તેમની ઈચ્છા પૂરી કરી. જો કે ભગવાન તો તેમને ભજનાનંદનું દાન આપવા ચાહતા હતા તેથી તો વૈકુંઠમાં રાખ્યા નહિ પણ આ તો તેમને વિશ્વાસ રહે માટે ગૌણ ફળ આપ્યું.

હવે પાંચ સાધન કહે છે.

૧. માયાના મોહને દૂર કરી સદા કૃષ્ણઆજ્ઞામાં રહેવું. આ કુમારિકાના પ્રસંગમાં અ. ૧૯ માં કહ્યું.

૨. વૃક્ષની પેઠે પરોપકારવાળા થવું અને શુદ્ધ અન્નથી જ જીવન નભાવવું. અ. ૧૯ તથા ૨૦ માં બતાવ્યું.

૩. ભગવાનનું માહાત્મ્યજ્ઞાન પ્રાપ્ત કરી; તેમની ઈચ્છા જાણીને આપવું. આ અધ્યાય ૨૧ માં બતાવ્યું.

૪. યજ્ઞો વ. નો ત્યાગ કરવો અને ભગવાનની ઈચ્છા હોય તો વ્રતોનો પણ ત્યાગ કરવો અ. ૨૧ થી ૨૪

૫. પોતાનું ઈચ્છેલું પ્રાપ્ત થઈ જાય તો પણ ભગવાની ઈચ્છા પ્રમાણે તેમની સેવા વ. માં રચ્યા પચ્યા રહેવું. અ. ૨૫

## અધ્યાય-૨૨ સુ. અ./૧૯ તામસ સાધન પ્રકરણાર્થ

# કુમારિકાઓએ કાત્યાયની વ્રત કર્યું

વિશેષ : હવે પછીના સાત અધ્યાયમાં જે સાધનો ભગવાન કરાવે છે તે ફળ સુધી પહોંચાડનારો નિરોધ છે.

અહીં પંચપર્વા વિદ્યા કહી છે, અવિદ્યા નામમાત્રય નથી. પ્રથમ ગોપ અને પછી ગોપીઓની કર્મ-જ્ઞાનાત્મિકા લોકાનુસારીણી વિદ્યા કહે છે. આ અ. ૨૨ માં કુમારીકાનું વ્રત અને ભગવાનના સ્વરૂપમાં રહેલા કુમારોને જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવે છે.

પ્રથમ વિદ્યાપર્વ : પ્રથમ અધ્યાયનો અર્થ એ છે કે આપણા દેહ, ઇન્દ્રિય અર્થ વ. નો ભગવદર્થ સાક્ષાત કે પરોક્ષ ઉપયોગ કરવો : ભૂખ-તૃષા વ. ની નિવૃત્તિ માટે ભગવાન સિવાય અન્ય પાસે માંગવું નહિ.

બીજું પર્વ : એ કે ભગવાનમાં ભાવ થવામાં પ્રભુનો અનુગ્રહ જ નિયામક છે, નહિ કે શાસ્ત્રીય સાધનો,

ત્રીજું પર્વ : બીજાનું ભજન છોડીને માત્ર ભગવદ્ ભજન કરવું. બીજા ધર્મોને ભગવદ્ ઈચ્છા જાણીને છોડી દેવા.

ચોથું પર્વ : સર્વ અર્વસ્થામાં ભગવાન પોતાના જનની રક્ષા કરે છે જ માટે માત્ર ભગવાનની સેવા જ કરવી. અન્ય ચિંતા ન કરવી.

પાંચમું પર્વ : માહાત્મ્યજ્ઞાન પૂર્વક સર્વતોધિક દઢ સ્નેહ. આ બધાં અનુક્રમે ૧ થી ૫ અધ્યાયના અર્થ છે.

કાત્યાયની વ્રત પ્રસંગે કૃષ્ણની આયુ ૭ વર્ષની છે અને કુમારિકાઓની ૫ વર્ષની, તેથી લૌકિક દૃષ્ટિએ પણ દોષ નથી.

૧-૨૭ : હેમંતના પહેલા માગસરમાં કુમારિકાઓએ હવિષ્ય ભોજન કરીને કાત્યાયની દેવીનું પૂજન કર્યું. જેમાં અરૂણોદય પહેલાં કાલિન્દીમાં સ્નાન કરીને તેના કિનારે રેતીથી દેવીની મૂર્તિ બનાવીને તેમનું પૂજન કર્યું અને માંગ્યું કે ''નંદ-ગોપના પુત્ર અમારા પતિ થાય.'' તેથી તેઓ કૃષ્ણમય ચિત્તવાળા થયા.

એકવાર તે બધી કિનારે વસ્ત્રો મૂકીને કાલિંદીના જલમાં ક્રિડા કરવા લાગી ત્યારે યોગેશ્વર કૃષ્ણ કુમારિકાઓનો મનોરથ જાણીને મિત્રો સહિત ત્યાં પધાર્યા અને હસતાં હસતાં તેમનાં વસ્ત્રો લઈને કદંબની ઉપર ચડી ગયા. પછી મશ્કરીમાં કહેવા લાગ્યા કે - અહીં આવીને પોત પોતાના વસ્ત્રો લઈ જાઓ. કુમારિકાઓ આને મશ્કરી સમજીને જલમાંથી બહાર ન નીકળ્યા. પરંતુ જ્યારે પ્રભુએ વસ્ત્ર ન આપ્યા ત્યારે તેમણે અનેક પ્રકારે વિનંતી, કે ધમકી આપી ત્યારે ભગવાને ફરી કહ્યું કે તમે મારી દાસી હો તો અહીં આવીને વસ્ત્ર લઈ જાઓ. વળી તમે નિઃવસ્ત્ર રહીને વ્રત હોવા છતાં સ્નાન કર્યું તે દોષની નિવૃત્તિ માટે નમસ્કાર કરીને વસ્ત્ર લઈ જાઓ. ત્યારે કુમારિકાઓ વ્રતની પૂર્તિને માટે તે કહ્યા પ્રમાણે કર્યું કેમ કે વ્રતમાં દોષ રહી ગયો હોય તે ભગવાનને અંતે નમસ્કાર કરવાથી દૂર થાય છે. ભગવાને તેમના પર દયા લાવીને વસ્ત્રો આપ્યા.

ભગવાને આટ-આટલું કરવા છતાં તેમને ભગવાન પર રોષ ન રાખ્યો પણ પોતાના હિતમાં જ થયું તેમ જાણ્યું ત્યારે તેમની પ્રીતિમાં વધારો થયો. અને તેઓ પ્રભુ સંગમના ચિત્તવાળા થયા તેથી સંકોચાયા અને સ્થિર થયા. ત્યારે ભગવાને તેમની પ્રશંસા કરીને કહ્યું કે તમારો મનોરથ સિદ્ધ થવા યોગ્ય છે. મારામાં બુદ્ધિનો આવેશ (મહાત્મ્ય જ્ઞાન) થાય તેને સાંસારિક કામ રહેતો નથી. માટે તમે હવે સિદ્ધ થયા છો તેથી આ રાત્રીઓમાં તમારી સાથે રમણ કરીશ.

૨૮-૩૬ : કુમારીકાઓ વ્રજમાં ગયા અને ભગવાન્ ગોપબાળકો સાથે વૃંદાવનમાં દૂર ગયા. ત્યારે ભગવાને તેઓને પોતાનો ધર્મ સમજાવવા કહ્યું કે આ વૃક્ષો પ્રત્યેક ઋતુમાં દુઃખ સહન કરીને પણ બીજાને સુખરૂપ થાય છે. વૃક્ષો સારા ગૃહસ્થની જેમ કોઈ પણ યાચકને નિરાશ નથી કરતા. માટે બીજાનું ભલું કરવું એ ધર્મ છે.

૩૭ : ત્યારે ગાયોને ચારતા ગોવાળીયા ભૂખથી દુઃખી થઈને ભગવાનને તેનું નિવારણ થાય તેવું કરવા કહેવા લાગ્યા.

# યજ્ઞપત્નીઓનો ઉદ્ધાર

વિશેષ : આ અધ્યાયમાં વૈદિક કર્મ અને જ્ઞાન કહ્યું છે તથા તેનો નિર્ણય કર્યો છે તે વિચિત્ર જણાય છે. બ્રાહ્મણોની સ્ત્રીઓનો ઉત્તમ ભાવ છે. તેથી તેમના દ્વારા બ્રાહ્મણોને ભગવદ્ જ્ઞાન થશે ત્યારે તેઓને પશ્ચાતાપ થશ.

૧-૩૨ : ગોવાળીયાઓએ ભગવાનને કહ્યું અમે ખૂબ ભૂખ્યા થયા છીએ. આપ જ કંઈક કરો.

ત્યારે બ્રાહ્મણ સ્ત્રીનું કલ્યાણ કરવા ભગવાને કહ્યું - તમે અહીં બ્રાહ્મણો દેવયજન કરે છે ત્યાં જાઓ અને અમારું નામ દઈને રાંધેલો ભાત માગો. ત્યારે ગોવાળીયાઓએ જઈને બ્રાહ્મણોને તે પ્રમાણે વિનંતી કરી અને શાસ્ત્રીય આધાર આપ્યો કે આમ કરવાથી દોષ નહિ લાગે. આ બ્રાહ્મણો ક્ષુદ્ર અપેક્ષાઓ માટે મોટું કર્મ કરવાવાળા આડંબરી હતા તેથી 'તો તો યજ્ઞભંગ થાય' તેમ ધારી ગોવાળીયા પ્રતિ ધ્યાન ન આપ્યું. તેઓ ભગવાનના સ્વરૂપને ઓળખી ન શકયા કે સર્વ યજ્ઞ તથા તેની સામગ્રી વ. તે જ બન્યા છે. તેથી તેઓ હા કે ના કંઈ ન બોલ્યા તેથી ગોવાળીયાએ પાછા જઈ ભગવાનને સર્વ વૃત્તાંત કહ્યો. ત્યારે ભગવાને મનમાં વિચાર્યું કે લૌકિક ગતિ આવી જ હોય છે કે કયારેક માંગેલ પણ મળે છે તો કયારેક નથી મળતું તો કયારેક તો માંગનારને ઉત્તર પણ નથી મળતો. પછી ભગવાને તેઓને યજ્ઞપત્નીઓ પાસે જઈને અન્ન માંગવા કહ્યું અને કહેવડાવ્યું કે - હું અહીં સમીપમાં જ છું. ત્યારે ગોપોએ બધી વિગત કહી ત્યારે તેઓનું મન ભગવાનના દર્શન માટે ખૂબ જ ઉત્કંઠીત થયું. તેથી સર્વ સામગ્રી સારી રીતે સિદ્ધ કરીને પોતાના પ્રિય તરફ ધસમસી, કે પતિ, પુત્રો, ભાઈ સગાંઓથી રોકી ન રોકાઈ. તેઓને ભગવાનના અનૂપમ સૌંદર્ય સહિત દર્શન થયા. અને ત્યારે તે સ્વરૂપ હૃદયમાં પધરાવતાં જ તેમના ઘણા કાળના તાપ શાંત થઈ ગયા. ત્યારે ભગવાને તેમનું સ્વાગત કર્યું અને કહ્યું કે સર્વને જે કંઈ પ્રિય લાગે છે તે હું સર્વનો આત્મા હોવાથી પ્રિય લાગે છે. તમે મારું દર્શન કરી લીધું તેથી હવે તમે ગૃહસ્થી હોવાથી તમારા પતિ પાસે જાઓ. તમારા વગર તેમનો યજ્ઞ પૂરો નહિ થાય. ત્યારે યજ્ઞ પત્નીઓએ કહ્યું કે આપના ચરણમાં આવેલ પાછો સંસારમાં ન જાય તથા હવે અમને અમારા દેહસંબંધિઓ સ્વીકારશે પણ નહિ. ત્યારે પ્રભુએ કહ્યું - દેહ સંબંધિઓ તમારા પર દોષારોપણ નહિ કરે, દેવો સન્માન કરશે તથા મારામાં મન લગાવવાથી

તમે મને જલ્દી પ્રાપ્ત થશો.

૩૨-૫૨ : તે પછી યજ્ઞ પત્નીઓ પાછી ગઇ, પતિઓએ તેમને કંઇ ન કહ્યું અને યજ્ઞ પૂર્ણ કર્યો. એક યજ્ઞ પત્ની કે જેને તેના પતિએ ન્હોતી આવવા દીધી તે તો હૃદયમાં ભગવાનનું આલીંગન કરીને ભગવદ્ રૂપ થઇ ગઇ, તેનો દેહ પડી ગયો. ગોપો તથા ભગવાને - યજ્ઞપત્નીનું લાવેલ ભોજન કર્યું. બ્રાહ્મણોને જ્ઞાન થયું કે આપણે ભગવાનનો અનાદર કર્યો તેથી પશ્ચાતાપ કરવા લાગ્યા તથા ભગવાનના અનુગ્રહનું સ્મરણ કરવા લાગ્યા.

તેઓએ પોતાના પાપ અને ભગવાનની અવજ્ઞાને યાદ કરી ભગવાનના દર્શનની ઇચ્છા હતી છતાં કંસના ભયથી તેમના દર્શનાર્થે વ્રજમાં ન ગયા.

અધ્યાય - ૨૪ (સુબો. અ. ૨૧) તામસ સાધન-૩

## ભગવાને ઈન્દ્રનો યજ્ઞભંગ કર્યો

વિશેષ : આ અધ્યાયમાં ગોપોના મનોકલ્પિત કર્મને ભગવાન બંધ કરાવે છે અને તેને ઠેકાણે વૈદિક કર્મને દાખલ કરે છે. જેમ બ્રાહ્મણોને ચેતવીને પોતાનું જ્ઞાન અ. ૨૩ માં કરાવ્યું તેમ અહીં દેવોને ચેતવ્યા. અ. ૨૨ માં તામસ સ્ત્રીઓની વસ્ત્રમાંથી મમતા લઇને, અ. ૨૩ માં રાજસ બ્રાહ્મણની સ્ત્રીઓમાંની મમતાને અને અ. ૨૪ માં સાત્વિક દેવોની હવિષમાંથી મમતા લઇ લીધી અને તેમનો ઉદ્ધાર કર્યો તે અહીં યાગભંગથી બતાવે છે.

શ્લો. ૧-૨૬ : બળદેવજી (પ્રમાણ) સહિત સ્વયં ભગવાન ગોકુળમાં બિરાજે છે છતાં ગોપો ઇન્દ્રયાગ કરે તે ભગવાને જોયું તેથી આપે નંદજીને પૂછ્યું - આ શું કરો છો ? તે કયા દેવ સંબંધિ છે અને તેનાથી શું ફળ મળે ? તેનાથી યજ્ઞસિદ્ધિ થાય ? વગર સમજે કંઇ પણ કરવામાં આવે તે યોગ્ય નથી ! આ ક્રિયા વૈદિક (શ્રુતિ) છે, સ્માર્ત (સ્મૃતિ) કે લૌકિક છે ? ત્યારે નંદજીએ સમજાવ્યું કે મેઘોના રાજા ઇન્દ્ર બધું જ જળ વરસાવે છે, તે ઇશ્વર છે. તેનાથી આપણા સૌનો નિર્વાહ થાય છે. આ પરંપરાને તોડીએ તો આપણું અનિષ્ટ થાય. ત્યારે ભગવાને કહ્યું - જે કંઇ થાય છે તે તો આપણા પોતાના કર્મથી થાય છે. કર્મમાર્ગમાં તો કર્મ જ ઇશ્વર છે. અને કર્મ સ્વભાવથી થાય છે. તેમાં ઇન્દ્રને વચમાં રાખવાનો શો અર્થ છે ? પ્રકૃતિના રજોગુણના કારણે તો બધું ઉત્પન્ન થાય છે. તે રજોગુણ (સ્વભાવ) જ મેઘને વરસવા પ્રેરણા કરે છે. વળી આપણે ગોવાળ હોવાથી આપણું કોઇ સ્થાયી સ્થાન નથી, આપણે તો વન અને

પર્વતમાં રહેનારા છીએ. તેથી આપણે તો ઈન્દ્રનો નહિ પણ ગાય, બ્રાહ્મણ અને પર્વતોનો યજ્ઞ કરવો જોઈએ. શ્લો. ૧૩ થી ર૬ થી આ પ્રમાણે.

ર૭-૩૦ : ભગવાને યુક્તિથી દલીલો કરી અને પછી કહ્યું કે બ્રાહ્મણોને બોલાવી વૈદિક યાગ કરો. દૂધ - અન્ન વ. સૌને ગાયો મનુષ્યો વ. ને લેવડાવો. બ્રાહ્મણ, અગ્નિ અને ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરો.

૩૧-૩૮ : ભગવાનની વાત માની લઈને નંદાદિએ તે પ્રકારનો યજ્ઞ કરવા નક્કી કર્યું અને તે પ્રમાણે જ કર્યું. ગોપોને વિશ્વાસ બેસાડવા શ્રીકૃષ્ણે બીજું રૂપ ધરીને 'હું પર્વત છું' તેમ બોલી બધી સામગ્રી આરોગ્યા. બાળક કૃષ્ણે પણ પર્વત શ્રીકૃષ્ણને નમસ્કાર કર્યા. આમ ભગવાન અનુમોદીત યજ્ઞ કરીને બધા વ્રજમાં આવ્યા.

<u>અધ્યાય-૨૫ (સુબો. અ. ૨૨)</u> <u>તામસ સાધન-૪</u>

## ભગવાને ઈન્દ્રનો માનભંગ કર્યો

૧-૭ : પોતાની પૂજાનો લોપ થતો જાણી તથા ગોપો પોતાના રક્ષક કૃષ્ણને માને છે તે જાણી ઈન્દ્રે નંદરાયજી વ. પર ગુસ્સો કર્યો અને તેથી પ્રલયકર્તા સાંવર્તક મેઘને વ્રજ પર તૂટી પડવા આજ્ઞા કરી અને 'હું જ ઈશ્વર છું' તેવું ગર્વનું વાકય બોલ્યો. ઈન્દ્રે વ્રજવાસીઓને અપમાનીત કરતાં ઘણાં વચનો કહ્યા અને વ્રજનો નાશ કરવાનો હુંકાર કર્યો.

<u>વિશેષ</u> : ઈન્દ્રએ ભગવાનને વાચાળ, બાલીશ, સ્તબ્ધ (અભિમાની), પોતાને પંડિત માનનાર, અજ્ઞ, મૃત્યુ ધર્મવાળા કહ્યા એટલે કે અનુક્રમે ઐશ્વર્યરહિત, જ્ઞાન ગુણ વગરના, યશના અભાવવાળા, જ્ઞાનભાવવાળા, અવિરકત, વ. છ ધર્મોથી રહિત કહ્યા ત્યારે તેનો અર્થ ખરેખર મહાપ્રભુજી પણ આવો જ કરે છે.

વાચાળ - જ્યાં વાણી ન પહોંચી શકે.

બાલીશ - વાલી (સુગ્રીવના ભાઈ) ને મોક્ષ આપનાર

સ્તબ્ધ - વૃક્ષ જેવા અક્કડ હોવાથી તો બધાં લોક (સત્ય લોક) વ. એકબીજાની ઉપર રહી શકે છે.

પંડિતમાની - વિદ્યાવાળાને માનનાર છે.

અજ્ઞ - જેનાથી પર જાણનાર કોઈ નથી તેવા સર્વજ્ઞ. છ ધર્મવાળા ધર્મી.

૮ : ભારી વર્ષાથી ખૂબ જ આતુર થઇ ગયેલા વ્રજવાસીઓ કૃષ્ણને શરણે ગયા. ભગવાને જાણ્યું કે આ ઈન્દ્રયાગ બંધ કરવાના કારણે જ ઈન્દ્રે કોપ કર્યો છે તેથી ભગવાને નિશ્ચય કર્યો કે લક્ષ્મીના (સંપતિ) મદરૂપ અજ્ઞાનને હું દૂર કરીશ. સાત્વિક ભાવવાળા દેવોને પોતાના ઐશ્વર્યનો મદ ન થવો જોઇએ. હું વ્રજનો રક્ષક છું અને શરણાગતની રક્ષા કરવી તે મારું વ્રત છે. એમ કહી ભગવાને રમતવાતમાં ગોવર્ધન પર્વતને ધારણ કરી લીધો. પછી ભગવાને બધાંને પર્વતની છાયામાં આવી જવા કહ્યું. અને બધાંના રક્ષણની જવાબદારી લઈને આશ્વાસન આપ્યું. આમ સાત દિવસ બધાંઓ પ્રભુના સન્મુખ જ રહ્યા. વ્રજવાસીઓને સલામત જાણીને ઈન્દ્રને વિસ્મય થયું અને તેથી પોતાનો સંકલ્પ પડતો મૂકયો. ત્યારે ભગવાને ગોવર્ધનને પાછો તેના મૂળ સ્થાન પર મૂકી દીધો અને બધાએ ભગવાનનું પૂજન કર્યું, આલીંગન આપ્યું વ. કરી સ્નેહ પ્રકટ કર્યો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. પછી ભગવાન બધાંની સાથે વ્રજમાં પધાર્યા.

અધ્યાય-૨૬ (સુબો. અ. ૨૩) તામસ સાધન-૫

## ગોપોને ભગવાનમાં અજ્ઞાન, અન્યથા જ્ઞાન દૂર થયું

વિશેષ : આ અધ્યાયમાં નિરુદ્ધ થયેલા વ્રજવાસીઓના કૃષ્ણ સંબંધિ અજ્ઞાન અને અન્યથાજ્ઞાનનું સર્વાંશે નિવારણ કરવામાં આવે છે. ભગવાને ગોવર્ધન પર્વત ઉઠાવીને પોતાનું ભગવદ્ સ્વરૂપ પ્રકટ કર્યું.

૧-૨૫ : ભગવાનના આવા અદ્‌ભૂત કર્મથી ગોપો વિસ્મય પામ્યા અને પછી જન્મથી શરૂ કરીને આજ લગીની પૂતના મોક્ષ, શકટાસૂર ભંગ, તૃણાવર્ત વધ, યમલાર્જુન મોક્ષ, બકાસુર વધ, વત્સાસુર વધ, ધેનકાસુર વધ, પ્રલંબાસુર વધ, દાવાનળ પાન, કાલીયદમન, ગિરિરાજધરન. આ સર્વ લીલાનું વર્ણન કરીને નિશ્ચય પર આવ્યા કે આ કોઇ મનુષ્યનું ગજું નથી તેમ લાગે છે. ગોપોના આવા વચન સાંભળીને નંદરાયજીએ કહ્યું - ગર્ગાચાર્યે કહ્યું જ હતું કે જે કૃષ્ણ નામે છે તે તો દરેક કાળમાં અવતાર લેનાર વસુદેવને ત્યાં આ કાળમાં જનમ્યો છે માટે ભલે વાસુદેવ કહેવાય પણ તેના તો અનેક નામરૂપ અને ગુણ છે, તે લોકો નથી જાણતા. રાવણ વ. અસુરોને નષ્ટ કરનાર એ જ છે. તે નારાયણ સમાન લક્ષણોવાળો છે. અને મેં તો ગર્ગવચનો સાંભળ્યા ત્યારથી તેને નારાયણનો અંશ જ માનું છું, બ્રહ્મ માનું છું. આ સાંભળીને ગોપોના મનમાં રહેલો સંદેહ દૂર થયો. તેથી સર્વએ ભગવાનની સ્તુતિ કરી.

## <u>અધ્યાય-૨૭ (સુબો. અ. ૨૪) તામસ સાધન-૬</u>

# ઈન્દ્ર અને સુરભિએ ભગવાનનો અભિષેક કરીને 'ગોવિન્દ' નામ ધરાવ્યું.

<u>વિશેષ</u> : આ અધ્યાયમાં ઈન્દ્રે અને સુરભિએ ભગવાનનો અભિષેક કરીને તેમને ઈન્દ્રપદે સ્થાપ્યા. ઈન્દ્રે સ્તુતિ કરી એટલે ભગવાને એને ઉપદેશ કર્યો. ભગવાને ઈન્દ્રના મદને દૂર કર્યો તેથી ભગવાનની આ લીલા સફળ થઈ સુરભિને ભગવાનમાં દાસભાવ થયો તેથી ભગવાનની ગોરક્ષા આધિદૈવિકી થઈ. સુરભિ વ. એ ભગવાનનો આધિદૈવિકી તરીકે સ્વીકાર કર્યો તેથી તો ભગવાનનો અભિષેક કર્યો. હવે પછીનો યાગ થશે તેમાં ઈન્દ્ર તો ભગવાન થયા તેથી ગોપોની પરંપરાનો ભંગ ન થયો.

૧-૧૭ : ભગવાને જ્યારે પ્રલયથી વ્રજની રક્ષા કરી ત્યારે ગોલોકમાંથી સુરભિ અને સ્વર્ગમાંથી ઈન્દ્ર બન્ને કૃષ્ણ પાસે આવ્યા. ઈન્દ્રે ભગવાનની અવજ્ઞા કરી તેથી ઘણો શરમિંદો થયો. ભગવાનને ઈશ જાણી તેણે સ્તુતિ કરી, સાથે સાથે પોતાની નિંદા કરી, વળી ભગવાનના અનુગ્રહથી પોતાનો મદ નાબૂદ થયો તેમ કહી ભગવાનને શરણે આવ્યો. શ્લોક ૪ થી ૧૩માં સ્તુતિ કરી ત્યારે ભગવાને કહ્યું તારો મદ ઉતારવા જ આ લીલા કરવી પડી. અને આદેશ કર્યો કે હવેથી મદરહિત દીનતાપૂર્વક મારી આજ્ઞા મુજબ સ્વર્ગનું શાસન ચલાવ.

૧૮-૨૮ : સુરભિ કામધેનુએ ભગવાનની સ્તુતિ કરી અને આપની ઈન્દ્ર તરીકેનો અભિષેક કરવાની વિનંતી કરી ત્યાર પછી અભિષેક કરીને આપનું 'ગોવિન્દ' નામ ધર્યું. ઐરાવતે સૂંઢમાં લાવેલ આકાશગંગાના જળથી સુરભિએ અભિષેક કર્યો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, જડ, પશુ વ. એ પોતામાંથી રસ પ્રકટ કર્યો. પ્રાણી વ. ના સ્વભાવ બદલાઈ ગયા. ભગવાનની અજ્ઞાથી ઈન્દ્ર સ્વર્ગલોકમાં સ્વાધિકાર ભોગવવા લાગ્યો.

<u>વિશેષ</u> : સર્વનું રક્ષણ કરનાર ભગવાન છે તેમ ઈન્દ્ર જાણે તો તેને મદ ન થાય. ભગવાનની ક્રિયાશક્તિ રૂપ હસ્તનો દેવતા ઈન્દ્ર, ભગવાનના છ ગુણોથી સ્તુતિ કરે છે. આપ તો નિર્ગુણ છો તેથી ક્રોધ ન સંભવે. આપનું તેજ શુદ્ધ સત્વથી પણ જુદા પ્રકારનું છે. ઈન્દ્ર ભગવાનને વિષ્ણુ જાણીને સ્તુતિ કરે છે. ભગવાન ધર્મરક્ષા અને ખલ નિગ્રહ માટે દંડ ધારણ કરે છે. ઈન્દ્ર કહે છે અમારો અધિકાર આપના થકી છે તે જાણતા ન્હોતા આ અમારી મૂર્ખાઈ છે.

# ભગવાને ગોપોને વૈકુંઠ બતાવ્યું

વિશેષ : નંદરાયજી વ. સૌએ ભગવાનનો અભિષેક જોયો. દેવોની સ્તુતિ સાંભળી આ પ્રકારે ભગવાનનું માહાત્મ્ય જાણ્યું. હવે ભગવાનનું પૌરુષ બતાવશે. નંદરાયજીનું જ્ઞાન ભગવત્ પર્યવસાયી (સંબંધી) થવું જરૂરી હતું. વરૂણ પણ કૃષ્ણનો સેવક છે તે ભાન થાય માટે તેમને વરૂણથી પકડાવીને છોડાવે છે. આમ થતાં તે સૌ ભગવત્ ચિંતન જ કરશે. તે પછી ભગવાન પોતાનું ધામ વૈકુંઠ બતાવશે. આમાં ધર્મીનું નિરૂપણ છે.

શ્લો. ૧ થી ૧૬ : નંદરાયજીએ એકાદશીનો ઉપવાસ કર્યો અને જ્યારે દ્વાદશી આવી ત્યારે અર્ધરાત્રે કાલિંદીમાં ન્હાવા ગયા. આ કાળમાં ન્હાય તો ફળ અસુરોને જાય તે નંદજી જાણતા નથી. તેથી વરૂણના સેવક તેમને બાંધીને વરૂણ પાસે લઈ ગયા. આ જોઈ ગોપો બેબાકળા થઈ ગયા. તેથી ભગવાન વરૂણ પાસે પહોંચ્યા. વરૂણે ભગવાનની પૂજા કરી તથા ભગવાનની સ્તુતિ કરી અને પોતાનું સદ્ભાગ્ય માનવા લાગ્યા. પોતે નંદજીને અજાણતાં પકડયા તેથી પોતે ક્ષમા માંગી. વરૂણે મનસા-વાચા-કર્મણા પૂજા કરી. ત્રણે પ્રકારે પ્રપત્તિ પણ કરી. પછી ભગવાન નંદજીને લઈને સ્વસ્થાનમાં આવ્યા. અપાર વૈભવવાળા વરૂણે પણ કૃષ્ણની સ્તુતિ કરી, તે જોઈને નંદજીએ આ વાત બીજા ગોપોને કહી ત્યારે ગોપોને થયું કે કૃષ્ણ તો ઈશ્વર છે. તો વૈકુંઠધામ આપણી સમક્ષ પ્રકટ કરશે. ત્યારે ભગવાને તેઓ પર કૃપા કરવા વિચાર્યું. જો કે સાધન કરીને ભગવાનનું સ્થાન પામતા તો કરોડો જન્મ નીકળી જાય કેમ કે તમસ જીવને અવિદ્યા લાગી છે. તેથી તે પોતાનો ઉત્કર્ષ ચાહતો જ નથી. તેથી કૃપા કરીને ભગવાને ગોપોને પોતાનું ધામ બતાવ્યું. બ્રહ્મહૃદમાં ડૂબાડયા અને બહાર કાઢયા. આ ધામ કે જ્યાં અક્રૂરજીને ભગવદ્ દર્શન થયા હતા. જે ધામમાં વેદો પણ કૃષ્ણનું સ્તવન કરતાં હતા. તે જોઈ તેઓ વિસ્મય પામ્યા. ભગવાન ઈશ્વરપણાથી તેઓના હૃદયમાં બિરાજ્યા ત્યારે તેઓ અક્ષરલોકને ત્યાં રહીને જ જોઈ શકયા. આ જોઈ ગોપોને બહુ જ આશ્ચર્ય થયું.

## તામસ ફલ પ્રકરણ અધ્યાય - ૨૯ થી ૩૫

(સુબો. અ. ૨૬ થી ૩૨)

કા. ૯૫ : હવે ૭ અધ્યાયમાં છ ભગવાનના છ ગુણ અને ફલરૂપ કૃષ્ણનું નિરૂપણ કરે છે. અ. ૧ માં ત્રણ પ્રકારના ઐશ્વર્ય કહે છે. સાધન પ્રકરણમાં

કહેલાં સાધનો કરવા રૂપ આસક્તિ વધતાં ભગવાનરૂપ ફળ પ્રાપ્ત થાય છે. અહીં છ ધર્મોનો ક્રમ અગાઉના પ્રમાણે ક્રમશઃ નથી. (૯૫) ભગવાને વેણુનાદ કરીને ગોપીઓને બોલાવી પાછા જવા વાણીથી-વાક્યથી કહ્યું પણ ગઈ નહિ પછી ભગવાને રમણ કર્યું તેમને ભગવાન પરનો અંદરનો ભાવ હોવાથી ગર્વ થયો આ પ્રસંગથી કર્તું અકર્તું અન્યથા કર્તુમ્ સામર્થ્ય (ભગવાનનું) દેખાયું. (૯૬) ગોપીઓને ભગવાનનો બહારથી સંબંધ થતાં કાયાથી રમણ કરાવ્યું અને ભગવાન અંતર્ધાન થયા ત્યારે મનથી રમણ કરાવ્યું, તે પછી ફરી પ્રકટ થયા ત્યારે વાણીથી રમણ કરાવ્યું. (૯૭-૯૮)

અ. ૨૭-૨૯ થી ભગવાન અંતર્ધાન લીલા કહી, ગોપીગીત કહ્યું. પછી પ્રકટ થઈને ગોપીઓને સંતોષ આપે તેવાં વચનો પણ કહ્યા. અ. ૨૯માં ભગવાન અંદરના ભોગને અટકાવી પ્રકટ થયા ત્યારે ગોપીઓના પ્રશ્નોનો સંતોષ થાય તે રીતે ઉત્તર આપે છે. (૯૯-૧૦૦) અ. ૩૦માં ભગવાન ગોપીઓ સાથે રમણ કરી આનંદનું દાન કરે છે. ભગવાન અંતર્ધાન થયા ત્યારે વિપ્રયોગરસનું દાન કરેલું તેથી ત્યાં ભગવાનનું વીર્ય જણાય છે. (૧૦૧) ગોપીગીતનાં વચનોથી (અ. ૨૮) ભગવાનનો યશ પ્રકટ છે. અ. ૨૯માં ભગવાન પ્રકટ થયા તે 'શ્રી' અ. ૨૬માં ઐશ્વર્ય કહ્યું જેમાં કરવાની, ન કરવાની અને કરેલું ફેરવવાની શક્તિ દર્શાવી તે 'શ્રી' છે.

અ. ૩૦માં ભગવાનના સ્વરૂપનું વર્ણન છે. (૧૦૨) અહીં ભગવાને સ્વરૂપથી સુખ આપ્યું છે નહિ કે ગુણોથી (૧૦૩) હવે

અ. ૩૧ માં વૈરાગ્ય ગુણથી ફળ આપનાર ભગવાનનું નિરૂપણ છે. અગાઉ ધર્મબુદ્ધિથી કરેલ ઈન્દ્રયાગ વ. થી સુખ થયું ન હતું વળી ધર્મબુદ્ધિથી મહાદેવ પાસે ગયા ત્યારે તેમના મુખ્યાને (નંદજીને) કાલે ગળતાં ભગવાને છોડાવ્યા. તેથી તે કર્મ ભગવાનને અર્પણ કરીને વ્રજમાં આવ્યા. મૂર્ખતાના કારણે પણ કદાચ અન્ય દેવ સંબંધિ કર્મ થઈ જાય તો પણ તે ભગવાનને અર્પણ કરવું. તમોગુણવાળા સર્વને શબ્દ બ્રહ્મનો આનંદ પ્રાપ્ત કરાવવા ભગવાને બલભદ્ર સાથે રહી રાસ કર્યો. આ અધ્યાયમાં ગોપો નન્દને સર્પથી છોડાવવા મથે છે પણ ભગવાન શાંત (આ.દૈ.) રહે છે. (ક) સર્વ તામસને શબ્દબ્રહ્મનો આનંદ પ્રાપ્ત કરાવવાનો હોવાથી ભગવાન બલભદ્ર સાથે ગાન કરે છે. (ખ) વેદમાં કર્મ કાલાનુસાર જ કરવાનું હોય છે. તેથી અહીં કાલનું સન્માન કર્યું છે. (આધ્યાત્મિક) (ગ) શંકરના સેવકો આધિભૌતિક છે તેમાંનો શંખચૂડ સ્ત્રીઓને ઉપાડી ગયો તેથી ભગવાને છોડાવી. (૧૦૭) સુદર્શન સર્પનો ચરણસ્પર્શથી

ઉદ્ધાર અને શંખચૂડના માથાનો મણિ કાઢી લેવાનું કાર્ય ભગવાને કર્યું, મણિ બલભદ્રને આપ્યો. એટલા માટે કે પ્રમાણરૂપ બલભદ્ર છે. તે આ રીતે ભગવાને પોતાના તામસ-ભકતોને કાલ વ. ના સંબંધથી દૂર રાખ્યા. (૧૦૯) ગોપોએ શિવરાત્રી પર પશુપતિનું પૂજન વ. નો ત્યાગ કર્યો તે વૈરાગ્ય. ભગવાને પોતાનો વૈરાગ્યધર્મ ભકતોમાં સ્થાપ્યો. ભગવાને કાલદોષથી આવેલા શંખચૂડનો મણિ પણ પોતાની પાસે ન રાખ્યો. તે આપનો વૈરાગ્ય ગુણ.

અ. ૩૨ માં 'જ્ઞાન' ગુણ જણાવેલ છે. અહીં યુગલગીતથી ભગવાનના ગુણોનું ગાન કર્યું છે તે જ તેમનું જ્ઞાન. ભગવાન અપ્રકટ હોય ત્યારે ભગવાનના ગુણોનું ગાન (જ્ઞાન) થાય છે. ભગવાન પ્રત્યક્ષ હોય ત્યારે ભગવાનનું ભજન (સેવા) કરવાનું છે. (૧૧૬) જેમનો નિરોધ સિદ્ધ થયો હોય તેમને પ્રત્યક્ષ કે પરોક્ષમાં ભકિત થાય છે. અનવસરમાં જ્ઞાન (ગાન) અને અવસરમાં ભજન ચક્રની જેમ ચાલે છે. સ્થિર નિરોધમાં જ્ઞાન અને ભકિત ચક્રની પેઠે સદા ચાલ્યા કરે છે. (૧૧૧-૧૧૨)

## અધ્યાય-૨૯ (સુબો. અ. ૨૬) તામસ ફલ-૧
# ભગવાને ગોપીઓ સાથે આત્માથી ક્રિડા કરી

વિશેષ : સમર્પિત - પ્રયન્ન જીવમાં ભગવાન પ્રવેશ કરીને તેને ભજનાનંદ આપે છે. આગળ કહ્યું તેમ વ્રજવાસીઓને બ્રહ્માનંદનો અનુભવ કરાવ્યા પછી તેમાંથી કાઢયા કેમ કે ઇન્દ્રિયોનો વિનિયોગ ભગવાન ન કરે તો ઇન્દ્રિયોનું હોવાપણું વ્યર્થ છે. આવા જીવોને ભજનાનંદ આ અધ્યાયમાં કહ્યો છે. ભજનાનંદનો અધિકાર સ્ત્રીઓને છે, તેમના થકી પુરુષોને મળે છે. રસરૂપ ભગવાનને અંતરમાં ઉતારવા સ્ત્રીઓ જ ફળરૂપ છે. રૂપલીલા પાંચ પ્રકારની છે. ૧. આત્માથી, ૨. મનથી, ૩. વાણી અને પ્રાણથી, ૪. ઇન્દ્રિયોથી અને ૫. શ્રીઅંગથી જે પાંચ અધ્યાયથી કહેવામાં આવી છે. જો કે પ્રત્યેક અધ્યાયમાં પાંચે પ્રકારની લીલા સંભવ છે. તે પછીના બે અધ્યાયથી પ્રવૃત્તિ નિવૃત્તિના ભેદથી નામ લીલા બે અધ્યાયથી કહી છે.

૧-૧૦ : શરદની રાત્રી એવી હતી કે ભગવાને કાત્યાયની વ્રત વેળા જે વરદાન આપેલ તેને અનુકૂળ વાતાવરણ હતું. તેથી હવે ભગવાને રમણ કરવા મન કર્યું. મલ્લિકાના પુષ્પો ખીલ્યાં છે, સર્વને શાતા આપતો ચંદ્ર ખિલ્યો છે. તે ચાંદનીથી વૃંદાવન લીંપાઇ ગયું છે ત્યારે ભગવાને અવ્યકત મધુર સ્વર વડે ગાન કર્યું. તે

ગીતને સાંભળીને વ્રજસ્ત્રીઓનાં મન ભગવાનને વશ થઇ ગયાં તેથી કોઇને જાણ ન થાય તેમ ઉતાવળે તથા સર્વ લૌકિક કાર્યો પડતાં મૂકી ચાલી નિકળ્યા. આમ દશ પ્રકારના ગોપીજનો વનમાં ભગવાન પાસે પહોંચ્યા. પણ જે ગોપીજનોને પ્રતિબંધ નડ્યો તે નીકળી શકયા નહિ તેમણે આંખો મીંચીને ધ્યાન કર્યું, તેમને અસહ્ય તાપ થયો તેથી જન્મ જન્માંતરનાં અશુભ ભસ્મ થઇ ગયા પછી હૃદયમાં પ્રાપ્ત થયેલા ભગવાનના આશ્લેષ સુખ વડે જન્મ જન્માંતરનાં શુભ કર્મો પણ ભોગવાઇ ગયા. આ ગોપીજનોને ભગવાનમાં જારબુદ્ધિ હતી છતાં ભગવાનથી સમાગમ થવાથી તેમનો ગુણમય દેહ છૂટી ગયો અને તેઓ સાયુજ્ય મુક્તિને પામ્યા.

૧૧-૧૨ : પરીક્ષિતને શંકા થઇ કે ગોપીજનોમાં તો ભગવાન પ્રતિ જારબુદ્ધિ હતી છતાં તેમના સંસારનો નાશ કઇ રીતે થયો ? શુકદેવજી સમાધાન કરે છે - જ્યારે શિશુપાલની મુક્તિ થઇ તો પછી આ ગોપીજનો તો ભગવાનને પ્રિય હતા તો પછી મુક્તિ શા માટે ન થાય ? ભગવાન તો નિર્ગુણ છે પણ મનુષ્ય કોઇ પણ પ્રકારે ભગવાનને ભજે તો તે ભગવન્મય થઇ જાય.

<u>વિશેષ</u> : અંતર્ગૃહગતા ગોપીઓના પ્રાણ નીકળ્યા પછી ભગવાને યોગમાયા વડે તેમના દેહમાં બીજા જીવ દાખલ કર્યા તેથી તેમનું લૌકિક કાર્ય તો યથાવત જ રહ્યું. ભગવાન નિઃસાધનોદ્ધાર માટે ભૂતલ પર પધાર્યા છે. અવતારદશામાં જ્ઞાન-ભક્તિનો ઉપયોગ નથી, તે તો અનવતાર દશામાં ઉપયોગી છે. વળી પ્રાણ, ઇન્દ્રિય, દેહ, પુત્ર, સ્ત્રી વ. માં હરિ જ છે એવી ભાવના કામ ક્રોધ વ. વડે કરતાં પણ પ્રપંચનો લય થાય છે.

ભગવાન પોતાનું જ્ઞાન આપીને મોક્ષ કરી શકે છે. યોગ વ. ના નિયામક પણ ભગવાન છે. અહીં ભગવાન સ્વરૂપથી જ સાધનરૂપ છે.

૧૩ થી ૨૭ : ત્યારે ભગવાને વ્રજાંગનાઓને કહ્યું, ૧. વ્રજમાં સર્વકુશળ છે ? ૨. અહીં આવવાનું પ્રયોજન શું છે ? ૩. તમે વ્રજમાં પાછા જાઓ, ૪. આ ઘોર વનમાં રહેવું તમારે માટે ઠીક નથી. ૫. તમારા સ્વજનો તમને શોધતા હશે, તેમને ચિંતા થાય તેવું ન કરો. ૬. ઘરે જઇને પતિ, બાળકો અને પશુની સંભાળ લો. ૭. જીવમાત્રને મારામાં પ્રીતિ થાય છે તેમ તમારી પણ થાય તે સહજ છે પણ તેથી કૃતિ નથી કરવાની. ૮. સ્ત્રીનો ધર્મ જ પરિવારની સેવાનો છે પછી ભલે ને પતિ ગમે તેવો પાતકી કેમ ન હોય ? ૯. ઉપપતિની સેવા કરવી કયાંય ઇષ્ટ ગણી નથી. ૧૦. મારા ગુણોનું શ્રવણ, ધ્યાન - દર્શન, કીર્તન

વ. કરવાથી મારામાં જ ભાવ થાય છે, તેવો ભાવ પાસે રહેવાથી થતો નથી માટે તમે ઘરે પાછા જાઓ.

૨૮-૨૯ : ગોવિંદના આવાં વિપરીત વચનો સાંભળીને ગોપીઓને ઘણો ખેદ, ચિંતા, શોક, મહાદુઃખ થવાથી રડવા લાગ્યા. તેમના સંકલ્પ નષ્ટ થાય. શ્રીકૃષ્ણને પામવા માટે તેઓએ બધી જ કામના છોડી દીધી હતી કેમ કે શ્રીકૃષ્ણ તેમના પ્રિયતમ હતા. ત્યારબાદ તેમણે આંસુ લૂછીને પ્રેમ વડે ગદ્ ગદ્ કંઠથી ભગવાનને પ્રત્યુત્તર આપવા લાગ્યા.

<u>વિશેષ</u> : ભગવાને ૧૦ શ્લોકથી ૧૦ પ્રકારની સ્ત્રીઓને ઘરે પાછા જવા કહ્યું તેનો પ્રત્યુત્તર ગોપીઓએ ૧૦ શ્લોકથી આપ્યો. અને ૧ શ્લોકથી પ્રાર્થના કરે છે. ગોપીઓની વાણીનો ઉત્કર્ષ જોઈને ભગવાને પ્રસન્ન થઈ તેમની સાથે ક્રીડા કરી.

૩૦-૩૮ : ગોપીઓ પ્રત્યુત્તરમાં ભગવાનના જ વચનોનો ઉત્તર આપે છે. ગોપી કહે છે કે અમે સર્વ વિષયોને છોડીને આવ્યા છીયે ત્યારે વ્રજમાં કુશળતા પૂછવા રૂપ પ્રશ્ન જ અયોગ્ય છે. અમે ઈન્દ્રિયોના વિષયને-વાસના છોડીને આવ્યા છીએ, નહિ તો આપના ચરણમાં આવી જ ન શકાય. અમારું આવવાનું પ્રયોજન - 'અમોને આપ ભજો' છે જેમ આદિદેવ મુમુક્ષુને ભજે છે તે પ્રકારે અમને ભજો. વળી દેવભજન વ્યભિચારક નથી ગણાતું. વળી આપ અમારા પતિ છો જેથી આપે તો અમારું અન્ય ભજન છોડાવવું જોઈએ. જીવમાત્રના અતીપ્રિય અને આત્મા આપ છો તમે અમારા પ્રેષ્ઠ, બંધુ, આત્મા વ. છો. ધર્મશાસ્ત્ર દેહસંબંધી રચાયું હોવાથી પતિ-પુત્રની સેવાનો ઉપદેશ આપે છે. આત્મધર્મ કે ભગવદ્ ધર્મનો વિચાર નથી કર્યો તેમ આપે પણ તેવું જ કર્યું તેથી અમારો વિચાર નથી કર્યો. આપે કરેલ ધર્મોપદેશ હૃદયમાં સ્થિર થાય માટે ગુરુ રૂપ આપની સેવા પ્રથમ કરવી જોઈએ. જન્મ આપનાર ઈશ્વરની સેવા ન કરીએ તો ધર્મની સ્ફૂર્તિ ન થાય. આપ જ અંતર્યામી અને ઈશ્વર છો. આપ તો ધર્મી છો. તેથી આપનો વિરોધ ન થાય. આપ તો પ્રાણી માત્રના આત્મા, પ્રિય અને નિર્વાહક છો તેથી આપ જ સેવ્ય છો.

મુમુક્ષુઓ (મોક્ષ ઈચ્છનાર) તો આપની સાથે જ પોતાની પ્રીતિને જોડે છે. દુઃખ આપનાર પતિ પુત્રની સેવા શા માટે કરવી ? વળી ઈન્દ્રિયોનો નિગ્રહ કરવાને બદલે તેને ભગવાનમાં યોજવાથી તે જલ્દી આત્મગામી થાય છે. અને એમ કરનાર લોકોને અહીં કુશળ કહ્યા છે. નિત્ય પ્રિયતા તો આપનામાં જ છે.

આપ વરદાન દઈને કલેશ કરનારા છો, તો અમારી આશા છોડાવશો નહિ. અમારું ચિત્ત તથા હાથ-પગ ઘરનાં કામમાં લાગતા નથી. હવે તે બીજે જવા સમર્થ નથી તો અમે હવે વન છોડીને ઘરે કેવી રીતે જઈએ ? અમારું ચિત્ત જ ઠેકાણે નથી તો ઘર કેવી રીતે જઈએ ? ચિત્ત તો આપે હરિ લીધું છે જ્યાં વનમાં જ ચિત્ત નથી તો ઘરમાં તો રહે જ કયાંથી ? ગાડામાં ઘરે જઈએ તો પણ ત્યાં કામ બને તેમ નથી. આપે વેણુનાદ કરીને અમારો કામ ઉદ્‌બુદ્ધ કર્યો તો તેનું શમન આપની સુધા વડે કરો. અન્યથા વિરહાગ્નિમાં દેહને ભસ્મ કરીને ધ્યાન દ્વારા આપના માર્ગે આપને પહોંચીશું

આપના ચરણની છાપનો સ્પર્શ જ્યારથી કર્યો છે ત્યાર પછી બીજા કશાનો સ્પર્શ અમને રૂચતો નથી. વળી આપ વનમાં રહેનારા પ્રત્યે સ્નેહ રાખનારા છો. લક્ષ્મીજીને ચરણ તપથી મળ્યા હતા. અરણ્ય સાત્વિક હોવાથી આપને પ્રિય છે માટે અમે બીજાઓનો સંગ છોડી દીધો છે. આપનો ધર્મ જેનામાં છે તે સિવાયના પાસે અમે ઉભા રહેવા પણ શક્તિમાન નથી રહ્યા, કેમ કે તેવા બીજા અમારા માટે ઘાતક છે. અમે અન્યને લાયક નથી રહ્યા કેમ કે અમે આપના ચરણની રજને શરણે ગયા છીએ. જે ચરણરજને લક્ષ્મીજી ઝંખી રહ્યા છે તે, વક્ષસ્થળમાં ભગવાનને સ્થાન આપવા છતાં પણ ! ચરણમાં તો તુલસી સાથેનું સપત્નીપણું છે છતાં પણ !

વિશેષ : લક્ષ્મી ભકત છે માટે આપના વક્ષ સ્થળમાં સ્થાન પામી છે. અને ચરણરજ પર તુલસીનો અધિકાર છે. તેવી ચરણરજ માટે લક્ષ્મી સોકયપણું સ્વીકારવા પણ તૈયાર છે. કેમ કે ચરણરજમાં ભક્તિ છે. જ્યારે વક્ષસ્થળમાં અધિકાર છે. વક્ષસ્થળમાં તો પ્રભુ કોઈને ભેટે તો અન્યનો સ્પર્શ થાય તેવું ચરણમાં ન બને. લક્ષ્મીની કૃપા બધાં ચાહે છે જેથી સૌની દૃષ્ટિ તો તેના પ્રતિ છે. કદાચ કોઈ વધુ ઉગ્ર તપ કરે તો તેનું સ્થાન છીનવાઈ જાય, તે ડરથી તે ચરણમાં સ્થાન ચાહે છે કે જેથી કોઈની દૃષ્ટિ જ ત્યાં ન પડે. ગોપીઓ કહે છે - માટે અમે આપના ચરણ ચાહિયે છીએ. તેથી આપના સ્વરૂપને છૂપાવશો નહિ. અમને આપના દાસ્યનું દાન કરો, કેમ કે અમે ગૃહસ્થાશ્રમ ત્યાગીને આપનાં ચરણે આવ્યા છીયે. અમે ખૂબ જ કામતાપથી પીડિત છીએ.

૩૯ : આપનાં કેશ, કુંડલથી શોભતાં અંગ, ગંડસ્થળમાં રસ અને અધરમાં સુધા, હાસ્ય સહિતનું અવલોકન, અભયદાતા ભૂજા લક્ષ્મીના રમણ સ્થાન વક્ષ સ્થળ વ. જોઈને તો અમે આપની દાસીઓ થઈ છીયે.

વિશેષ : અમને આપની કૃપાથી પશુપુત્રાદિ નહિ પણ આપનાં ચશ્રાણ જોઇએ છે કેમ કે ઘરબાર છોડીને જ તો અમે આવ્યા છીએ અમને (વૈદિક રીતે જોડાવું નથી.) વિવાહની અપેક્ષા નથી. તેથી તો જનોઇની જરૂર નથી. આપના દાસ્યની સામે ચાર પ્રકારની મુક્તિ કે સ્વર્ગ કે લક્ષ્મી સર્વ તુચ્છ છે. કેમ કે આપનું મુખારવિંદ ભક્તિરૂપ છે, તે તાપશામક છે. સારૂપ્યથી અધિક શ્રીમુખ, કુંડળ સામિપ્યથી અધિક, વળી તે સાંખ્યયોગ હોવાથી પ્રમાણ છે, કંપોળ સાલોકયથી અધિક છે ગંડસ્થળ સૌથી ઉત્તમ છે, અધરરસ અક્ષરથીય ઉત્તમ છે. બ્રહ્માંડમાં ભક્તિ વિલાસ નથી. સ્વર્ગસુખ કરતાં ભૂજાઓ શ્રેષ્ઠ છે. (૩૮-૩૯)

૪૦ : આપના સૌંદર્યથી જ્યારે ગાય, વૃષભ, પક્ષી, વૃક્ષ, મૃગ વ. પણ રોમાંચિત થયા છે, તો અમે આર્યચરિતથી ચલિત થઇ જઇએ તેમાં આશ્ચર્ય શું ?

વિશેષ : આપે કહ્યું કે સ્ત્રીઓએ લોકવિરુદ્ધ ન કરવું જોઇએ, માત્ર ભગવદ્ દર્શન જ કરવા જોઇએ, તો કહેવાનું કે આપનું રૂપ જ ધર્મનો નાશ કરે તેવું અદભૂત છે. તેથી આપે તેવો ઉપદેશ પુરૂષોને કહેવો જોઇએ. ધર્મ સ્થાપનાર્થ આવેલ આપનું રૂપ જ ધર્મોનો નાશ કરનારું છે. કેમ કે આપ અદ્‌ભૂત કર્મા છો આપના વેણુનાદના અવ્યકત મધુર પદ ત્રણે લોકની સ્ત્રીઓને ચલીત કરી દેનાર છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે ગીત દેહમાં મોહ કરે છે. રસાત્મા વેણુ ઈન્દ્રિયોને મોહ કરનાર છે. અને તેમાંથી નીકળતું અમૃત પ્રાણને મોહ કરનારું છે. તેના પદો અંતઃકરણને મોહ કરાવનાર છે. આવા સ્વરૂપવાન ભગવાનથી જ ત્રણે લોકની શોભા છે. ગાયો વ. કયાં પ્રમાણને જાણે છે ? છતાં તેઓ પણ મોહ પામ્યા છે. તેઓ મનુષયની જેમ રસિક થઇ જાય છે, તો પછી સ્ત્રીઓ મોહ પામે એમાં શું નવાઇ ?

૪૧ : જેમ દેવલોકના રક્ષણ માટે આદિદેવ ભગવાન (નારાયણ ભગવાન) પ્રકટ થાય છે તેમ આપ વ્રજભકતોની આર્તિને હરવા માટે પ્રકટ થયા છો માટે આ દાસીઓના હૃદય પ્રદેશ અને મસ્તક ઉપર આપના કરકમલને ધારીને તેમનો તાપ દૂર કરો.

વિશેષ : હવે ગોપીઓ ભગવાનને પુષ્ટિ સિદ્ધાંત સમજાવે છે કે આપનું પ્રાકટ્ય ભકતો માટે છે, માટે કૃપા કરવી જોઇએ કેમ કે પૃથ્વીનો ભાર સંકર્ષણ વ્યૂહથી, ધર્મરક્ષા અનિરુદ્ધ વ્યૂહથી કરી શકો તેમ છો. આપનું પધારવાનું પ્રયોજન તો અમારી આધિને દૂર કરવા છે. જો તેમ નહિ કરો તો અમારા પ્રાણ નીકળી

જશે. આપ મર્યાદાની વાત અમોને ન કહો કેમ કે આપે દેવોને બચાવવા દૈત્યોને મારીને વિષમતા કરી જ છે. આપ ધર્મરક્ષક છો, તો અમારા મસ્તક પર હાથ મૂકી અમને અભય કરો અને હૃદય પર હાથ ધરીને હૃદયનો તાપ મટાડો.

૪૨ : ગોપીઓના આવા દીનતાપૂર્વકનાં વચન સાંભળીને યોગેશ્વરોના ઈશ્વર આત્મારામે હસીને ગોપીઓ ઉપર દયા કરીને તેમને રમણ કરાવ્યું.

વિશેષ : ભગવાન ષડ્ઐશ્વર્યયુકત હોવાથી છ પ્રકારે હરિની લીલા કહેવાશે. શૃંગારસ્વરૂપથી, સંયોગ અને વિપ્રયોગ સામાન્ય રમણ કહેવાશે. વિશિષ્ટ રમણમાં કામાદિમિશ્રીત લીલા કહેવાશે. પ્રથમ બાહ્ય રમણ પછી આંતર રમણ કહેવાશે. પછી જાત સ્મરકેલી અને અજાત સ્મરકેલી વ. ની સાથે ક્રીડા કરશે. તે પછી વિપ્રયોગ રસ આપવાના વિચારથી ભગવાન્ તેમનામાં માન ઉત્પન્ન કરશે. તેમ છતાં ભગવાન બહારથી તિરોહિત થઈ તેમના હૃદયમાં બિરાજીને, હૃદયને સ્વરૂપમાં પ્રેરીને માનમોચન કરાવશે. ભગવાન લૌકિક નથી તેથી માન છોડાવવા કાકલુદી નથી કરતા, કેમ કે ભગવાન કામી નથી.

૪૩ : ભગવાને તેમના પ્રતિ ભાવથી જોયું તેથી ગોપીજનો પ્રફુલ્લિત નેત્ર વાળા થયા. ભગવાન તેમની વચ્ચે જેમ નક્ષત્રોની મધ્યમાં ચંદ્ર શોભે તેમ શોભવા લાગ્યા.

વિશેષ : ભગવાન તો યોગેશ્વરના ઈશ્વર હોવાથી તેમનું સ્વરૂપ સર્વેન્દ્રિયોના ભાવવાળું સિદ્ધ થઈ ગયું છે, તેમાં કામ નથી. ભગવાને હાસ્ય કર્યું કેમ કે ભાવ ઘટે નહિ. રમણ કરવા છતાં ભગવાન તો આત્મારામ રહ્યા છે. ભગવાન ગોપીઓને મર્યાદામાં નાખી તેમના ભાવનો નાશ કરવા નથી ઈચ્છતા, તે રીતે ઉદ્ધાર કરવા ઈચ્છે છે.

૪૪-૪૬ : ગોપીઓના સમૂહ ભગવાનનું ગાન કરે છે અને વૈજ્યંતી માળા ધારેલી છે તેવા પ્રભુ વનમાં વિહાર કરવા લાગ્યા અને તેમ કાલિન્દીના કિનારે આવીને અનેક પ્રકારે રમણ કરવા લાગ્યા.

વિશેષ : ભગવાનની ક્રિયા કામ જેવી છે પણ ભગવાનમાં કામ નથી. તેમણે નિષ્કામ ભાવથી ગોપીજનોના કામને પૂર્ણ કર્યો છે. અને ગોપીજનોનો કામ પૂર્ણ થયો છે માટે તેઓ પણ નિષ્કામ છે. ભગવાને ગોપીઓના કામભાવને નિવૃત્ત કર્યો છે. અહીં કામથી સંસાર ઉત્પન્ન નથી થયો. તેથી મોક્ષફલક મર્યાદાનો ભંગ પણ ભગવાને નથી કર્યો. તેથી તો શુકદેવજી કહે છે કે રાસ પંચાધ્યાયીની કથા સાંભળનારના કામની નિવૃત્તિ થાય છે. ભગવાનનું સમગ્ર

ચરિત્ર નિષ્કામ છે. જો કે ભગવાને માત્ર આત્માથી જ રમણ નથી કર્યું પણ રસ વધે તે માટે અનેક પ્રકારે રમણ કર્યું છે.

૪૭-૪૮ : ગોપીજનોના આ પ્રકારે ભગવાન થકી મનોરથો પૂર્ણ થયા તેથી તેમને અભિમાન થયું કે પૃથ્વી ઉપરની શ્રેષ્ઠ સ્ત્રીઓ અમે જ છીએ. ભગવાન તેમના માનની નિવૃત્તિ માટે તેમની સામેથી અંતર્હિત થયા.

## અધ્યાય-૩૦ (સુબો. અ. ૨૭)

વિશેષ : અ. ૨૯માં ભગવાને કરેલી લીલા આનંદના સ્થાપન માટે હતી. તે આનંદ હૃદયમાં અંદર પ્રવેશે માટે ભગવાન અંતર્હિત થઇને હૃદયમાં પ્રવેશ્યા. અહીં ચાર અર્થ કહેવાના છે. રસાસક્તિ, હરિની લીલા, ગર્વાભાવ અને ગુણગાન (અ. ૩૧) આ અર્થ, ઉદ્દેશ, લક્ષણ અને ફલથી કહેવામાં આવશે. આ અધ્યાયમાં લીલાવેશમાં ગોપીઓ રસને અંતઃકરણમાં પ્રકટ કરે છે.

૧ : ગોપીઓએ ભગવાન અંતર્ધાન થવાથી જોયા નહિ તેથી દુઃખી થયાં. ગોપીઓને જે સહજ તાપ હતો તે કામકૃત હતો. તે તો દર્શન, સ્પર્શ વ. થી જ શાન્ત થાય. તેમ ન થતાં દુઃખી થયા. ગુણવિશિષ્ટ ભગવાન તો અંદર પ્રવેશ્યા હતા.

૨ : આ ગોપીઓ ભગવાનની અનેક પ્રકારની ચેષ્ટાઓથી આકર્ષાયેલી હતી, તેમનું ચિત્ત તેમની લીલાથી જ આવિષ્ટ હોવાથી તેઓ ભગવાનની લીલાનું અનુકરણ કરવા લાગી. ભગવાનની લીલાનું અનુકરણ તેઓ કરી શકયા કેમ કે ભગવાને તેમને કાયા-વાણી-મનથી વશ કરી લીધા છે. તેથી ગતિ વડે કાયિક ચેષ્ટા કરી, માનસ સ્નેહવાળું, સ્મિતનો વિલાસ ભગવાનના ભજનમાં રહેલી નિષ્ઠાનો ત્યાગ કરાવનાર છે. કેમ કે ભજનનિષ્ઠાથી તો ભગવાનનું જ્ઞાન થાય. અને તેઓ વાણીથી વશ છે તેથી તો ભગવાનનાં ગુપ્ત ભાષણો થયા. આમ ત્રિવિધ પ્રકારે ચિત્ત ભગવાનમાં લાગવાથી તેમને વિયોગનો તાપ ન થયો.

૩-૪ : ભગવાનની જેમ ચાલવું તથા હાસ્ય, જોવું અને બોલવું તેમ - કરવાથી તેમનામાં ભગવાનનું સ્વરૂપ આવી ગયું. તેથી 'હું કૃષ્ણ છું' તેવો વ્યવહાર કરવા લાગ્યા (તદ્રુપતા) પ્રથમ જેઓ ભોગ્યા હતા તે હવે ભોકતૃ થઈ ગયા. 'હું કૃષ્ણ છું' તેમ તેઓ ખોટું ન્હોતા બોલતા કેમ કે તદાત્મિકા હતા, ધર્મીરૂપ થઈ ગયા હતા તેથી તો તેમનામાં ભગવાનના બધા જ ધર્મો જણાતા હતા. તેઓ ભગવદ્ ગુણ ગાતાં ગાતાં ઉન્મત્તની જેમ એક વનથી બીજા વનમાં ભગવાનને શોધતાં વનસ્પતિને ભાળ પૂછવા લાગ્યા.

વિશેષ : જેમ ભીના લાકડાને સળગાવવાથી ધૂમાડો થાય તેમ સ્નેહાવસ્થામાં વિયોગ થાય તો જે શબ્દો નીકળે તે ઉન્મત્ત પ્રકારના હોય. જેમ ભગવાને વેણુનાદ દ્વારા ગાન કર્યું તો સ્નેહી ગોપીઓ દોડી આવી. તેથી ગોપીઓએ વિચાર્યું કે અમે ગાન કરશું તો ભગવાન દોડી આવશે. વનસ્પતિ વૈષ્ણવ હોવાથી પૂછે છે; ભલે ને તે જડ હોય છતાં તે વિષ્ણુની ગતિને તો જાણે અને ડાહ્યો અવૈષ્ણવ વિષ્ણુની ગતિને નથી જાણતો. તેઓ ભગવાનને શોધે છે કેમ કે તેઓ રસાસકત છે.

૫-૧૩ : ગોપીઓ વૃક્ષોને, તુલસીને, વેલોને, ફળદાયી વૃક્ષોને, ઘટાદાર વૃક્ષોને વ. ને ‘કૃષ્ણને કયાંય જોયા ?’ તેમ પૂછે છે.

તેમ ફરતાં ફરતાં તેઓ યમુનાજીના તટ પર આવ્યા અને વિલાપ કરવા લાગ્યા. તેમને દીનતા થઈ આવી ત્યારે તેમને ભગવદ ચરણારવિન્દના દર્શન ભીની રેતમાં થયાનો ભાસ થયો. તે જોઈ તેઓ પૃથ્વીના ભાગ્યની સરાહના કરવા લાગી. તેમણે હરણીઓને પણ પૂછ્યું, વળી તેમણે ભગવાને ધરેલી કુંદફૂલની માળાની સુગંધ આવવા લાગી તેથી તેમણે લતાઓને પૂછ્યું.

વિશેષ : અન્વેષણથી ભગવાન ગોપીઓના હૃદયમાં રસરૂપે સ્થિર થયા. આમ પહેલો અર્થ રસાસક્તિ કહી. હવે ગોપીઓના હૃદયમાં પ્રકટ થયેલ ભગવલ્લીલા રૂપ બીજો અર્થ કહે છે.

૧૪ : કૃષ્ણને શોધવામાં દીન બનેલા ગોપીજનો, ભગવદ્રૂપ થવાથી ભગવલ્લીલાનું અનુકરણ કરવા લાગ્યા.

વિશેષ : ગોપીઓ ભક્તિ વડે મત્ત થઈ ગઈ છે તેથી રોષને કારણે ઉન્મત્ત થઈ ગઈ છે તો કોઈને દ્વેષ કે મત્સરભાવ થયો છે તેથી તેઓ સત્વાદિ નવગુણોથી નવ લીલા કરે છે. કોઈ શકટની જેમ જડ થાય છે તેથી તે ન્યૂનભાવ નથી કેમ કે તેમને તો ભગવદ બુદ્ધિ છે. ભગવદ્ ચરણ સ્પર્શની ઈચ્છાથી તેઓ દૈત્યભાવને પણ સ્વીકારે છે.

૧૫-૧૯ : કોઈ પૂતના થઈ તો કોઈએ કૃષ્ણ થઈને તેનું સ્તનપાન કર્યું. શકટ લીલામાં એક ગોપીએ બીજી ગોપીને પાટુ માર્યું. તૃણાવર્ત લીલામાં એક દૈત્યભાવવાળી ગોપી બીજી કૃષ્ણ ભાવવાળી ગોપીને હરિ ગઈ. તો કોઈ ઘૂંટાણીયાભર ચાલવા લાગી. કોઈ વત્સાસુર બની તો કોઈ બકાસુર બની કોઈક ગાય બની તો કોઈ ગોપ બની. કોઈએ વેણુનાદ કર્યો તો કોઈએ વેણુનાદની પ્રશંસા કરી. તો કોઈ બીજીના ખભા પર હાથ મૂકીને ચાલવા લાગી. આમાં

કાયા અને વાણીની ચેષ્ટા બતાવી, મન વડેની ચેષ્ટા તો પહેલાં બતાવી જ હતી.

૨૦-૨૩ : હવે બીજી રીતે ચાર પ્રકાર કહે છે. કોઈએ અભય આપીને કહ્યું કે તમે વાયુ-વર્ષાનો ભય ન રાખશો, મેં તમારું રક્ષણ કર્યું છે. તો કોઈએ ગિરિરાજ ઉઠાવવાની ચેષ્ટ કરી. તો કોઈએ કાલીયમર્દનની લીલા કરી. તો કોઈએ દાવાનલ પીવાની ચેષ્ટા કરતાં બીજાનાં નેત્રો બંધ કરાવ્યા. તો કોઈએ ઉખળી સાથે બાંધવાની લીલા કરી.

<u>વિશેષ</u> : અગાઉ વૃક્ષો વ. ને પૂછવાની લીલા ચાલુ હતી તેમાં લીલા-આસક્તિના કારણે આ અનુકરણની લીલા થઈ તે અચાનક બંધ કરીને પાછી લતા-વૃક્ષોને પૂછવા લાગી.

૨૪-૨૮ : આમ પૂછતાં વનપ્રદેશમાં તેમણે પરમાત્માનાં ચરણ ચિન્હો જોયા. ચિન્હોને લીધે તે ભગવાનની જ ચરણછાપ છે તેમ સ્પષ્ટ થયું. તે ચરણની પૂંઠે પૂંઠે જતાં તે કહેવા લાગી કે તેમની ચરણોની સાથે કોઈ બીજીનાં પણ ચરણો જણાય છે, તો તેવી ભાગ્યશાલીની કોણ છે ? જરૂર તેણે ભગવાનનું તે પ્રકારનું આરાધન કર્યું હશે કે ભગવાન તેની પર પ્રસન્ન થયા હશે. તેના પર ભગવાને વિશેષ કૃપા કરી જણાય છે.

<u>વિશેષ</u> : જો કે તેના ભાગ્યનાં વખાણ માત્સર્યને લીધે જણાય છે તે હવે પછીના શ્લોકથી જણાશે.

૨૯-૩૮ : તે એકલીને સમસ્તના ભગવાનનો લાભ મળ્યો તેથી તેઓ ખેદ કરવા લાગી. તે પછી ઘાસ આવી જવાથી પગલાં દેખાતાં બંધ થયા. તેથી તેઓએ વિચાર્યું કે તે કોમલાંગીના ચરણોને દુઃખ ન થાય માટે ભગવાને તેને ઉઠાવી લીધી હશે. ભગવાનનાં પગલાં પણ માત્ર ફણાં જેટલાં જ દેખાય છે, તેથી સખીને વેણી ગુંથવા ઊંચા થઈને વૃક્ષ પરથી ફૂલ ઉતારતા હશે. કદાચ તેઓએ અહીં જ બેસીને તેની વેણી ગુંથી હશે. ભગવાને તે ગોપી સાથે અહીં રમણ કર્યું જો કે ભગવાન તો આત્મારામ છે પણ સ્ત્રીઓની દુષ્ટતા અને કામીની દીનતા કેવી હોય તે આપ બતાવવા માંગે છે.

શુકદેવજી - જે ગોપી ભગવાન સાથે હતી તેને સૌભાગ્ય મદ થયો કે બીજી કરતાં પોતાનામાં કંઈક વિશિષ્ટતા છે માટે તો ભગવાન મારી પાછળ ફરે છે (તેનો ગર્વ મનમાંથી વાણીમાં આવવાથી) તે કહેવા લાગી કે મારાથી ચાલતું નથી મને ઉઠાવી લો.... ત્યારે ભગવાને કહ્યું કે 'ખભા પર બેસો.' એટલું કહીને ભગવાન અંતર્ધાન થઈ ગયા.

વિશેષ : જેમ પોતાના ખભે પોતે ચડવું અશકય છે તેમ ભગવાન ભકતને ઉઠાવીને લઈ જવા અશકત છે. તેનામાં હવે માન પ્રકટયું. તેથી ભગવાન અંતર્ધાન થયા. અભિમાન થાય એટલે કાલ તેની બુદ્ધિથીનો નાશ જ કરે. પછી તે પશ્ચાતાપ કરવા લાગી.

૩૯-૪૦ : હા નાથ ! હા રમણ ! હા શ્રેષ્ઠ ! હે મહાભૂજ ! આપ કયાં છો ? દર્શન આપો, આ દીન સખીને ! એટલામાં જે ગોપીઓ ભગવાનને શોધતી હતી તેમની નજરે આ ગોપી પડી.

વિશેષ : સ્વદોષનું જ્ઞાન પણ ભગવદ્ કૃપાથી જ થાય છે. તેથી તો પેલી એક ગોપીને ખ્યાલ આવ્યો કે પોતાને અભિમાન થયું માટે ભગવાન તેને છોડીને અંતર્ધાન થઈ ગયા.

૪૧-૪૪ : પોતાના અપરાધની વાત એક ગોપીએ સર્વને કહી ત્યારે બધી ગોપીઓને ખ્યાલમાં આવ્યું કે આપણે ભગવાનને શોધવાના ઉપાય કરવાના બદલે પોતાનો દોષ દૂર કરવો જોઈએ. તેથી હવે દેહાંત સુધી સાધન કરવાના નિશ્ચયથી વનમાં ફર્યા. પછી અંધકારવાળા સ્થળ પાસેથી પાછા ફર્યા કેમ કે ભગવાન અંધકાર (તમોગુણ) હોય ત્યાં જાય નહિ. તે પછી તેઓ ભગન્મય થઈને ભગવાનના ગુણો ગાવા લાગ્યા. તેઓ ઘર તથા આત્માને પણ ભૂલી ગયા અને કાલિન્દીના કિનારે આવ્યા. ત્યાં પહોંચી શકયા તેનું કારણ શ્રીકૃષ્ણનો અનુભાવ નહિ કે પોતાની બુદ્ધિ કેમ કે તેમને તો બીજું કંઈ ભાન હવે છે જ નહિ.

વિશેષ : અગાઉ પણ શ્રી યમુનાજીની કૃપાથી જ ભગવાને કૃપા કરી હતી તેથી હવે પણ મળશે જ, તેમ આશાથી યમુનાકાંઠે આવ્યા. બધાંએ મળીને ગાન કર્યું કેમ કે કોઈ એકના ભાગ્યથી ભગવાન મળી શકે. દોષ મટાડવા માટે ભગવદ્ ગુણગાન જ ઉપાય છે. દોષ મટશે તો ભગવાન સ્વયં પધારશે જ. વળી ગુણગાન સિવાય બીજું સાધન પણ તેમની પાસે નથી.

ગોપીજનો ગુણથી ૯ પ્રકારના અને સ્વરૂપથી બે પ્રકારના છે.

**અધ્યાય-૩૧ (સુબો. ૨૮) તામસ ફલ પ્ર. અ. ૩ યશ**

## ગોપીજનોએ ગાયેલું ગોપીગીત

ગોપીજનો ભગવાનનું ગાન કરે છે. તેના બે કારણ છે.

૧. તેમણે ભગવાનનો અપરાધ કર્યો છે.

૨.   તેમની પાસે બીજું કોઈ સાધન નથી.

તેઓ ભગવાનની સ્તોત્રરૂપે પ્રાર્થના કરે છે. અધિકારાનુસાર તેમના ૧૯ પ્રકાર છે. તેથી ૧૯ શ્લોકથી સ્તુતિ કરે છે.

સ્વરૂપથી બે પ્રકાર અન્યપૂર્વા અને અનન્યપૂર્વા - તેથી ૯ અન્યપૂર્વા ૯ અનન્યપૂર્વા ૧ નિર્ગુણ આમ સ્વરૂપ તથા ગુણને કારણે ૧૯ પ્રકારના ગોપીજનો થયા.

અન્યપૂર્વામાં : રાજસી(૧) તામસી(૨) સાત્વિકિ(૩) અને નિર્ગુણ(૪) તથા ૪

અનન્યપૂર્વામાં ગુણાતીત(૫) સાત્વિકી(૬) તામસી(રાજસી)(૭) અને રાજસી(સાત્વિકી)(૮) ૪

| | | |
|---|---|---|
| અનન્યપૂર્વામાં | સાત્વિકી (૯) તામસી (૧૦) રાજસી (૧૧) | ૩ |
| અન્યપૂર્વા | તામસી (૧૨) રાજસી (૧૩) સાત્વિકી (૧૪) | ૩ |
| અન્યપૂર્વા | રાજસી (૧૫) તામસી (૧૬) સાત્વિકી (૧૭) | ૩ |
| અનન્યપૂર્વા | રાજસી (૧૮) સાત્વિકી (૧૯) | ૨ |

બીજો ક્રમ એવો છે - પહેલા ૭ અને છેલ્લા ૨ શ્લોક અનન્યપૂર્વા
વચ્ચેના ૯ શ્લોક અન્યપૂર્વાએ ગાયાં છે.
છેલ્લો ૧ શ્લોક નિર્ગુણાએ ગાયો છે.

૧ : અન્યપૂર્વા રાજસી - આપના જન્મથી વ્રજનો વૈકુંઠ કરતાં પણ અધિક ઉત્કર્ષ થયો છે, કારણ કે (તેની સાબિતિ) લક્ષ્મીજી પણ અહીં જ હંમેશાં આશ્રય લે છે. એવા હે પ્રિય, અમે આપને માટ જ પ્રાણ ધારણ કરીને રહ્યા છીએ કેમ કે અમે આપના છીએ, તેથી તો આપ ન મળવાથી અમે આપને ચારે દિશામાં શોધીએ છીએ.

<u>વિશેષ</u> : 'જયતિ' શબ્દ મંગળસૂચક છે. તેથી તો પ્રભુના પધારવાથી વ્રજ સર્વ કૃતાર્થ થયું છે, વ્રજનો ઉત્કર્ષ થયો છે. વળી જય અધિક એટલા માટે કે વૈકુંઠથી ઉતરીને આપ બીજે ક્યાંય ન જતાં વ્રજમાં પધાર્યા. વળી અહીં તો આપ લીલા કરો છો, તેવી વૈકુંઠમાં નથી કરતા. આપનું પ્રાકટ્ય મથુરામાં થયું છતાં ઉત્કર્ષ તો વ્રજનો જ થયો. વળી આપના કારણે લક્ષ્મીએ અહીં આશ્રય લીધો તેથી પણ લોકમાં વ્રજનો ઉત્કર્ષ થયો. વૈકુંઠમાં તો લક્ષ્મી ભાર્યા એક જ છે, અહીં તો અમે તેના જેવી અનેક છીયે. વળી, અહીં જ્યારે ભગવાન જ પરાધીન

છે તો લક્ષ્મી પરાધીન રહે તેમાં શું નવાઇ ? આપ વ્રજમાં અમારા માટે પધાર્યા છો તેથી આપે અમારા પ્રતિ દૃષ્ટિ કરવી જોઈએ. અમે આપના છીએ અને આપને માટે પ્રાણ ધારણ કરી રહ્યા છીયે. આપના દર્શનની લાલસામાં તો ચારે દિશામાં ભટકીએ છીયે અને બ્રહ્મા જેવા અહીં આવીને દર્શન કરી જાય તે ઠીક નહિ. અમારામાં આપના પ્રતિ ભક્તિ નથી માટે પ્રાણ ટકી રહ્યા છે તેમ ન માનશો, જો વિલંબ કરશો તો તે પ્રાણ દેહને છોડીને જશે. આપના હોવા છતાં અમે આપના દર્શન માટે તલસીયે તે તો દુઃખની વાત ગણાય. સવાલ દર્શન થકી કૃતાર્થતાનો નથી પણ સવાલ કૃપા થાય તો મનોરથ સિદ્ધિનો છે.

૨ : અન્યપૂર્વા તામસી - શરદ ઋતુના નિર્મળ સરોવરમાં ઉત્પન્ન થયેલા કમળની શોભા તો આપના નેત્રકમળ આગળ તુચ્છ છે. આપ તો વરદાન કરનારા હોવા છતાં આપ આવા નેત્રો વડે અમારા પર પ્રહાર કરીને અમારો વધ કરો છો. અમે તો આપની અમૂલ્ય દાસીઓ છીયે અને આપના શરણે આવી છીયે. તેવીનો વધ કરવો શું યોગ્ય છે ? અમારા પ્રાણ રૂંધાઈ રહ્યા છે તે વધ સમાન જ ગણાય.

<u>વિશેષ</u> : અહીં શુલ્કદાસિકા અને અશુલ્કદાસિકા તેમ બન્ને અર્થો ઘટાવ્યા છે. શુલ્કદાસિકા એ રીતે કે બ્રહ્માજીએ અલૌકિક-ભગવદીય કામનું સ્વરૂપ આ લોકમાં પ્રકટ કરવા અમોને પ્રકટ કરી છે તેથી તેવી - શુલ્ક અમે છીયે. અશુલ્કદાસી એટલે કે જેને સેવા સિવાય કોઈ જ ધર્મ નથી. એટલે કે ધર્મદાસીઓ. તેવાઓના પ્રાણ રૂંધીને વધ કરવો અને તે પણ નેત્રદ્વારા તે કેટલું યોગ્ય ગણાય ? આપના વિયોગમાં આપના નેત્રકટાક્ષોને યાદ કરતાં અમારા પ્રાણ રૂંધાય છે. જો અમારો પ્રાણ જશે તો દોષ આપને જ લાગશે માટે તેવું ન થાય તેવું કરો.

હૃદયમાં એકઠો થયેલો રસ વાણી દ્વારા બહાર ન નીકળે ત્યાં સુધી તે પૂર્ણરસ ન કહેવાય. તેથી તેઓ ગોપીગીત ગાય છે.

૩ : અન્યપૂર્વા સાત્વિકી - આપે પ્રત્યેક સંકટ સમયે અમારી રક્ષા કરી છે તો પછી અત્યારે પણ રક્ષા કરો. આપે કાલીયના ઝેરથી, અજગરના મુખમાં જવાથી, સુદર્શન સર્પથી, તૃણાવર્તથી, ઈન્દ્રના મેઘ-તાંડવ કોપથી, અગ્નિ અને વીજળીથી, વ્યોમાસુરથી રક્ષા કરી છે તો અત્યારે પણ કરો.

<u>વિશેષ</u> : ગોપીજનો ભગવદાવેશથી સર્વજ્ઞ બન્યા છે તેથી અનુક્રમ છોડીને જેમ યાદ આવે તેમ લીલાનું વર્ણન કરે છે. આપે આટલી બધી વખત કરેલી રક્ષા, જો હવે રક્ષા નહિ કરો તો વ્યર્થ થશે. આપે બહારના મારનારાઓથી બચાવ્યા

અને હવે તો મારનાર અંદરનો થશે. તેથી આપ રક્ષાનું વિચારો.

૪ : અન્યપૂર્વા નિર્ગુણ - આપ માત્ર યશોદાનંદન નથી પણ સમગ્ર દેહધારી અંતરાત્માને જોનારા છો. હે સખે, જ્યારે વિશ્વની રક્ષા કરવાને માટે બ્રહ્માજીએ આપને પ્રાર્થના કરી ત્યારે ભકતના (યાદવોના) કુળમાં આપ પ્રકટ થયા છો.

વિશેષ : નિર્ગુણ ગોપી ભગવાનનું માહાત્મ્ય જાણે છે તેથી કહે છે જેમ જ્ઞાનીને મોક્ષ આપો છો તો અમને પણ અમારા લાયક મોક્ષ (સંયોગ) આપો. તમે નંદરાયના પુત્ર નથી તેથી તો અમારે સ્વાધીન નથી થતા અને અમે આપને ઠપકો પણ નથી આપી શકતા. આપ તો પ્રાણીમાત્રના સાક્ષી, અંતર્યામિ છો. તેથી અમારા હૃદયના તાપને પણ જાણો છો. વળી આપ અમારા પાલન માટે પધાર્યા છો, તો પછી અમને મરવામાંથી બચાવો તેમ કહેવાની જરૂર નથી. વળી બ્રહ્માએ આપને વિનંતી કરી ત્યારે આપ રક્ષા કરવા પધાર્યા છો, આપ જીવાત્માના સખા છો અને વૈષ્ણવકુળમાં પ્રાકટ્ય દેખાડયું છે. આપે જ્યારે અવતાર લીધો છે તો માત્ર સાક્ષી રહેવા નહિ, અન્યથા અવતાર વ્યર્થ જાય. અમે આત્મ નિવેદન કર્યું છે તો આપે પણ આપનું સ્વરૂપ બતાવવું જોઈએ તે કહેવાની જરૂર નથી છતાં પણ ઉચિત લાગે તેમ કરો, અમારી વિનંતીની જરૂર ન હોય.

૫ : અનન્યપૂર્વા ગુણાતીત - હે વૃષ્ણિકુળ શિરોમણિ... આપનું હસ્તકમળ, જે સંસારના ભયથી આપના શરણે આવનારને અભયદાન આપનાર છે, જે અભિલાષા પૂર્ણ કરે છે અને જેણે લક્ષ્મીજીનું પાણિગ્રહણ કર્યું છે. તે, હે કાન્ત ! અમારા મસ્તક પર પધરાવો.

વિશેષ : અમારું હૃદય ફૂટી-તૂટી રહ્યું છે. અમારા સર્વ અંગોને પોષણ મળે તે માટે આપનો શ્રીહસ્ત અમારા માથે પધરાવો. કમળ સરોવરમાં હોવાથી અને સ્વભાવથી શિતળ છે. આપનો શ્રીહસ્ત માત્ર તાપહર્તા નહિ પણ કામપૂર્તા પણ છે. કદાચ આપ પુરુષોત્તમ છો તેથી શા માટે અમ સ્ત્રીના માથે હાથ ધરો ? તેમ કહો તો કહીયે છીએ કે તો પછી લક્ષ્મીજીનું પાણિગ્રહણ તો કર્યું છે, પછી અમારા માથે હાથ ધરવામાં શો વાંધો છે ? કદાચ કહો કે તે તો વિવાહિતા છે અને તમો તો અવિવાહિતા, તો સાંભળો કે વિવાહમાં વિધિ પ્રયોજક છે, વિવાહની સરખામણીમાં શરણાગત પાલન તો ઈશ્વરનો માત્ર ધર્મ છે. એમાંય અમે તો સ્ત્રીઓ છીએ અને વળી સંસારભયથી દુઃખી છીયે અને આપ જ અમારા દુઃખને દષ્ટ અને અદષ્ટ ઉપાયોથી દૂર કરનારા છો.

૬ : અનન્યપૂર્વા સાત્વિક - હે વ્રજજનોની આર્તિનો નાશ કરનારા, હે સ્ત્રીઓના વીર ! હે અંગીકૃત જીવોના

ગર્વને મંદહાસ્યથી દૂર કરનારા ! હે સખા ! આપ આપની દાસીઓને (અમને) ભજો અને આપના મનોહર મુખકમળના દર્શન કરાવો.

<u>વિશેષ</u> : કદાચ તમને અમારી ધૃષ્ટતા લાગે છતાં પણ અમે તો આપની દાસી છીયે વળી તમારી (ગીતાજીમાં) પ્રતિજ્ઞા છે કે જે મને જે પ્રકારે ભજશે તેને હું તે પ્રકારે મળીશ. તો આપ પણ અમને ભજો. વળી આપ વ્રજજનોની આર્તિને હરનાર છો. આપ સ્ત્રીઓના વીર હોવાથી અમારામાં રહેલો કામ અમને પીડા આપે છે, તેનો જડમૂળથી નાશ કરો. આપ સિવાય તેમ કરવા કોઈ સમર્થ નથી, કેમ કે આપ વીર છો. પૂર્ણકામ હોય તે જ કામને મારી શકે. કદાચ આપ કહો કે અમે અભિમાનગ્રસ્ત છીયે માટે આપ ભજતા નથી તો કહેવાનું કે આપનું એક સ્મિત માત્ર અમારા માનને છોડાવનારું છે. તેથી આપે દૂર રહેવું યોગ્ય નથી. વળી જીવ સ્વરૂપથી દોષવાળો નથી પણ તેના ગુણોને લીધે દોષવાળો થાય છે. સ્વરૂપથી અમે દુષ્ટ હોઈએ તો આપ અમને નિજજન ગણો જ નહિ. માટે આપના મુખકમળના દર્શન કરાવો. પછી જૂઓ કે અમારામાં દોષ રહે છે વારૂ ?

૭ : અનન્યપૂર્વા રાજસી - પ્રણત - શરણાગત જીવના પાપને મટાડનાર, ગાયો વ. તૃણચરની પાછળ ફરનારા, લક્ષ્મીજીના નિવાસરૂપ, જે ચરણ કાલીયના મસ્તક પર ધર્યા હતા તે અમારા કૂચ પર ધરીને અમારા કામને દૂર કરો.

<u>વિશેષ</u> : અમારા સ્તન પર ચરણ ધારીને અમારા હૃદયમાં રહેલ કામને દૂર કરી દો. એક શ્લોકથી મસ્તક પર હાથ ધરવા કહ્યું. બીજા શ્લોકથી સ્પર્શાદિકની ઈચ્છા કરી અને હવે વિપરીત રસની પ્રાર્થના કરી છે.

જે ચરણ કાલીયની ફણા પર ધર્યા છે, તેના જેટલા તો અમારા સ્તન કઠણ નથી તેથી પ્રભુને શ્રમ નહિ થાય. જો કે સ્ત્રીના સ્તન પર ચરણ ધરવા અયોગ્ય કહેવાય છે. તો કહે છે કે હૃદય સ્થાન તો લક્ષ્મીજીના સ્થાનરૂપ છે ત્યાં લક્ષ્મીજી જ ભગવાનના સ્પર્શનો અનુભવ કરે છે. જો તમે કહો કે મૂઢનું હિત કેમ કરાય ? તો કહેવાનું કે આપનાં ચરણ તો મૂઢ ગાયોની પાછળ ફરે છે તો અમારા હૃદય પર ધરવામાં શો વાંધો ? જો તમે કહો કે અમે જિતેન્દ્રિય નથી માટે ચરણ નથી ધરતા તો કહેવાનું કે આપના ચરણ શરણાગતના પાપને

મટાડનાર છે. અમે દીન હોવાથી તો ધર્મ માર્ગનો ત્યાગ કર્યો, અમને દેહાભિમાન છે માટે અમને જ્ઞાનનો સંભવ નથી, શરણાગત હોવાથી અધોગતિ થવાની નથી તેથી અમારો ઉદ્ધાર તો ચરણસ્પર્શથી જ છે.

૮ : અનન્યપૂર્વા સાત્વિકી - હે કમલનયન, હે વીર, મનોહરવાકયોવાળી અને વિદ્વાનોને આનંદ આપનાર ! આપની મધુર વાણીથી આ આજ્ઞાંકિત અને મોહ પામતી અમ દાસીઓને અધરામૃતનું પાન કરાવીને જીવાડો.

વિશેષ : પ્રથમની ગોપીએ શ્રીહસ્ત મસ્તક પર ધરી ઉપકાર કરવા વિનંતી કરી, બીજીએ ચરણના સંબંધથી ઉપકાર કરવા વિનંતી કરી, ત્રીજીએ મુખથી (અધરામૃત) ઉપકાર કરવા કહ્યું. રસની એવી મર્યાદા છે કે ભાવ વાણીથી પ્રકટ ન થાય તો તે પૂર્ણરસમય થતું નથી. તેથી હવે કહે છે કે આપની મધુરવાણીથી મોહિત થતી ગોપીઓને પોષણ આપો. જો મોહ અત્યંત વધે તો મરણ થઈ જાય. તે કહેવા માંગે છે કે માયારૂપ મોહ તો આપના સચ્ચિદાનંદરૂપથી જ નિવૃત્ત થાય. આપણી વાણી આનંદરૂપ, સત્યરૂપા અને પ્રિય છે ઉપરાંત જ્ઞાનરૂપ છે તેથી તો વિદ્વાનોને પણ ખુશ કરનારી છે. આપ કમલનેત્ર છો એટલે કે જે મુખમાં વાણી છે તે જ મુખ પર નેત્ર છે. આપ અધરામૃતથી પણ અમારું પોષણ કરો. કેમ કે અસાધ્ય વ્યાધિમાં આવા પણ ઉપાય છે.

૯ : અનન્યપૂર્વા સાત્વિકી - આપનું કથારૂપી અમૃત સંસારથી તપેલાઓને જીવાડનાર છે.(૧) વિદ્વાન પુરુષો એની (કથા) પ્રસંશા કરે છે.(૨) તે પાપનાશક છે.(૩) શ્રવણ (કાનને) મંગલરૂપ છે.(૪), લક્ષ્મી આપનાર છે(૫), અપરિચ્છિન્ન છે.(૬) જે કોઈ ધર્મવિશિષ્ટા (છ ધર્મોયુકત) એવા આપની કથાને પૃથ્વી પર સંભળાવે છે તે તો બહુ ઉદાર-ચરિત્ કહેવાય છે.

વિશેષ : શંકા - (૧) તમે જે જે યાચના કરી તે તો માત્ર ભકતોને જ અપાય - તમે ભકત હોત તો મારા વિરહમાં પ્રાણ ત્યાગી દીધા હોત. (૨) વળી ભગવાન તો નિરપેક્ષ છે તેથી તેના માટે તમે જીવો કે મરો તેનું કાંઈ પ્રયોજન નથી. (૩) ભગવાનને તો લક્ષ્મી જેવી કોટી દાસીઓ છે. આ બધાં પરથી લાગે છે કે ''તમારે માટે પ્રાણ ધારણ કર્યા છે.'' તે અસંગત લાગે છે.

સમાધાન - અમારા પ્રાણને તો આપની કથાએ ટકાવી રાખ્યા છે, કેમ કે આપની જેમ આપની કથાનું સ્વરૂપ પણ ષડ્ ઐશ્વર્યયુકત છે. આપની કથા અમૃતરૂપ હોવાથી અમારા પ્રાણ ટકી રહ્યા છે. આ અમૃત તો ભગવદ્રસરૂપ છે. તેથી તો તે માત્ર જીવન જ નહિ પણ મોક્ષ અને પરમાનંદ આપનારી

છે. હવે છ ધર્મો કહે છે - કે તે તપ્તના જીવનરૂપ છે. તેથી અહીં વૈરાગ્ય કે જ્ઞાનગુણ થયો. જળ પણ તાપ તો મટાડે છે પણ આ તો રસાનુભવ કરાવનાર છે તેથી જ્ઞાનીઓ સ્તુતિ કરે છે, તેથી આ પદ જ્ઞાન કે વૈરાગ્ય બતાવનાર છે. કવીઓ પણ સ્ત્રીના વખાણ-યશ ગાય છે પણ આ કથામૃત તો પાપને દૂર કરનાર છે. આવી અલૌકિક સિદ્ધિ તો 'વીર્ય'થી જ થાય. પ્રાયશ્ચિત પણ પાપને દૂર કરનાર છે પણ કથામૃત તો શ્રવણ કરતાં જ મંગળ કરનાર છે. જ્યારે પ્રાયશ્ચિત તો અમંગળ-ઘોર રૂપ છે. (ગોમયઆદિનું લેપન ન હોવાથી) તેથી કથાથી યશ સિદ્ધ થયો. પુત્રાદિના જન્મ સાંભળતાં આનંદ થાય છે પણ તેના કરતાં આ કથા તો વિલક્ષણ છે કેમ કે લક્ષ્મીને પણ તે અપેક્ષિત છે, તેથી શ્રોતા-વકતાને લક્ષ્મી આપનાર છે. આ કથારૂપી અમૃત તો દેશ-કાલથી અપરિચ્છિન્ન છે. તેનાથી ઐશ્વર્ય બતાવ્યું. વળી કથા અને આપમાં ભેદ નથી પણ કથામાં વિશેષતા છે, તે એ કે આપ તો સ્વરૂપથી કોઈને મારો ખરા પણ કથા તો સર્વને જીવાડનારી છે. આપ સ્વતંત્ર અને કથા પરતંત્ર છે. બ્રહ્મા વ. પ્રાર્થના કરે ત્યારે આપ પધારો છો અને ચાલ્યા પણ જાઓ છો પણ કથા તો કયારેય તિરોભાવ નથી પામતી. તેથી તેવું કથામૃત ઘણું આપનાર છે. આપ ઘનરસ છો અને કથા દ્રવરસ છે તેથી તો માત્ર કથાથી સંતોષ નથી થતો. કથા વિરહ વેળા બચાવનારી છે. અમારું જીવન આપની કથાથી જ ટકયું છે.

૧૦ : અનન્યપૂર્વા તામસ - હે પ્રિય ! આપનું હસવું, પ્રેમપૂર્વક જોવું, વિહરણ કરવું આ બધી લીલાનું ધ્યાન મંગલરૂપ છે તથા હૃદયને સ્પર્શ કરતી તમારી સાથેની એકાંતમાં કરેલી વાતો અત્યારે યાદ કરીએ છીએ તો મન ખળભળી ઉઠે છે.

<u>વિશેષ</u> : કથા જીવન ટકાવનારની ખરી પણ ભગવાનના ધર્મો મનને ક્ષોભ ન કરે તો જીવન ટકે. ભગવાનમાં જેમ ઐશ્વર્યાદિ છ ધર્મો છે તેમ વ્યામોહક ધર્મો પણ છે. તેનાથી જો ભગવાન મોહ ન કરે તો કથાથી કામ બની જાય. ભગવાન તો માયા વડે કપટલીલા પણ કરી જાણે છે. તામસી ગોપી પોતાના દોષ ભગવાનમાં જૂવે છે તેથી તો કહે છે કે તમારું હસવું અમારા મનને ક્ષોભ કરાવે છે એટલે કે જ્યારે અમે દુઃખી હોઇએ છીયે ત્યારે પ્રિય અમારો ત્યાગ કરીને બીજી સાથે રહે છે અને પછી આવીને હાસ્ય કરે છે ! તેથી અમારા મનને ક્ષોભ થાય છે. આપ અમારી સામે જોવામાં પણ મનમાં કપટ રાખો છો. જો એમ ન હોય તો આપની કૃતિમાં વિસંવાદિતા ન આવે. તમે અમારા તરફ જોઇને આશા ઉત્પન્ન કરો છો પરંતુ આશા પૂર્ણ નથી કરતા. આપનું વેણુવાદન

રસરૂપ છે તેથી તો તેની અસર રૂપે આપ ત્રિભંગી થાવ છો તેવી મંગલરૂપતા સંયોગમાં હતી અત્યારે શું ? આવાં તો કેટલાંય કપટ છે. આ ૪ પ્રકાર રૂપને ઉદ્દેશીને કહ્યા. હવે બે પ્રકાર નામલીલામાં ક્ષોભક છે. આપે કરેલ એકાંતમાં વાતો હૃદયસ્પર્શી હતી પણ તેનું પરિણામ ખરા રૂપમાં નથી આવતું ત્યારે લાગે છે કે કપટ ભાવે કહ્યું હતું.

૧૧ : અનન્યપૂર્વા રાજસ - હે નાથ ! આપ વ્રજમાંથી પશુ લઈને વનમાં પધારો છો ત્યારે કમળ કરતાં પણ કોમળ આપનું ચરણકમળ કાંકરી તૃણ અને દર્ભ વ. ના અંકૂરોથી પિડીત થાય છે. તેથી અમારા મનને ખેદ થાય છે.

<u>વિશેષ</u> : અમારો સ્નેહ તો એવો છે કે આપ અમારા પાસે નહિ પણ અન્ય સ્થળે પધારો ત્યારે પણ જો આપને ખેદ થાય તો અમને દુઃખ થાય છે અને અમે દુઃખી હોઈએ તેનું આપને દુઃખ નથી થતું, આ ન્યાય ન કહેવાય, આપ વનમાં ગાયો ચારવા પધારો ત્યારે કાંકરી, ઘાસની અણી વ. આપના ખૂલ્લા ચરણારવિંદને ખૂંપે છે તેથી અમને દુઃખ થાય છે છતાં પણ આપ બીજા દિવસે પાછા ફરી વનમાં જાઓ છો. ખરેખર તો આપ અમને દુઃખ પહોંચાડવા જ જાઓ છો. આપ પૃથ્વી પર અનુગ્રહ કરવા ખૂલ્લા ચરણે ચાલો છો અને પશુપાલ હોવાથી ચામડાના પગરખા નથી પહેરતા વળી વનમાં જઈને ગાયો ચારનારા બીજા કયાં નથી ? તો પછી કેમ જાઓ છો ? તે નથી સમજાતું. વનમાંની ભૂમિ તો પર્વતરૂપ, અરણ્યરૂપ, કીચડવાળીજમીન રૂપ હોય છે. અમે અબળા આવી જગાએ કઈ રીતે આવી શકીયે ? અને કઈ રીતે આપના ચરણને હૃદય પર પધરાવી દુઃખનો ઉપાય (અમારો અને તમારો) કરી શકીયે ?

૧૨ : અન્યપૂર્વા તામસી - હે વીર સાંજના સમયે શ્યામ વાંકડીયાવાળથી છવાયેલું તથા ગાયોની ખળીથી ઉડેલ રજથી ઘેરાયેલું આપનાં મુખના દર્શન કરતાં અમારા મનમાં કામને પ્રકટ કરો છો.

<u>વિશેષ</u> : સાયંકાલ રજોગુણ અને કામનો કાળ છે. જેમ ભમરા કમળને વીંટળાઈ રહે તેમ ભગવાનના શ્યામવાળ મુખકમળ પર છવાયેલા છે. જેમ ભમરા કમલનો રસ પીવે છે તેમ આ વાળ ભગવાનનાં મુખકમળનું લાવણ્યામૃત પીવે છે. આ દર્શનથી ગોપીજનોના હૃદયમાં કામ ઉત્પન્ન કરો છો. આપનું રજાચ્છાદિત મુખ ફરી ફરી (થોડી થોડી વારે) બતાવો છો તે સ્મરજનક છે પણ જો નિરંતર બતાવો તો તેમ ન થાય. તે કામને દૂર કરવા માટે યુદ્ધ કરવું પડે, તે બાબતમાં આપ વીર છો. 'રજવાળું મુખ' કહેતાં શ્રમ થયો છે તેમ જણાવ્યું,

તો તેનું નિવારણ કરનારા અમે છીયે. 'વનરુહ' કહ્યું તેથી વનમાં જ આપ ઉપભોગ્ય-પ્રાપ્ત છો. મુખમાર્જન કરીને આવો તો તો તેવા સ્પષ્ટ મુખના દર્શનથી જ્ઞાન જ થાય. અમારામાં જે કામ ઉત્પન્ન થયો છે તે આપમાંથી આવેલ છે તેથી બીજાથી તે પૂર્ણ થાય તેમ નથી તેથી સંયોગસુખ આપો.

આ અન્યપૂર્વા ગોપી હોવાથી દિવસ દરમ્યાન ઘરમાંથી બહાર નીકળી શકતી નથી, તેમને વનમાં પધારેલા ઠાકોરજીના દર્શન થતા નથી તેથી દિવસ તેમને દુઃખરૂપ લાગે છે તેથી તે પ્રભુના વ્રજમાં પધારવાના કાળને 'સંધ્યા' ન કહેતાં દિનપરીક્ષયે - દિવસનો ક્ષય કહીને દિવસ પ્રતિનો પોતાનો દ્વેષ પ્રકટ કરે છે.

૧૩ : અન્યપૂર્વા - રાજસી ગોપી કહે છે - આપનું ચરણ પણ છે ગુણવાળું છે. અનન્યભાવે આપને શરણે આવનાર જીવની અભિલાષા પૂર્ણ કરનાર છે. બ્રહ્માજીથી પૂજાયેલ છે. (લક્ષ્મીજીથી અર્ચન કરેલ છે) પૃથ્વીને અલંકૃત કરનાર, આપત્કાલમાં ધ્યાન કરવા યોગ્ય, અત્યંત સુખરૂપ એવું આપનું ચરણકમળ હે રમણ ! અમારા સ્તન પર અર્પણ કરો કેમ કે મનની પીડાને હરનાર આપ વિના બીજું કોઈ નથી.

<u>વિશેષ</u> : આ જ પ્રકારની પ્રાર્થના અગાઉ કુમારિકાએ કરી છે. ત્યાં ચરણને દોષ-નિવર્તક કહ્યું હતું. અહીં ગુણધાયક કર્યું છે. માનસી ચિંતાને દૂર કરનારા આપનાં ચરણ અમારા સ્તન પર ધરીને અમારા તાપ દૂર કરો. હૃદયમાં ધારેલ ચરણ બહાર પણ ધરો. તે ચરણ પ્રાણીના કામને પૂર્ણ કરનાર હોવાથી તેનામાં ઐશ્વર્ય છે. તે ચરણને જે પ્રણામ કરે તે જ ભગવાનમાં રહેલ કામને ધારણ કરી શકે છે. બ્રહ્માજી અને લક્ષ્મીજીની પ્રાર્થનાથી તે ભૂતલ પર આવ્યું છે તેથી કીર્તિરૂપા છે. ધરણીના શ્રૃંગારરૂપ હોવાથી શ્રીરૂપ છે. આપત્તિમાં ધ્યાન કરવા યોગ્ય હોવાથી પણ શ્રી કે કીર્તિરૂપ ગણાય. 'શન્તમ્' એટલે કલ્યાણરૂપ હોવાથી જ્ઞાનરૂપતા છે. 'ચરણપંકજ' શબ્દથી વૈરાગ્યરૂપતા અને 'રમણ' શબ્દથી ઈષ્ટપ્રાપકતા કહી. 'આર્તિહન' શબ્દથી અનિષ્ટ નિવારકતા કહી. ઐશ્વર્યની કામનાથી તે ચરણોને બ્રહ્માજીએ પૂજ્યા છે. ધરણી (સ્ત્રી) જો અનલંકૃત હોય તો ભોગ ન થાય માટે તેને અલંકૃત કરી છે. આપત્તિમાં ધ્યાન કરવાથી મંગળ કરનારું થાય છે. માટે તે ચરણ ભગવાનથી પણ મોટું છે.

જો આ ચરણ સર્વ પર ઉપકાર કરે છે તો અમારા પર પણ કરો.

૧૪ : અન્યપૂર્વા સાત્વિકી ગોપી કહે છે - સુરતને વધારનાર, શોકનો નાશ કરનાર, સ્વરવાળા વેણુથી ચુંબીત એવું મનુષ્યમાત્રના અન્યરાગને ભૂલાવનાર, હે વીર ! આપના અધરામૃતનું દાન અમ અનધિકારી નિઃસાધન જીવોને કરો.

વિશેષ : આપનું અધરામૃત અમને આપો. આ અધરામૃત ચાર પુરુષાર્થવાળું છે. સુરતવર્ધન ત્યાં સાધનબળ છે. શોકનાશ ત્યાં ફળ બળ છે. વેણુચુમ્બિતમાં પ્રમાણબળ અને અન્યરાગનું વિસ્મરણ તે પ્રમેયબળ છે. વળી આપના અધરામૃતમાં ઐશ્વર્ય, જ્ઞાન, યશ અને શ્રી તેવા ચાર ગુણ છે. આપનું અધરામૃત સુરતને વધારનારું છે. (એપેટાઇટ જેવું છે.) એટલે કે હૃદયમાં કામને ઉદીપ્ત કરનારું છે. અધરામૃતની દોષનિવારકતા તે ઐશ્વર્યગુણ, શોકનાશકતા તે જ્ઞાનરૂપતા અને વેણુથી ચુમ્બીત તે યશગુણ છે, કેમકે નાદને જાણનાર તેનો યશ ગાય. ઠાકોરજી સિવાય બીજાથી મમતા ભૂલાય તે શ્રીધર્મ, શ્રીધર્મ ગર્વનાશક છે.

ગોપીઓ કહે છે આપ 'વીર' છો એટલે કે આપનું અધરામૃત સર્વ પુરુષાર્થયુકત છે. આપ અમે અનધિકારીને અધિકારી બનાવવા અધરામૃતનું દાન કરો. આપની આ વિરહાતુર અને શોકાતુર દાસીઓને અધરામૃતનું દાન કરશો તો અમારા પ્રાણ જતાં બચી જશે.

૧૫ : આપ જ્યારે દિવસે વનમાં પધારો છો ત્યારે આપનાં દર્શન નહિ થવાથી અમને એક એક ક્ષણ યુગ સમાન લાંબી લાગે છે. આપના કુટીલ કુંતલવાળું મુખ જોઇએ છે ત્યારે પાંપણો કરનાર બ્રહ્માજી અમને જડ લાગે છે.

વિશેષ : અન્યપૂર્વા રાજસી ગોપી કહે છે - આપ દિવસે વનમાં ફરો છો ત્યારે અમોને એક એક ક્ષણ યુગ સમાન લાગે છે. અને સાંજે આપના શ્યામવાળ વાળા મુખકમળનું દર્શન થાય છે ત્યારે પાંપણ કરનાર બ્રહ્મા અમને મૂર્ખ લાગે છે. દેવો અલૌકિક હોવાથી તેમને પાંપણ નથી. અમે તો અલૌકિક જોનાર છીએ તો તેમને શું પાંપણ અપાય ? ભગવાન વનમાં દિવસે ફરે છે. વનમાં કયો પુરૂષાર્થ સિદ્ધ થાય વારૂ ?

૧૬ : અન્યપૂર્વા તામસી ગોપી કહે છે - હે અચ્યુત, પતિ-પુત્રો, સગાં-સંબંધિ, ભાઈઓ અને કુટુંબીજનોને છોડીને અમે તમારી પાસે આવ્યા છીએ. તમે અમારા આગમનનું કારણ જાણો છો. આપના ઉચ્ચ સ્વરીય વેણુનાદથી મોહિત અમે સ્ત્રીઓ છીયે. હે કપટી ! રાત્રીના સમયે તમારા સિવાય બીજો કોણ અમારો ત્યાગ કરવાનો વિચાર કરે ?

<u>વિશેષ</u> : હે અચ્યુત, પતિ, પુત્ર, વંશ, ભાઈ જે બધાં માનનીય છે છતાં તેમની અવગણના કરીને અમે આપની પાસે આવ્યા છીયે. દરેકની ગતિ કરનાર આપ હોવાથી આપ અમારી ગતિને જાણો છો. અથવા અમે દેહના સંબંધિ અને આત્માના સંબંધમાં શું તફાવત છે તે જાણનારા છીએ, માટે અહીં આવ્યા છીએ. વળી તમે ઉચ્ચ સ્વરે ગાન કરી, અમોને મોહિત કરીને અહીં રાતના અરણ્યમાં લાવ્યા છો અને પછી અંતર્ધાન થઈ અમને છોડી જાઓ તો તે કપટ નથી તો શું છે ? કપટી તો કોઈ બહાણે અરણ્યમાં બોલાવી તેનું સર્વસ્વ હરિ લઈને અરણ્યમાં છોડી દે પણ તમારું કાપટ્ય તો તેવું નથી. કેમ કે જે કાર્ય માટે બોલાવ્યા તે કાર્ય પણ છોડયું અને અમને પણ છોડયા.

૧૭ : અન્યપૂર્વા સાત્વિકી સખી કહે છે - એકાન્તમાં આપના (૧) બોલેલા શબ્દોનું જ્ઞાન કામને ઉત્પન્ન કરનાર હોઈ મોહ કરનાર છે. (૨) આપનું પ્રહસન યુકત મુખારવિંદ પણ મોહક છે, (૩) પ્રેમપૂર્વક જોવું પણ મોહક છે. (૪) વળી આપનું વિશાળ વક્ષ સ્થળ લક્ષ્મીના નિવાસરૂપ છે, તેને જોતાં પણ અતી સ્પૃહાથી અમારું મન વારંવાર મોહિત થઈ જાય છે.

<u>વિશેષ</u> : ઉપર પ્રમાણે કહેવાથી ભગવાનના રૂપના પણ છ ધર્મ કહેવામાં આવ્યા છે. વક્ષસ્થળમાં પોતાની સ્થિતિ તે યશ અને શ્રી કહ્યાં. આ બધું યાદ આવતાં મોહ થાય છે. આપના હાસ્યથી કામ ઉત્પન્ન થાય છે. પ્રેમલક્ષણાથી તે કામ સ્થિર થાય ત્યારે સ્વયોગ્યતા થાય. ત્યારે ભોગચાતુર્ય થતાં બધું જ થશે. આમ પોતાનું વારંવાર મોહિત થવાનું કહી ગોપી પોતાને જ ધિક્કારે છે.

૧૮ : અનન્યપૂર્વા રાજસી - હે અંગ ! વ્રજ અને વનમાં રહેનારા મનુષ્યોને આપનું વ્યકત સ્વરૂપ સર્વ પાપોથી મુકત કરે છે. વળી આપનું સ્વરૂપ અખિલ વિશ્વનું મંગળ કરનાર છે. તેમજ સ્વજન-ગોપીજનોના હૃદયના રોગોને દૂર કરનાર છે તો આપની સ્પૃહાવાળા અમોને આપના સ્વરૂપનું થોડું દાન કરો.

<u>વિશેષ</u> : અહીં ભગવાનનું પતીત પાવનપણું પ્રકટ કરે છે. ભકતના હૃદયના રોગોનું ઔષધ અમને પણ આપો કેમ કે અમે વિરહરોગથી પીડાઈએ છીએ. આપનું દર્શન એ જ અમારા માટે દવા છે.

ગોપીગીતમાં કૃષ્ણપ્રતિની રતિ સ્થાયી ભાવ છે. વળી વિપ્રલંભશૃંગાર રસ છે. ભગવાનનું અંતર્ધાન થવું, વ્રજભૂમિ, યમુનાજી વ. ઉદ્દીપન વિભાવ છે. પ્રભુના દર્શન માટે પ્રભુને શોધવા અને તે માટે ફરવું તે અનુભાવ છે. વ્રજભૂમિને કૃતાર્થ કરી પણ અમને નથી કર્યા તેવી નિરાશા ગ્લાની વ. સંચારીભાવ છે.

આ સર્વ વિપ્રલંભ શૃંગારનું પોષણ કરે છે.

૧૯ : અનન્યપર્વા સાત્વિકી ગોપી કહે છે - હે પ્રિય, સારી રીતે વિકસેલ કમલ જેવું આપનું કોમલ ચરણ અમે અમારા કઠણ સ્તનો પર ડરતાં ડરતાં ધીરે ધીરે ધારણ કરીએ છીએ. આવા કોમળ ચરણ વડે જ્યારે આપ વનમાં ખૂલ્લા ચરણે ફરો છો ત્યારે ત્યાંની ઝીણી કાંકરીઓ અને તક્ષ્ણિ ઘાસનાં અંકૂર વડે આપને કેટલી બધી પીડા થતી હશે તેવું વિચારીને અમે કે જેઓ આપના માટે જ પ્રાણ ધારણ કરી રાખેલા છે તેમની બુદ્ધિ ભ્રમિત થઇ જાય છે.

વિશેષ : વિકસિત કમલમાં સુગંધ, સૌંદર્ય અને કોમળતા હોય છે. તેવું આપનું ચરણારવિંદ છે તેને અમે સ્નેહથી ધારણ કરીએ છીએ. આવા કોમળ ચરણો વનમાં કાંકરી વ. થી ખૂબ પીડા પામતા હશે તેવું વિચારી ગોપીઓનું મન વિક્ષીપ્ત થઇ જાય છે. જ્યારે અમે આપના માટે જ જીવીએ છીએ ત્યારે આપને થતું આ દુઃખ વિચારીને અમને મૂર્છા આવી રહી છે.

બહિ સંવેદનમાં ગાન, અંતઃ સંવેદનમાં લીલાવેશ એમ જેટલો તાપ જીવથી સહન થાય તેટલો ભગવદ્ વિયોગમાં ગોપીજનોને થયો તે વાત અહીં કહી છે.

## અધ્યાય-૩૨ (સુબો. ૨૯) તામસ ફલ પ્ર. અ. ૪

# ગોપીજનોના રૂદનથી ભગવાનનું પ્રાકટ્ય

વિશેષ : જ્યારે ગોપીજનો પાસે પ્રભુને પ્રાપ્ત કરવાનો કોઇ ઉપાય ન રહ્યો એટલે કે નિઃસાધન થયા ત્યારે રડવા લાગ્યા ત્યારે નિઃસાધન ભકતો પર કૃપા કરીને ભગવાન પ્રકટ થયા. ગોપીઓએ ભગવાનને પ્રશ્નો પૂછીને પોતાના મનના સંદેહ દૂર કર્યા. જેમાંથી એ ફલિત થયું કે ભગવાનને પ્રસન્ન કરવાનું સાધન દૈન્ય જ છે અને પ્રભુ પ્રસન્ન થાય તો ભકતના બધાં દુઃખોનો નાશ કરે છે. આ બધું ભગવાના ભજનની સિદ્ધિ અર્થે કહ્યું છે.

૧-૧૬ : આ પ્રકારે ગાતાં પ્રલાપ કરતાં ગોપીજનો મોટેથી રૂદન કરવા લાગ્યા ત્યારે કૃપાળુ પ્રભુ મંદ હાસ્ય કરતા, પિતાંબર અને વનમાળાયુકત કામદેવથી પણ અધિક સૌંદર્ય પ્રકટ કરતા, દશ્યમાન થયા. તેમના દર્શન થતાં જ ગોપીઓના અંગે અંગમાં પ્રાણનો સંચાર થયો. તે ભાવાવેશમાં કોઇ ગોપીએ ભગવાનનો શ્રીહસ્ત પકડી લીધો તો કોઇએ આપનો શ્રીહસ્ત પોતાના ખભા પર મૂકયો, કોઇએ ભગવાનની ઉચ્છિત પાનબીડી ગ્રહણ કરી, તો કોઇએ પ્રભુનું ચરણકમલ

વક્ષ પર ધર્યું, તો કોઈ ખોટી ખોટી રીસ કરી કટાક્ષ કરવા લાગી, તો કોઈ અનીમેષ નયને તાકી રહી છતાં અસંતુષ્ટ રહી, તો કોઈ મનોમન આલિંગન કરવા લાગી. આ પ્રકારે બધીઓ જ વિરહ તાપથી મુકત થયા પછી બધી જ ભગવાનને વિંટળાઈ વળી. ભગવાન તે બધાંને લઈને યમુના પુલીન પર પધાર્યા, ત્યારે બધાંએ પોતાના ઉપવસ્ત્ર (ઓઢણાં) પોતાના આત્માના બંધુને આસન માટે પાથર્યા. ભગવાન તે આસન પર સુખેથી બિરાજ્યા. આ પ્રકારે ગોપીજનોનું પૂજન સ્વીકાર્યું. તે પછી ગોપીજનોએ ભગવાનના ચરણ સ્પર્શ કરીને સ્તુતિ કરીને, થોડાક કોપ સહિત, હાસ્ય અને લીલાપૂર્વક ભ્રકુટી ચઢાવીને બોલવા લાગ્યા. બોલાવવાનું પ્રયોજન એ હતું કે તેમણે આ પહેલાં ભગવાનમાં દોષ કલ્પ્યા હતા તે પોતાના અંતઃકરણના દોષ હતા, તે દૂર કરવા જોઈએ. તેથી ભગવાન પોતાના મનમાં અમારા માટે દોષ વિચારે છે કે નહિ ? તે જાણવા પ્રશ્નો પૂછયા.

ગોપીજનોએ કહ્યું - ૧. કેટલાક ભજનારને ભજે છે. ૨. કેટલાક પોતાને નહિ ભજનારને પણ ભજે છે. ૩. કેટલાક ભજન કરે તેને અને ભજન ન કરે તેને પણ નથી ભજતા. તેનું કારણ શું ? આ ત્રણેમાં શ્રેષ્ઠ કોણ ?

<u>વિશેષ</u> : અહીં પ્રશ્ન એ પૂછયો છે કે ત્રણ જુદી જુદી પરિસ્થિતિમાં ભજનાર અને ન ભજનારને શું ફળ ? અહીં સાધનથી ફલથી અને સ્વરૂપથી ત્રણ પક્ષો વિષયક ખુલાસો અપેક્ષીત છે.

૧. કોઈ ભજે અને સામેથી તે પણ તેને ભજે તો તો તેના કાર્યનો નાશ કરે છે. તેને ધૂર્ત કહેવાય કે સારા કહેવાય ? કોઈ ફળની અપેક્ષાએ ભજે તો તેમ કરવું જોઈએ અને નિરપેક્ષતાથી કરે તો શું ?

૨. ન ભજનારને ભજે તો કયારેક દોષ પણ ઉત્પન્ન થઈ શકે છે જેમ કે નિષ્કામને કામિની ભજે તો તેમ થાય. જેમ કશ્યપ અને અદિતિનો પ્રસંગ પ્રસિદ્ધ છે, ત્યાં દોષોત્પતિ થઈ છે. (સ્કંધ-૩ અ.૧૪) તો કયાંક ઉપકાર પણ થાય છે. આગ્નિધ્ર અને પૂર્વચિતિનો પ્રસંગ (સ્કંધ-૫ અ.૨) કયારેક સ્નેહ સિદ્ધ થાય છે, જેમ કે ઉર્વશિનું ઉપાખ્યાન (સ્કંધ-૯ અ.૪) તો કયારેક ધર્મ સિદ્ધ થાય છે, સુદર્શન-ઓઘવતીનું દષ્ટાંત મહાભારત (ચિત્રોપાખ્યાન) તેથી નિશ્ચયથી આ બધામાં ફળ શું ? તે કહો.

૧૭ : ત્યારે ભગવાન કહે છે - જે પરસ્પર ભજન કરે છે તેમાં તો માત્ર સ્વાર્થ છે, પરોપકાર નથી કે સ્નેહ કે ધર્મ નથી.

વિશેષ : શંકા - ભજન કરનાર બન્ને બ્રાહ્મણ હોય તો ધર્મ કે સ્નેહ સિદ્ધ થાય.

સમાધાન - જો સામાવાળો ભજવાનું બંધ કરે તો તુરત ક્રોધ આવે તેથી સ્નેહ તો નથી જ. હવે ધર્મની બાબતમાં - ધર્મશાસ્ત્ર કહે છે - ''સહુએ સાથે મળીને ભોજન કરવું તે પિશાચ ભિક્ષા કહેવાય. તેનાથી ઐહિક - પારલૌકિક કોઈ ફળ મળતું નથી. તેથી ધર્મફળ પણ નથી. શિષ્ય પૈસા આપે અને ગુરુ ભણાવે તેમાં પણ પરસ્પર સ્વાર્થ છે. જો કે શિષ્ય એમ સમજે કે ગુરુએ જ્ઞાન આપ્યું તેનો બદલો હું વારી શકું તેમ નથી છતાં ઉપકારવશ કંઈક પૈસા આપે ત્યાં ઉપરનો પ્રકાર નથી... વળી બીજાની સેવાનું દાન કરવાથી જો પોતાની દુઃખનિવૃત્તિ થતી હોય તો પણ મિથોભજન (પરસ્પર) છે આવા તો નામમાત્રના ધર્મરૂપ છે.

૧૮ : ભગવાન - ન ભજનારને ભજવાવાળા દયાળુ પુરુષો અને મા-બાપ તેમ બે પ્રકારથી હોય છે. તેમાંથી પહેલામાં પૂર્ણ ધર્મ છે. અને બીજામાં સ્નેહ છે.

વિશેષ : ભજન ન કરનારનું ભજન કરવામાં લૌકિક અને વૈદિક નિમિત્ત છે. લૌકિકમાં સ્નેહ અને વૈદિકમાં વિધિ પ્રેરક છે. જો કે ન ભજનાર પણ સમય પર ઉપકાર ન કરે તો કૃતઘ્ન કહેવાય. અહીં જે ચર્ચા છે તેમાં ભજનીય તરીકે કર્મ કે દેવતા નથી વિચાર્યા : વળી ગાયને કાદવમાંથી કાઢવી તેમાં ગાય બદલો આપી શકતી નથી તેથી ગાયથી સમય આવે બદલો શકય નથી. અહીં એ વિષયની ચર્ચા નથી પરંતુ બદલો વાળી શકાતો હોય તે વિષયની ચર્ચા છે. તો જ્યાં પ્રત્યુપકાર ન કરવામાં આવે ત્યાં નિરપવાદ ધર્મ અથવા સૌહાર્દ ફલ સમજવું. દયાળુ પુરુષમાં દયા છે. અને મા-બાપમાં દૈહિક સંબંધ છે, એટલે જ્યાં પ્રત્યુપકારની સંભાવના નથી ત્યાં ધર્મ છે તેથી સંકલ્પ ભગવદ્ પ્રીત્યર્થે કરવામાં આવે છે.

૧૯ : કેટલાક ભજનારને પણ ભજતા નથી. (અહીં સ્વાર્થ, સ્નેહ કે ધર્મને કારણે પણ જે નથી ભજતો તેનું સ્વરૂપ કહે છે.) તો પછી તેવા ન ભજનારને તો કયાંથી ભજે ? આવા ચાર પ્રકારના છે. આત્મારામ, આપ્તરામ કૃતઘ્ન અને ગુરુદ્રોહીઓ.

વિશેષ : આમાં બે સારા છે અને બે સારા નથી.

આત્મારામ - આ તો દેહને જ પોતાનું નથી ગણતો તો પછી તેનું ભજન તો શું કરે ? તે દેહને સાધન તરીકે પણ નથી સ્વીકારતો.

આપ્તકામ - જેને સર્વકામના પૂર્ણ થઇ ગઇ છે. હવે કોઇ કામના બાકી નથી રહી. તેનું ભજન કરવું ન કરવા બરાબર છે, કેમ કે તેના પ્રતિ તેને લગાવ-અલગાવ કંઇ નથી.

કૃતધ્ન - અજ્ઞાની છે. સામેવાળાના ઉપકારને ઉપકાર સમજતો જ નથી.

ગુરુદ્રોહી - જ્ઞાન છે છતાં તે ગુરુને નથી ભજતો તે ગુરુની ઉપેક્ષા કરે છે.

ગોપીજનો એ જાણવા ચાહે છે કે ભગવાન આમાંથી કયા વર્ગમાં છે ? કેમ કે ભજન કરવાનું સામર્થ્ય હોવા છતાં તેમણે ભજન નથી કર્યું.

શંકા એ થાય કે ભગવાન તો ઈશ્વર છે તેથી ગોપીઓની જેમ સ્નેહથી ભજન કેમ કરી શકે ? તે કોઇ પક્ષમાં ન આવે, પણ તેમ નથી કેમ કે ભોગ્ય તેવા ગોપીજનો સમર્પણ પછી ઉપક્ષીણ (ખતમ) થઇ જાય પછી તેમને પ્રતિભજનની આવશ્યકતા નથી. ભગવાન ગોપીજનો સાથે રાસ રમ્યા છે તેથી આત્મારામ નથી અને પૂર્ણકામ પણ નથી. કદાચ રમણથી તૃપ્ત થઇ ગયા હોય તો પણ ત્યાગ તો ન કરવો જોઇએ. તે સર્વજ્ઞ હોવાથી કૃતધ્ન પણ નથી. વળી તે તો ઈશ્વર છે અને ફલદાતા છે. એમાં શંકા થાય કે એ ભૂલી ગયા હોય..તો તેના જવાબમાં હવે પછીનો શ્લોક કહે છે.

૨૦ : હે સખીઓ હું તો મને ભજે તેને પણ મારામાં નિરંતર મન રહે એટલા માટે એનું ભજન નથી કરતો. તમને હું ન મળ્યો, ત્યારબાદ તમારી સાથે હું રાસ રમ્યો. હવે પાછો જુદો થયો ત્યારે તમારું મન મારા સિવાય કંઇ યાદ ન્હોતું કરતું માટે હું તમારાથી અપ્રત્યક્ષ થયો.

<u>વિશેષ</u> : ભગવાન 'સખીઓ' સંબોધન કરીને કહેવા માગે છે કે હું ઈશ્વર નહિ પણ તમારો મિત્ર છું. ભગવાનમાં જીવધર્મો નથી છતાં હું રામ છું, આત્મારામ નથી. હું જીવ જેવો નથી માટે ભજનારને ભજતો નથી કેમ કે તેમ કરવાથી જીવનું મન મારામાં રહે. જીવ માટે ફળરૂપ ભગવાન છે. જો હું તમારા સુખનું સાધન થાઉં તો(હું ફળ ન રહું) તમે મારું ભજન ન કરો... ભગવાનનો ચાર પ્રકારે ઉપયોગ થાય. (૧) ભોકતા પક્ષે ભક્તિથી તથા (૨) ભકતે સમર્પેલ સ્વીકારીને ભોગ્ય પક્ષે ક્ષણિક ફળરૂપ થાઉ. (૩) સ્વાતંત્ર્યથી ભોગ્ય થાઉં તો તમારે ખૂબ ભજન કરવું પડે જે તમારાથી શકય નથી. (૪) ભોકતા સ્વતંત્રથી થાઉં તો હું વિષયરૂપે ભોકતા ન થાઉ અને ભોકતા તો ભજન ન કરે.

આ રીતે ભગવાને જીવવત્ ભજન કરવાનું નથી તે બતાવીને હવે કહે

છે કે હું તમારાથી એક ક્ષણ માટે પણ દૂર નથી ગયો તમને જો હું ન દેખાયો તો તે તમારો દૃષ્ટિ દોષ છે તેથી હવે પછીના શ્લોકથી કહે છે કે મારામાં દોષદૃષ્ટિ કરવી યોગ્ય નથી.

૨૧ : હે અબલાઓ ! જેણે મારે માટે લોક, વેદ અને સ્વ(આત્મા)નો ત્યાગ કર્યો છે તેવા તમોને મેં છોડયા નથી પણ તમારું પરોક્ષ ભજન મેં કર્યું છે. તમને હું ન દેખાયો તેથી મારામાં દોષારોપણ ન કરો કેમ કે તમે પ્રિયાઓ છો.

વિશેષ : ભગવાન કહે છે - તમે કહ્યું કે રાતે અરણ્યમાં સ્ત્રીઓને કોણ છોડે ? તો જવાબ છે કે અમારે તમે ભજો તે રીતે ન ભજવું, એટલા માટે કે એનું ચિત્ત મારામાં રહે અને અમે તમારું રક્ષણ કરીએ છીએ તે ભજન વગર તો ન બને ને ! પરોક્ષ રીતે ભજવા માટે અમે અંતર્ધાન થયા. જેમણે મારા માટે લોક-વેદ-આત્માને ત્યાગ્યા, કાંઇ વૃથા નથી ત્યાગ્યા નહિ તો અનિષ્ટ થાય. વળી મોક્ષાર્થ ત્યાગ્યા હોય તો પણ મારે કંઇ કરવાનું ન રહે. મળ્યા પછી ત્યાગ કર્યા હોત તો વાત જુદી થાત પણ મને મળવાની આશાએ બધું છોડયું છે તો તેવાનું પાલન કરવાનું મારું અનન્ય વ્રત છે. તમારું મન માયામાંથી નિવૃત્ત થઇ જાય માટે પરોક્ષ ભજન મેં કર્યું, છતાં તમે મને કૃતઘ્ન માનશો તો તમોને દોષ લાગશે.

૨૨ : તમે નિર્દોષ રીતે મારું ભજન કર્યું, એ તમારા ઉપકાર-ભજનનો બદલો હું બ્રહ્માજીના આયુષ્યથી પણ આપી શકું તેમ નથી. તમે ઘર રૂપી સાંકળને તોડીને મારું ભજન કર્યું છે. તમે તમારા બજાવેલા ધર્મથી જ પ્રસન્ન થાઓ. મારી પાસેથી બદલો મેળવવાની આશા ન કરો.

વિશેષ : હવે ભક્તિમાર્ગનો વિરોધ મટાડવા ભગવાન ભકતની સ્તુતિ-પ્રસંશા કરે છે. જીવનો સાચો ધર્મ ભગવદ્ ભજન છે જે તમે દોષબુદ્ધિ વગર, ઘરની બેડી તોડીને પણ કર્યું તેવાં કૃત્ય ઉત્તમ છે, તેમાં જ તમારી પ્રસન્નતા થવી જોઇએ. પ્રત્યુપકારની આશા ન રાખો, ભજન તો જીવધર્મ છે. મારામાં તેવું સામર્થ્ય નથી. હું ઇશ્વર છું એમ તમે જાણો.

## અધ્યાય-૩૩ (સુબો. ૩૦)

# ભગવાને ગોપીજનો સાથે કરેલી રાસલીલા

વિશેષ : ભગવાને ગોપીજનો પર પ્રસન્ન થઇને દેવોને પણ દુર્લભ તેવી કામલીલા ગોપીજનો સાથે કરી. આ ભગવત્ કામ ચેષ્ટા સર્વ ઉપકારીણી છે,

તે બતાવવા માટે શુકદેવજી કથાના અંતે કહે છે કે આ ભગવાનની કામલીલા સાંભળનારના હૃદયના રોગ રૂપ કામ નિવૃત્ત થાય છે. અહીં નૃત્ય દ્વારા સર્વાંગમાં રહેલ કામ પ્રકટ થાય છે. આ આધિદૈવિક કામસુખના ભોકતા તો ભગવાન સિવાય કોઈ નથી.

૧-૮ : ભગવાનની પ્રસન્નતા યુકત મધુરવાણી સાંભળીને ગોપીજનોનો વિરહ તાપ દૂર થયો અને તેમનાં પ્રત્યંગ પ્રફૂલ્લિત થઈ ગયા ત્યારે ભગવાને તેમની સાથે રાસક્રીડા કરવાની શરૂઆત કરી. જેમાં બે બે ગોપીઓની વચ્ચે યોગેશ્વર ભગવાને રહીને મંડલાકાર કર્યો. એકબીજાના સ્કંધ ઉપર ભૂજા રાખી. આ અદભૂત અલૌકિક રાસ જોવા દેવો આકાશમાં આવ્યા અને ગંધર્વો ગાન કરવા લાગ્યા. તથા ફરવાને લીધે ઘુઘરી અને કીંકણીના મોટેથી નાદ થવા લાગ્યો. ભગવાન મહામરકત મણિ જેવા શોભતા હતા. તેમની ચરણ-હાથ-કટી-ભ્રકુટી-વસ્ત્ર-કુંડલ કેશ વ. સર્વ ચલાયમાન થવા લાગ્યા.

<u>વિશેષ</u> : પ્રત્યેક અંગની ભિન્ન ભિન્ન છટાઓના ભેદ કહ્યા છે. પ્રસ્વેદ રૂપે અંદરનો રસ બહાર પ્રકટ થયો, તેમને આંતસંતોષ થતાં ગાવા લાગી.

૯ : ભગવાનનો પ્રેમ એ જ ગોપીજનોનું જીવન છે. તેમના ઊંચા સ્વરના ગાનથી જગત આજે પણ ગુંજી રહ્યું છે.

અગાઉ ગાઢ નૃત્ય કર્યું હતું અહીં મધ્યનૃત્યમાં નાચમાં ગાન ભર્યું. ગાન અને નૃત્યથી વ્યામોહ થાય. શ્રીકૃષ્ણના સંગથી એટલો બધો આનંદ થયો કે શ્રમ પણ ધ્યાનમાં ન રહ્યો.

૧૦ : કોઈક ગોપીએ ભગવાનના ઊંચા સૂર સાથે સૂર મિલાવ્યો તો કોઈએ ઊંચા સૂરને સ્થાયી સ્વરમાં મેળવ્યો. ત્યારે ભગવાને તેમના સ્વરની 'વાહ' કહીને પ્રસંશા કરી.

<u>વિશેષ</u> : અહીં ભગવાન સાથે જાતી ભેગી ન થાય તેમ ઊંચા સ્વરે ગાયું. ભગવાને મોક્ષ આપવા માટે ઊપનિષદમાં પોતાનો નાદ પૂર્યો છે. ઉપનિષદના બે કાર્ય છે. (૧) જીવને પ્રકૃતિ (દેહ)થી જૂદો પાડવો અને (૨) બ્રહ્મમાં પહોંચાડવો, માટે લોકમાં ઉપનિષદ્ ઉપયોગી છે. એક જ સ્વર પશુ-પક્ષી, મનુષ્ય ગાય પણ તેમાં સૂક્ષ્મ જાતિ ભેદ રહે, પણ ગોપીઓએ તે બરાબર ગાઈ બતાવ્યા તેથી પ્રભુએ 'વાહ' કહ્યું અને તે નાદને ધ્રુવનાદમાં મેળવ્યા ત્યારે ભગવાને તેનું બહુમાન કર્યું. આ શ્લોકમાં ભગવાનના ઐશ્વર્ય અને વીર્યગુણ કહેવામાં આવ્યા છે.

૧૧ : કોઇક ગોપી થાકી ગઇ તો જેમ લતા વૃક્ષ પર લટકી રહે તેમ ભગવાનના કંઠમાં ભૂજા ભેરવીને લટકી રહી ત્યારે વાળમાં બાંધેલ વેણી પણ ઢીલી થઇ ગઇ.

ભગવાનને ગદા ધારણ કરવાનો અભ્યાસ છે તેથી ભાર ગ્રહણ કરે તો પણ સ્થિર રહી શકે ભગવાને રાસમાં વિક્ષેપ પણ નથી પડવા દીધો.

૧૨ : ત્યારે બીજી સખીએ પોતાના ખભા પર રહેલા ભગવાનના સુગંધીત સુકોમળ બાહુને સુંઘીને ચુંબન કર્યું. ભગવાનનો બાહુ સુંઘતા તેની સુવાસ અંતઃકરણમાં પહોંચી તેથી આખા શરીરમાં આનંદ વ્યાપી ગયો તે આનંદ રોમકૂપ દ્વારા બહાર નિકળ્યો ત્યારે ચુંબન કર્યું. રૂપ અને સ્પર્શ તો અગાઉ પ્રાપ્ત હતા જ હવે ગંધ અને રસનો અનુભવ કરે છે. ચંદનલેપ વિવેક-ધૈર્યનો નાશક છે. અંતઃ પ્રવેશ ગોપીજનોની વિશેષતા હોવાથી 'શ્રી' રૂપા છે.

૧૩ : કોઇક ગોપીજને નૃત્યની ગતિથી હાલતાં કુંડલની છબિથી શોભતાં ગાલને ભગવાનના કપોલ સાથે જોડતાં ભગવાને તેને ચર્વિત તાંબૂલનું દાન કર્યું.

ચર્વિત તાંબુલનું દાન એટલે જ્ઞાન આપ્યું, તેથી આ ગોપી ભગવદ્ વિપ્રયોગમાં સૌને ઉપદેશ આપનાર થશે. નૃત્યમાં ક્રિયાશક્તિ છે અને કુંડલમાં જ્ઞાન શક્તિ છે. ક્રિયાનો વિક્ષેપ એટલે સાધના. તેની અનુભવ (કાન્તિ) વડે શોભતી ભક્તિ, એટલે કે ભગવત પ્રેમમાં બંધાયેલ ગોપી ભગવાનમાં રત થાય છે. ગાલ એ સાધ્યરૂપ ભક્તિ છે, ભગવાન તેમાં આસક્ત છે. સ્નેહરૂપ ભગવાનનો કપોલનો ભક્ત વારંવાર સંપર્ક કરે છે. ભગવાન પણ ભક્તનો કપોલ (ભક્તિ) જોઇને તેમનાં સ્નેહનો (ગાલનો) સ્પર્શ કરે છે.

૧૪ : કોઇ ગોપીજન નૃત્ય કરે છે અને ગાય છે ત્યારે તેના નુપૂર અને કટી મેખલાનું કૂંજન થાય છે. એમ જ્યારે તેઓ થાકી ગયા ત્યારે ભગવાનનું કરકમલ પોતાને સુખ થાય તે રીતે પોતાના વક્ષ પર પધરાવ્યું.

નૃત્ય-ગાન એટલે શબ્દનું જ્ઞાન અને તેનું અનુષ્ઠાન આ ગોપીજનમાં છે. જે નુપૂર અને કટીમેખલાનું કૂંજન છે તે ભાવને ઉદ્દીપન કરે છે તેથી ગોપીજનની ક્રિયાશક્તિ સફળ થઇ ગણાય. અને તે ભગવાનની ક્રિયાશક્તિ (શ્રી હસ્ત)ને પોતાના હૃદયમાં પધરાવે છે, તે હસ્તકમલ સમાન હોવાથી હૃદયનો તાપહારક છે અને કલ્યાણકારક પણ છે કેમ કે ભગવાન આનંદરૂપ છે. આ ગોપીજનમાં જ્ઞાનનો સહાયક વૈરાગ્ય છે.

૧૫ : આમ ભગવાનના ષડ્ગુણરૂપ છ ગોપીજનોનું વર્ણન કરીને હવે ભગવાનની સાધારણલીલાનું વર્ણન કરે છે.

અચ્યુત ભગવાન ગોપીજનોના કાન્ત છે. ભગવાને ગોપીજનોના કંઠને બે શ્રીહસ્તથી ગ્રહણ કર્યા છે તેવા ગોપીજનો ભગવાનની સાથે વિહાર કરવા લાગ્યા.

અચ્યુત-કાન્ત તો ભગવાન જ હોય કેમ કે તેમને અંદર-બહાર નિત્યાનંદ છે. તે સર્વ સ્ત્રીઓના કારણરૂપ લક્ષ્મીના વલ્લભ છે. તેમને પ્રાપ્ત કરીને ગોપીજનો વિહાર કરવા લાગ્યા. જો કે પરમાનંદમાં તો ક્રિયા નિવૃત્ત થાય પણ અહીં તો ભગવાને પોતાના બે શ્રી હસ્ત (ક્રિયાશકિત)થી ગોપીના કંઠને ગ્રહણ કરેલ છે. તેથી આ ક્રિયાશકિત તો ભગવદીય થઈ તે ભગવાને તેમનામાં સ્થાપન કરી છે.

૧૬ : હવે રાધા-દામોદરની (ભકતવત્સલતા)ની જેમ બન્ને નૃત્ય કરે છે. ગોપીઓના કાન પર કમળ ધર્યા છે. મુખારવિંદ પર અલકો ફરહરે છે. મુખ પર પસીનાના-બિંદુથી શોભા વધે છે. કેશપાશમાંથી વેણી છૂટી ગઈ છે., જેમના કંકણ અને નૂપૂરનો અવાજ વાજિન્ત્ર બન્યા છે. તેના તાલમાં ભમરાં ગાન કરે છે. તેવી રાસગોષ્ઠીમાં તેઓ ભગવાનની સાથે નૃત્ય કરી રહી છે.

આ રાસમાં પૂર્વરાસથી વિલક્ષણતા એ છે કે અહીં પ્રત્યેકને રસ ઉત્પન્ન થાય છે. પૂર્વમાં સમુદાયનૃત્ય હતું. અહીં વ્યકિતગત નૃત્ય છે. પૂર્વરાસ પછી એક જ ગોપીને રસાનુભવ કરાવ્યો અને બીજાંને વિપ્રયોગ રહ્યો પણ અહીં તો પ્રત્યેકને ફલ સિદ્ધિ છે. અહીં કોઈ પણ કારણ સર શોભા મારી જતી નથી. કાન પર ધારેલાં કમળ નૃત્ય કરવા છતાં પડી જતાં નથી. અહીં પરસેવો સ્વેદ નથી પણ રસાનુભવજન્ય છે. ભગવાન વડે જ તેમને સુખ છે, સાધનથી નથી કેમ કે તેમનામાં ચતુરાઈ નથી પણ જેમ ભગવાન નૃત્ય કરે છે તેમ જ તેઓ કરે છે.

૧૭ : ભગવાન તો રમાપતિ છે છતાં વ્રજસુંદરીઓની સાથે જેમ બાળક અરીસામાં પોતાના જ પ્રતિબિંબ સાથે રમે તેમ આલીંગન, કર સ્પર્શ, સ્નેહપૂર્વક જોવું અને નિર્મર્યાદ વિલાસ અને હાસ્ય કરીને રમણ કર્યું.

<u>વિશેષ</u> : અહીં <u>શંકા</u> છે કે રમણ અને રસોદ્ગમ તો સમાનમાં સમ્ભવે અને ભગવાનની બરાબર તો કોઈ નથી. પ્રાકૃત સાથે રમણ ન હોય અને કદાચ હોય તો પણ રસ ન ઉદ્ભવે.

હૃદયમાં બિરાજતા ભગવાન જ બહાર પ્રકટ થઈને ક્રિડા કરે છે. દોષ તો મનુષ્યને લાગે, તે મનુષ્ય નથી. ભગવાનની માયાથી મોહિત વ્રજવાસીઓએ તો પોતપોતાની સ્ત્રીઓ પોતાની પાસે જ છે એમ માનીને કૃષ્ણ પર દોષારોપ નથી કર્યો.

૩૯-૪૦ : અરૂણોદય થતાં ગોપીજનોની અનીચ્છા છતાં ભગવાનની આજ્ઞાથી સૌ ગોપીજનો પોત પોતાના ઘરે ગયા.

ભગવાનનું આ ક્રીડન-લીલા સાંભળનારના હૃદયના રોગ રૂપ કામ સદા માટે દૂર થાય છે અને તે ધીર બને છે.

## અધ્યાય-૩૪ (સુબો. ૩૧)

# ભગવાને કરેલ શંખચૂડ વધ

વિશેષ : આ પહેલાંના પાંચ અધ્યાયથી રૂપ પ્રપંચથી પાંચે પ્રકારના રસનું વાર્ણન કર્યું. હવે નામ લીલાના પ્રકારથી રસનું વાર્ણન કરે છે. તેનું તાત્પર્ય એ છે કે અન્યાશ્રય કરી બેઠેલ દુઃખી ભકતને ભગવાન જ છોડાવીને રક્ષા કરી શકે છે, બીજો નહિ.

આ અધ્યાયમાં સર્વભાવથી નિવૃત્ત થયેલા ગોપીજનોને પ્રમાણનો આનંદ સિદ્ધ કરવા માટે ભગવાને ગાન કરીને રમણ કર્યું. તેમાં વેદરૂપ બલભદ્રની સાથે રહીને પ્રવૃત્તિના દોષરૂપ શંખચૂડનો હરિભગવાને નાશ કર્યો.

૧-૧૭ : એકવાર શિવરાત્રીના ઉત્સવ ઉપર નંદરાયજી વ. ગાડાં જોડીને અંબિકાવનમાં ગયા. ત્યાં સરસ્વતીમાં સ્નાન કરીને અંબિકા પૂજન કર્યું. બ્રાહ્મણોને દાન કર્યા તથા વ્રત ધારણ કરીને આખી રાત ત્યાં રહ્યા. ત્યારે ઘણા દિવસથી ભૂખ્યો એક અજગર આવ્યો તે નંદરાયજીને ગળવા લાગ્યો. ત્યારે તેમણે આર્તપૂર્વક 'હે કૃષ્ણ મને બચાવો.' તેમ બૂમો પાડી. ગોવાળોએ તેમને અજગરથી છોડાવવા પ્રયત્ન કર્યા પણ અજગરે તેમને છોડયા નહિ ત્યારે ભકત વત્સલ ભગવાને અજગરને ચરણ સ્પર્શ કરાવ્યો ત્યારે તે અજગરના બધાં પાપ દૂર થતાં તે વિદ્યાધરના સ્વરૂપવાળો થયો ત્યારે ભગવાને તેને પૂછ્યું - કે તારો આવી હીન યોનીમાં જન્મ કેમ થયો ? ત્યારે વિદ્યાધરે કહ્યું - હું વિદ્યાધર નામે સુદર્શન છું. હું રૂપના ગર્વથી છકેલો હતો. વિમાનમાં ફરતાં મેં અંગીરાકૂળના કદરૂપા ઋષીઓ પ્રતિ કટાક્ષ વચન કહ્યાં તેથી તેમના શાપથી અજગર થયો. જો કે તે ઋષિઓએ તો મારા પર ઘણી કૃપા જ કરી હતી કેમ કે તેથી તો મને

આપના સાક્ષાત્ ચરણ સ્પર્શ થયા, મારા પાપ દૂર થયા. હવે મને રજા આપો. આપનું નામ માત્ર દોષોને દૂર કરવા સમર્થ છે તો ચરણ સ્પર્શનું તો શું કહેવું ?

૧૮-૧૯ : શુકદેવજી - પછી સુદર્શને ભગવાનની પ્રદક્ષિણા કરી પોતાના લોકમાં ગયો બધા ગોપોને પ્રભુના આ અદ્‌ભૂત માહાત્મ્યથી આશ્ચર્ય થયું. પછી બધાં ભગવદ્ ગુણગાન કરતાં કરતાં વ્રજમાં પાછા ગયા.

૨૦-૨૫ : ઉપરના પ્રસંગથી અન્ય ભજનની નિવૃત્તિ થયા પછી હવે શબ્દબ્રહ્મનો આનંદ ગોપીજનો દ્વારા સર્વમાં પૂરવા માટે ગોપીજનોની શબ્દબ્રહ્મરૂપ બળ દેવજીની સાથે પણ ક્રીડા થઈ.

એકવાર બન્ને ભાઈઓ રામ-શ્યામ સાથે રાત્રે વ્રજસ્ત્રીઓ સાથે વિહાર કરી રહ્યા હતા. બન્ને ભાઈ રાગાદિથી સુશોભિત હતા અને ગોપીઓ ભગવદ્ ગુણગાન ગાઈ રહ્યા હતા. વાતાવરણ આહ્‌લાદક હતું ત્યારે ભગવાને અને બલરામજીએ એક સાથે રાગ આલાપ્યો તે સમસ્ત જગતને આનંદમાં ભરી દેનાર હતો. જ્યારે ગોપીજનો ગીતને સાંભળીને મૂર્છિત થઈ ગયાં ત્યારે બન્ને ભાઈ ગોપીજનો સાથે ઉત્કટ ક્રીડા કરતા હતાં. તે વખતે કુબેરનો ચાકર શંખચૂડ ત્યાં આવ્યો.

<u>વિશેષ</u> : પ્રમાણબળવાળા માર્ગમાં દૈત્યો વિઘ્ન કરે છે. જેના માથામાં શંખ રહે છે તેવો કુબેરનો પુત્ર જે ધન અને સ્ત્રીઓમાં આસકત હતો તેનો કોઈ અપરાધ (નારદજીનો દોષ) થયો હતો તેથી તે દૈત્ય થયો હતો. શંખચૂડ પાખંડનું સ્વરૂપ છે. આ શંખચૂડ શ્રુતિ-ગોપીઓને લૌકિક બનાવવા આવ્યો હતો ત્યારે ભગવાને તેમની રક્ષા કરી.

૨૬-૩૧ : શંખચૂડ સ્ત્રીવર્ગને અચાનક આવીને જોત જોતામાં ઉત્તર દિશામાં લઈ ચાલ્યો. ગોપીઓએ રામ-કૃષ્ણને પૂકાર્યા, તેથી બન્ને ભાઈ શંખચૂડની પાછળ દોડયા. તેની પાસે લાકડાના હથિયાર સહિત પહોંચી ગયા તેથી ડરીને શંખચૂડ સ્ત્રીઓને પડતી મૂકીને ભાગ્યો. સ્ત્રીઓની રક્ષા કરવા રામ ત્યાં રહ્યા અને કૃષ્ણ તેના માથાનો મણિ લેવા દોડયા.

<u>વિશેષ</u> : ભગવાન ગોવિન્દ હોવાથી ગોપ-ગોપી વ. ની રક્ષા તો તેમણે કરવાની હતી. રક્ષા તો દોષ જાય તો જ દૂર થાય અને દોષના મૂળરૂપ શંખચૂડને મારવા ભગવાન દોડયા તેની પાસે મણિ હોય ત્યાં સુધી (દૂરથી) શસ્ત્ર ચાલે નહિં. સ્ત્રીઓને બીજા યક્ષો ઉઠાવી ન જાય માટે ત્યાં બલદેવજીને રાખ્યા. ભગવાને

શંખચૂડને માથામાં મુઠી મારીને તેને મારી નાખ્યો. જો કે ભાગી જનાર દુશ્મનનો પાછળથી વધ ન કરવો જોઈએ પણ જે વેદત્રયીનો દ્વેષી હોય તેને મારવો જ જોઈએ અને સ્ત્રીઓને હરનાર આતતાયીને પણ હણવો જોઈએ. ભગવાન જો મણિ રાખે તો બદલામાં (મુક્તિ) આપવી પડે માટે મણિ મર્યાદાના ફલરૂપ વેદરૂપ રામને આપ્યો. આ લીલામાં પ્રમાણબળની મુખ્યતા છે, પ્રમેયની વાત નથી.

૩૨ : આ રીતે ભગવાને શંખચૂડને મારીને તેનો મણિ બધાં ગોપીજનોના દેખતાં મોટાભાઈને પ્રીતિથી આપ્યો.

## અધ્યાય - ૩૫ (સુબો. ૩૨)

# ગોપીજનોએ ગાયેલું યુગલ-ગીત

વિશેષ : આ અધ્યાયમાં ભગવાન ગોપીજનોના હૃદયમાં આનંદ પૂરે છે માટે પૂર્ણાનંદ કહેવાય છે. ભગવાન શ્રવણ દ્વારા અંતઃકરણમાં પ્રવેશીને મુખ દ્વારા કીર્તનરૂપે બીજી ગોપીના કાનમાં આવે છે ત્યારે ભગવાન હૃદયમાં સારી રીતે સ્થિર થાય છે. (નિરોધ લક્ષણ) અહીં શ્લોકોનું જોડકું છે. તેમાં એક શબ્દ નાદ રૂપે અને બીજો અર્થ (ભગવાન) રૂપે, અહીં બારમાસની ભગવાનની લીલા ગાઈ છે તેથી ૨૪ શ્લોક + શરૂ અને અંતનો ફલાત્મક તેમ અધિક માસના ભાવથી ૨૬ શ્લોક છે. વિપ્રયોગમાં જીવન નિર્વાણ માટે ભગવદ્ ગુણગાન કર્યા છે.

૧ : શુકદેવજી કહે છે - શ્રીકૃષ્ણ જ્યારે વનમાં પધાર્યા ત્યારે ગોપીજનોનાં મન તો એમની પાછળ ચાલ્યા તેથી તેમણે શ્રીકૃષ્ણની લીલા ગાઈને દુઃખ વડે દિવસોનું નિર્ગમન કર્યું.

ભગવાન અને ભગવાનની લીલામાં ભેદ ન હોવાથી સદાનંદ ભગવાન વનમાં પધાર્યા ત્યારે ગોપીઓનાં ચિત્ત પીગળીને તેમની પાછળ વહેવા લાગ્યા. તેમણે ભગવાનની લીલાને પકડી લીધી કે જે ભગવાન સમાન છે. આ સમાનતા બતાવવા 'કૃષ્ણ' શબ્દ બે વાર આવ્યો છે.

અહીં પહેલા શ્લોકમાં આ લીલાના કારણભૂત વેણુનાદનું વર્ણન આપ્યું છે, તેવું જ બધા યુગલોમાં છે. આ વેણુનાદનો અનુભવ કરનાર દેવસ્ત્રીઓ, ગાયો, નદીઓ, વૃક્ષો, લતાઓ, પક્ષીઓ, મેઘો, બ્રહ્માજી, ગોપીજનો, હરીણીઓ, દેવગંધર્વો વ. છે. વેણુની અસર થઈ તે ઉત્તરના શ્લોકમાં કહી છે.

૨ : ફલ પ્રકરણમાં સ્ત્રીનું પ્રાધાન્ય છે. માટે અહીં વેણુનાદમાં પણ એ નાદનો અનુભવ સ્ત્રીને પ્રથમ થાય છે.

ડાબા બાહુ પર ડાબો ગાલ ધરીને નાચતી ભ્રમરવાળા મુખારવિંદમાં અધર પર વેણુ રાખીને કોમળ આંગળીઓ વડે વેણુના છિદ્રોને પૂરતા મુકુન્દ ભગવાન્ જ્યારે વેણુ વગાડે છે

૩ : ત્યારે સિદ્ધોની સાથે વિમાનમાં બેઠેલી તેમની સ્ત્રીઓ આ નાદને ધારણ કરીને લજ્જીત થઈને કામવશ થઈ જાય છે. ચિત્ત વિકાર યુકત થતાં કટીવસ્ત્ર ગાંઠ છૂટી જાય છે, તેનું પણ ભાન રહેતું નથી.

વિશેષ : આ વેણુનાદ પાંચ પ્રકારે થાય છે. (ફેલાય છે) આજુ - બાજુ - ઉપર - નીચે - સામે.

ડાબે - સ્ત્રી દેવ　　જમણે - સ્ત્રી પુરૂષ　　સામે - સર્વ ચેતન પ્રાણી

ઉપર - દેવો　　નીચે - પશુ

સ્ત્રીઓને કામનો ઉદ્‌બોધ કરવા ડાબી બાજુ વેણુને ધરે છે. સ્ત્રીપુરુષ બન્નેને કામોદ્‌બોધ કરવા જમણી બાજુ વેણુ ધરે છે. સમાનપણે રાખે તો સર્વ ચેતન પ્રાણીઓનો કામોદ્‌બોધ કરે છે. ઊંચે રાખે તો દેવોને અને નીચે રાખે તો પશુઓને ઉદ્‌બોધ થાય છે. આ શ્લોકમાં અહીં વામ બાજુ વેણુને ધારી છે. મનુષ્યકૃત નાદથી દેવસ્ત્રીઓમાં કામ કઈ રીતે ઉદ્‌બોધ થાય ? તેમ ન વિચારવું કેમ કે કૃષ્ણ મનુષ્ય નહિ ભગવાન છે. ભગવાનના ભ્રૂકુટીનો વિલાસ તે બ્રહ્માજીનું સ્થાન છે. તેને વેણુનાદ સાથે જોડે ત્યારે દેવોને પણ અસર થાય. દક્ષિણભ્રમર અહીં લેવી. અધર લોભાત્મક હોવાથી પરમાનંદ નહિ પણ કામને આપે છે તેથી વેણુનાદ સાંભળનારને વિરહ-કલેશ થાય છે. વેણુના છિદ્રોને જેમ વધુ દબાવે તેમ નાદ તીવ્ર નીકળતો જાય. પોચો દબાવે તો મંદ નીકળે. શરૂઆત મંદથી કરે છે. ભગવાન મોક્ષ આપતાં પહેલાં વેણુનાદથી જગતને શુદ્ધ કરે છે પણ જે મોક્ષાધિકારી નથી તેને તો કામ જ ઉત્પન્ન થાય છે. દેવસ્ત્રીઓ દૈવી છે. સ્ત્રી છે અને ભોગ્ય છે તેથી મુકિતને લાયક છે. તેમના પતિઓ સાથે છે, તેઓ સિદ્ધ છે એટલે કે ભગવાન સિવાય સર્વ કંઈ આપવા સમર્થ છે. વેણુનાદ સાંભળીને પ્રથમ તે વિસ્મય પામી પછી વિચાર કરતાં લજ્જીત થઈ અને વધુ અનુભવ કરતાં કામબાણને આત્મામાં આપીને બેસી રહી, તેથી વિકૃતિ આવતાં બહારનું ભાન ન રહ્યું તેથી ગોપીજનો કહે છે કે દેવીઓની આ દશા હોય, તો અમને મૂર્છા થાય તેમાં આશ્ચર્ય શું ?

૪ : હે અબલાઓ, આ એક આશ્ચર્યજનક નાદનું શ્રવણ કરો કે જે ભગવાનનું હાસ્ય હારના જેવું ખૂલ્લું-પહોળું છે. જેમના વક્ષસ્થળ પર વિજળી સ્થિર છે તેવા નંદકુમાર દુઃખીજનને આનંદ આપતા વેણુને વગાડે છે.

૫ : વેણુનાદનું શ્રવણ થતાં જ વ્રજના આખલાઓ, જંગલી પશુ અને ગાયોના યુથનાં ચિત્ત ચોરાઈ જવાથી તેમને તોડેલું ઘાસ મુખમાં જ રહ્યું અને કાન ઊંચા કરી નિદ્રામાં પડી ગયા હોય તેમ ચિત્રવત્ થઈ ગયા.

<u>વિશેષ</u> : અહીં સંભોગરૂપ કામની વાત નથી પણ ખાવાની કામના કહી છે. ગોપીઓ કહે છે પશુઓની ક્રિયાશક્તિ નિવૃત્ત થઈ ગઈ છે, પણ અમારી નથી થતી તે આશ્ચર્ય છે. દેવસ્ત્રી પુરુષોત્તમમાં કામભાવ કરે તે આશ્ચર્યથી પણ આ મોટું આશ્ચર્ય છે. 'અબલા' કહેવાથી કહે છે કે આપણું સામર્થ્ય નથી કે આપણે પ્રિય પાસે જઈ શકીયે. તેમનું હાસ્ય હાર જેવું અને વક્ષ પર વિજળી હોવા છતાં પાછા તે નંદરાયજીના કુમાર છે તે નંદસૂનુ હોવાને કારણે તે આર્તજનોને આનંદ આપનારા છે. બીજી રીતે સંધ્યાંશ બાદ કરતાં આ બીજા મુહુર્તનું ચરિત્ર છે. સોમોત્પત્તિ પ્રસંગમાં કહ્યું છે કે ભગવાનનું હાસ્ય હારના જેવું પ્રકાશવાન છે. હાસ્યનું સ્વરૂપ માયા છે. ભગવાન પ્રપંચમાં સ્થિર કરે છે. પુત્રાસક્તિ અને ધનાસક્તિથી સ્થિર કરે છે. આમ પ્રમાણબળને દૂર કરવા બે વાત કરી. હવે પ્રમેયબળ દૂર કરવા (૧) તે નંદરાયના પુત્ર છે, તેથી આર્તજનોને સ્વયં આવીને સુખ આપે છે, આ 'પ્રમેયમર્યાદા'ને દૂર કરનાર છે. (૨) મોટા તો આમ ન કરે છતાં જણાય છે તે આશ્ચર્યજનક છે. વ્રજના સાંઢ વ. તો ભગવાન પાસે જઈ શકતા નથી, છતાં નાદ વડે ભગવાન તેમનાં ચિત્તને હરે છે. તેમને દેવસ્ત્રીની જેમ મૂર્છા નથી આવી પણ ચિત્રવત્ થઈ ગયા છે તેથી આ તો દેવસ્ત્રી કરતાં અધિક પ્રભાવ જણાય છે તે આશ્ચર્ય છે.

૬ : હવે નદીઓની ગતિ કહે છે.

હે સખી, મોરપિચ્છના ગુચ્છ અને ગેરૂ વ. ધાતુઓ અને કોમળ પત્રો વડે મલ્લનો શૃંગાર કરતાં ભગવાન, બળદેવજી અને ગોપોની સાથે ગાયને સારી રીતે વેણુનાદ વડે બોલાવે છે.

૭ : ત્યારે ભગવાનના ચરણરજને વાયુ લાવે છે તેની સ્પૃહા કરતી, આપણી જેમ ઓછા પુણ્યવાળી, પ્રેમથી જેની તરંગરૂપી ભૂજા કમ્પે છે, જેનાં જળ સ્થિર થઈ ગયાં છે તેવી નદીઓ પોતાની ગતિને રોકીને થંભી જાય છે.

<u>વિશેષ</u> : ગાઉ નિત્યનો વેશ, ક્રીડા સમયનો વેશ કહ્યો હવે અહીં લીલાવેશ કહે છે. (નટવત્ બને છે તે લીલાવેશ) નદીનો પ્રવાહ તો કયારેય બંધ ન રહે, (મનુષ્યને તો નિદ્રામાં ક્રિયા થોભી જાય છે) તેનો પ્રવાહ પણ વેણુનાદે થંભાવી દીધો. ભગવાનનો મલ્લવેશ અસ્વાભાવિક છે. આ વેશ નૃત્યમાં ક્રિયાશક્તિમાં ઉપયોગી છે. તે ભગવાનની ક્રિયાશક્તિ નાદમાં પ્રવેશી અને તેણે નદીના પ્રવાહને અટકાવ્યો. નદીનો અધિપતિ સમુદ્ર છે, સમુદ્રના અધિપતિ ભગવાન છે, તેમની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન નથી કરી શકતું. અધિપતિ ભગવાન થાય માટે તેમની ચરણરજની સ્પૃહા કરે છે. વાયુના આધારે આવેલી ચરણરજની નદીને તો કામના રહી, જેથી કાલિન્દીજીની તપશ્ચર્યાથી પૂરી થશે. હાલ તો તેને રજ (આપણી જેમ મળી શકી નથી.) આ તેનો સાત્વિકભાવ છે, તેની ભૂજા કંપે છે. એટલે કે સંતપ્ત છે તેથી જલ થંભી ગયાં છે એમ રાજસભાવનાં ત્રાણ ભેદ કહ્યા.

૮ : ભગવાનના અનુચર ગોપો જેમની (ભગવાનની) કીર્તિનું ગાન કરે છે, જે આદિપુરુષની જેમ અચલ લક્ષ્મીવાળા છે તે ભગવાન વનમાં ફરતાં ફરતાં ગોવર્ધન પર્વતના શિખર ઉપર ઊંચી-નીચી જમીનમાં ચરતી ગાયોને વેણુનાદ કરીને જ્યારે બોલાવે છે.

૯ : ત્યારે વનની લતાઓ અને વૃક્ષો પોતાના સ્વરૂપમાં વિષ્ણુને સાબિત કરતી પુષ્પ અને ફળની સંપત્તિથી સમ્પત્તિવાળી બને છે, ફળના ભારથી એની ડાળો નમી જાય છે, પ્રેમ વડે રોમાંચિત થઈને મધુધારા શ્રવવા લાગે છે.

<u>વિશેષ</u> : લતા, પક્ષીઓ અને મેઘો એ ત્રાણ સાત્વિક છે એ વેણુનાદથી ભક્તિપૂર્ણ થયા. વૃંદાવનમાં રહેતા લતા-વૃક્ષો વ. વૈષ્ણવો છે. ભગવાનના પરાક્રમનું વર્ણન કરતા ગોપો સેવકો ભગવાનની પાછળ ચાલે છે. ભગવાન જગતના કર્તા, શાસ્ત્રાર્થરૂપ છે. એમ કહી વેદ વખાણે છે. તે આદિપુરુષ (સ્થિર) હોવા છતાં વૃંદાવનમાં ફરનારા છે. વન સાત્વિક છે. વિષમભૂમિમાં ચરતી ગાયોને ભગવાન વેણુનાદ કરીને સમતલ ભૂમિ પર બોલાવે છે. લૌકિક ગોવાળોને તો નામ દઈને બોલાવાય પણ ગાય અને ગોપો તો અલૌકિક છે તેથી વેણુનાદથી બોલાવે છે. વેણુનાદ તેમનામાં ભગવદ્ સ્વરૂપ રૂપે પ્રવેશીને પ્રેરણા કરે છે તેથી ગાયો દોડતી આવે છે. જો ભગવાન વૃક્ષ-લતામાં પ્રવેશ ન કરતા હોય તો વૃક્ષો વ.માં અકાલે ફળ-ફૂલ-મધુધારા ન વહે તેથી વેણુનાદનું એમને જ્ઞાન છે તેમ ફલિત થાય છે. વૃક્ષો વ. પોતાની સત્તાની વસ્તુ ભગવાનને

ભોગ માટે આપે છે. આ રીતે વૃક્ષોમાં જંગમતા અને આનંદ પ્રકટ થયો. વૃક્ષોમાં પુષ્પ-ફળ આવ્યા તે ક્રિયાશક્તિનું પરિણામ તે ભગવદર્થ હોવાથી ઘટતા (ઓછું થવું) નથી અને વૃક્ષો વ. માં જે રોમાંચ (મધુશ્રાવ) થયો તે ભક્તિનું લક્ષણ છે.

૧૦-૧૧ : દેખાવડા અને ઉત્તમ પક્ષીઓ તથા તુલસીની મકરંદથી મત્ત બનેલા ભમરાઓના ટોળાં પોતાને ગમતું ગાન કરે છે. તેનો આદર કરતાં ભગવાન જ્યારે વેણુનું કૂંજન કરે છે ત્યારે તળાવમાં રહેનારા સારસ-હંસ વ. પક્ષીઓનું વેણુનાદ સાંભળવાથી ચિત્ત એકાગ્ર થઇ જાય છે, ત્યારે તે મુનીઓની જેમ મૌન ધરી હરિનું સેવન કરે છે.

વિશેષ : પક્ષીઓ મુનીઓ હોવાથી સ્વભાવથી જ ભગવદ્ ભાવવાળા છે. છતાં ભગવાનના સ્વરૂપ અને નાદથી તેમને ભક્તિ થઇ છે. તેમ કહે છે કેમ કે લોકબુદ્ધિનો ભાવ ન રહે. પક્ષીઓ રૂપ પ્રધાન છે તેથી તે જાણે છે કે આ વેણુનાદ અમારો હિતકર છે અને સ્વકીય છે, તેથી અમારું બુરૂ નહિ જ કરે.

ભમરાના ગાનથી પ્રભુ ખિન્ન નથી થતા પણ આદર કરે છે. જળમાં રહેતા પક્ષી હંસ વ. ક્ષીર-નિર વિવેકવાળા છે. તેથી તેમનો પણ આદર કરે છે કે જેથી તેમનું અભિષ્ટ થાય. વનવાસી સ-રસ (સારસ) ઉત્કૃષ્ટગતિવાળા પુરુષો કરતાં પણ ભજનના વિશેષ અધિકારી છે કેમ કે ગાન સાંભળવા માત્રથી તેમનું ચિત્ત આકર્ષાય છે. તેમનું ભજન ભક્તિમાર્ગાનુસાર છે, એટલે કે તે ભગવાનની પાસે આવીને સેવા કરે છે નહિ કે જ્ઞાનમાર્ગીની જેમ અંતર્યામીને ભજે છે. ભગવાનના દર્શનની આશાએ તેઓ વૃંદાવનમાં વસ્યા છે. (મુનીઓની જેમ) તેઓ બહારનો વ્યાપાર છોડીને ભગવાનમાં ચિત્તવાળા છે, એટલે કે આંખો બંધ કરીને બોલવાનું છોડી દીધું છે. આ ગોપી સાત્વિકી હોવાથી પક્ષીઓના ભાગ્યની સરાહના કરે છે.

અથવા આ મુનીઓ રસિક ભકતો છે તે વિચારે છે કે મુનીરૂપે તો વૃંદાવનમાં પ્રવેશ નહિ બને તેથી જે પણ પ્રકારે ભગવાનની સેવા થઇ શકે તે માટે પક્ષીરૂપ થયા. તેઓ ભકત અને ભગવાનના ભાવનું ઉદ્દીપન કરવામાં સહાયરૂપ થાય છે.